RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 19-06-2026 I VOL : 12 I Issue : 94 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

સત્ય ક્યારેય છુપાતું નથી. સમય અને શબ્દો પાછા આવતાં નથી.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3




સુરતમાં કાપડના વેપારીઓ માટે બનશે સ્પેશિયલ પોલીસ સ્ટેશન, કરોડોની છેતરપિંડી પર વાગશે બ્રેક

4



ભારત અને બ્રિટન વ્યાપાર સમજૂતી : 99 ટકા ભારતીય ઉત્પાદનોને બ્રિટનમાં...

6



રોલ જોઈતો હોય તો ફેવર કરવી પડશે... પ્રોડ્યુસરની ઓફર સાંભળી જ્યારે ધ્રૂજી...

7



ટીમ ઈન્ડિયાએ 8મી વખત 400 રન કર્યા, પરંતુ સર્જાયો શરમજનક રેકોર્ડ

## એક નજર...

### કેટ શર્માની વેકેશન તસવીરોએ વધાર્યું સોશિયલ મીડિયાનું તાપમાન



બોલીવૂડ અભિનેત્રી કેટ શર્મા તેના બોલ્ડ અંદાજથી ચાહકોને દંગ કરે છે. અભિનેત્રી તેના બોલ્ડ અને હોટ વીડિયોથી સતત ચર્ચામાં રહેતી હોય છે. એક્ટ્રેસ કેટ શર્મા તેના બોલ્ડ અંદાજથી ચર્ચામાં રહે છે. અભિનેત્રી પોતાના ઈન્સ્ટાગ્રામ પર દરરોજ બોલ્ડ વીડિયો શેર કરતી રહે છે. ચાહકો પણ તેના હોટ ફિગરને જોઈ દંગ કરી જાય છે.

## NEWS TRACK

### યુક્રેનનો રશિયા પર 500થી વધુ ડ્રોનથી હુમલો, મોસ્કોની ઓઈલ રિફાઈનરી પણ ભડકે બળી

રશિયાએ તાજેતરમાં જ ભીષણ હુમલો કરતા યુક્રેનમાં 11 લોકોના મોત અને 53 લોકો ઈજાગ્રસ્ત થયા હતા, ત્યારે હવે યુક્રેને વળતો જડબાતોડ જવાબ આપીને રશિયાની રાજધાની મોસ્કો પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. આ હુમલા બાદ સુરક્ષાને ધ્યાને રાખીને મોસ્કોના તમામ ઍરપૉર્ટો પરથી ફ્લાઈટનું સંચાલન તાત્કાલિક અટકાવી દેવાયું છે. રશિયાની એવિએશન સંસ્થા રોસાવિયાત્સ્યે સત્તાવાર માહિતી આપી છે કે, મોસ્કોમાં ઍરપૉર્ટોની સુરક્ષાને ધ્યાને રાખીને થોડા સમય માટે રન-વે પરની તમામ ફ્લાઈટોનું ઉડ્ડન અટકાવી દેવાયું છે. રશિયન અધિકારીએ દાવો કર્યો છે કે, તેમની સેનાએ આકાશમાં જ યુક્રેનના 180 ડ્રોન તોડી પાડ્યા છે. હુમલા બાદ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, 'યુક્રેનીયન સેનાએ આ અઠવાડિયામાં બીજી વખત મૉસ્કોની સૌથી મોટા ક્રૂડ ઓઈલ પ્રોડક્શન પ્લાન્ટ પર હુમલો કર્યો છે.

### અમેરિકા-ઈરાન વચ્ચે ઐતિહાસિક શાંતિ કરાર બાદ શ્રેય લેવા કૂદી પડ્યું પાકિસ્તાન! શરીફનું મોટું નિવેદન

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર થઈ ગયા છે. હવે આ શાંતિ કરાર બાદ પાકિસ્તાન પણ મધ્યસ્થતાનો શ્રેય લેવા માટે કૂદી પડ્યું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના પ્રેસિડેન્ટ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે સમજૂતી પર ડિજિટલ હસ્તાક્ષર થયા બાદ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફનું પ્રથમ નિવેદન સામે આવ્યું છે. મધ્યસ્થ તરીકે મેં મંજૂરી આપી: શહબાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને લખ્યું કે, 'મને આ જાહેરાત કરતાં ગર્વ થઈ રહ્યો છે કે આજે અમેરિકા અને ઈરાન વચ્ચે ઐતિહાસિક MoU પર ડિજિટલ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર પર બંને દેશોના રાષ્ટ્રપ્રમુખોએ હસ્તાક્ષર કર્યા છે અને મધ્યસ્થ તરીકે મેં પણ મારી મંજૂરી આપી છે. બંને સરકારોના સર્વોચ્ચ સ્તરે આ કરાર થવો એ દર્શાવે છે કે બંને પક્ષો વિવાદને વાતચીત દ્વારા ઉકેલવા માટે કેટલા ગંભીર છે.' પાકિસ્તાનના વડાપ્રધાને આગળ કહ્યું કે, આ MoU તાત્કાલિક અસરથી લાગુ થઈ જશે.

### 60 દિવસ હોર્મુઝ ટોલ-ફ્રી

# અમેરિકા-ઈરાન વચ્ચે ઐતિહાસિક ડીલ થઈ

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા માટે વચગાળાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાત્રે ફ્રાન્સના પેલેસમાં આ સંબંધિત MoU પર હસ્તાક્ષર કર્યા. આ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન હાજર હતા. ટ્રમ્પ પછી ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને પણ ઈરાનથી ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર કર્યા. કરારની જાહેરાત ભારતીય સમય મુજબ ગુરુવારે સવારે 5:30 વાગ્યે કરવામાં આવી. તે તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો.

આ કરાર હેઠળ ઈરાન અને લેબનોનમાં સૈન્ય કાર્યવાહી સમાપ્ત કરવામાં આવશે. હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં આવશે અને અમેરિકાની નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવામાં આવશે. આ કરાર પર 19 જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં જીનીવા નજીક લ્યુસર્ન શહેરમાં હસ્તાક્ષર થવાના હતા, પરંતુ નિર્ધારિત કાર્યક્રમ કરતાં એક દિવસ વહેલા જ તેના પર હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા. લેબનાનની સરકારી ન્યૂઝ એજન્સી અનુસાર, ગુરુવારે દક્ષિણ લેબનાનમાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા. એજન્સીએ જણાવ્યું કે કફર તેબનિત કસબામાં એક કારને નિશાન બનાવીને કરવામાં આવેલા ઈઝરાયલી ડ્રોન હુમલામાં બે લોકોના જીવ ગયા. આ પહેલા એક વ્યક્તિના મોતની જાણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, જેબદિન કસબા પર થયેલા અન્ય એક ઈઝરાયલી હુમલામાં વધુ એક વ્યક્તિનું મોત થયું. લેબનાનની સરકારી એજન્સી અનુસાર, 2 માર્ચથી અત્યાર સુધી ઈઝરાયલી હુમલાઓમાં 3,900 થી વધુ લોકો માર્યા ગયા છે.

## 17 રાજ્યોમાં 12 કલાકમાં વાવાઝોડા સાથે વરસાદનું ઍલર્ટ

નવી દિલ્હી

ચોમાસાએ ફરી એકવાર ગતિ પકડી લીધી છે, અને ઝારખંડ, બિહાર સહિત ઘણા રાજ્યોમાં ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. આ દરમિયાન હવામાન વિભાગે 12 કલાકની અંદર દેશના 17 રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદનું ઍલર્ટ જાહેર કર્યું છે. આ સમયગાળા દરમિયાન 80 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગે આવતીકાલે એટલે કે 19 જૂને 17 રાજ્યોમાં ભારે વરસાદ સાથે વાવાઝોડાનું ઍલર્ટ જાહેર કર્યું છે. IMD(હવામાન વિભાગ)ના પૂર્વાનુમાન મુજબ, આ અઠવાડિયે ઉત્તર-પૂર્વ ભારત અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ તેમજ સિક્કિમના લોકોની મુશ્કેલીઓ વધવાની છે, કારણ કે અહીં ભારે વરસાદ થવાની સંભાવના છે. કેટલીક જગ્યાએ વીજળી પડવાની પણ આશંકા છે. બિહારમાં વાવાઝોડા અને વરસાદનું ઍલર્ટ (19-22 જૂન): પશ્ચિમ ચંપારણ, ગોપાલગંજ, સિવાન, સારણ, પૂર્વ ચંપારણ, બાંકા, કટિહાર, મુંગેર, જમુઈ, બેગુસરાય, નાલંદા, શેખપુરા, નવાદા, ગયા, પટણા સહિત ઘણાં જિલ્લાઓમાં હવામાન વિભાગે 19 જૂને ગાજવીજ સાથે વરસાદનું ઍલર્ટ આપ્યું છે. જ્યારે સમસ્તીપુરમાં ભારે વરસાદનું ઍલર્ટ છે.

## ઉદ્ધવ ઠાકરે જૂથમાં ભંગાણ: વ્હીપ છતાં 9માંથી માત્ર 3 જ સાંસદો બેઠકમાં હાજર

### 6 સાંસદને નોટિસ આપી; બળવાખોરોને Y+ સુરક્ષા મળી, સંજય રાઉતે સતત બીજા દિવસે ગાળો આપી

નવી દિલ્હી

મહારાષ્ટ્રના રાજકારણમાં ચાલી રહેલો હાઈવોલ્ટેજ ડ્રામા હવે નિર્ણાયક વળાંક પર પહોંચી ગયો છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના(UBT)માં મોટા ભંગાણની અટકળો વચ્ચે, ગુરુવારે દિલ્હીમાં સંસદ ભવન ખાતે પક્ષની સંસદીય બેઠક યોજાઈ હતી. પરંતુ પક્ષ દ્વારા કડક આદેશ અને 'વ્હીપ' જાહેર કરાયો હોવા છતાં, સવારે 11 વાગ્યાના નિયત સમયે 9માંથી માત્ર 3 લોકસભા સાંસદો જ બેઠકમાં હાજર રહ્યા હતા. ઉદ્ધવ ઠાકરેના પક્ષમાં ભંગાણ નક્કી; 9માંથી 3 જ સાંસદ હાજર બળવાખોર કેમ્પનો હિસ્સો હોવાનું મનાતું હોય તેવા 6 સાંસદોમાંથી એક પણ નેતા આ બેઠકમાં ફરક્યા નથી. આ ઘટનાથી ઉદ્ધવ જૂથને મોટો ઝટકો લાગ્યો છે અને પક્ષ વિભાજન સત્તાવાર બનવા તરફ આગળ વધી રહ્યું છે. બેઠકમાં કયા સાંસદો હાજર છે અને કોણ ગેરહાજર છે તેનું ચોક્કસ આકલન કરવા માટે પક્ષ દ્વારા એક સ્પેશિયલ એટેન્ડન્સ રજિસ્ટર (હાજરી પત્રક) તૈયાર કરવામાં આવ્યું હતું. બેઠકમાં હાજર રહેલા વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સંસદ ભવન પહોંચતા જ પત્રકારો સામે કડક વલણ અપનાવતાં કહ્યું કે, જે લોકો બેઠકમાં આવ્યા છે તે આપણા છે. જેઓ નથી આવ્યા તે ગદ્દાર અને અપ્રમાણિક છે. મુખ્ય પ્રવક્તા અરવિંદ સાવંતે આ બેઠક માટે વ્હીપ જાહેર કર્યો હતો અને સંકેત આપ્યા હતા કે ગેરહાજર રહેનારા સાંસદો સામે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ સભ્યપદ રદ કરાવવા માટેની કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

# ખેડા જિલ્લો કે ગુંડા-બુટલેગરોની રક્ષિત 'જાગીર'?

## ખાખીના વેપારમાં કાયદો લોહીલુહાણ: LCBના 'કેવલ રાજ'માં વહીવટદારો મુકેશ બારોટ અને જયેશ રબારીનો ખુલ્લો આતંક, ગાંધીનગર SMC ત્વરિત ત્રાટકે તેવી જનતાની આખરી ચીસ!

નડિયાદ | સ્પેશિયલ ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટ | પાક્કો ગુજરાત ન્યૂઝ

ખેડા જિલ્લામાં આજે કાયદો અને વ્યવસ્થા શબ્દ જ મરી પરવાર્યો છે. જેમના માથે જનતાના જાન-માલની સુરક્ષાની જવાબદારી છે, એ જ ખાખીધારીઓ આજે લફંગા, જુગારીયા અને નામચીન બુટલેગરોના પગ દબાવીને બેઠા છે. આ કોઈ વહીવટી શિથિલતા નથી, પરંતુ ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના વિવાદાસ્પદ PI કેવલ વેકરિયા અને તેમના કથિત વહીવટદારોની ટોળકી – મુકેશ બારોટ અને જયેશ રબારી – દ્વારા ચલાવવામાં આવતી ભ્રષ્ટાચારની ખુલ્લી મિલીભગતનો જીવતો જાગતો પુરાવો છે. હપ્તાની મલાઈ ખાવામાં મશગૂલ બનેલી સ્થાનિક પોલીસની નપુંસકતાના કારણે આખો જિલ્લો અસામાજિક તત્વો માટે 'સેફ હેવન' બની ચૂક્યો છે. અંદરખાનેથી મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના આકાઓનો સીધો આદેશ છે: "ગુના થાય તો ભલે થાય, જનતા મરે તો ભલે મરે, પણ વહીવટદારોનો ડેઈલી હપ્તાનો ટાર્ગેટ ચૂકાવો ન જોઈએ!"

### મુકેશ બારોટ અને જયેશ રબારીની 'સમાંતર સરકાર': પોલીસના નામે પઠાણી લૂંટ

ખેડા જિલ્લામાં સરકારી વહીવટ નહીં, પણ મુકેશ બારોટ અને જયેશ રબારી નામના બે વહીવટદારોનું ગુંડારાજ ચાલી રહ્યું છે. PI કેવલ વેકરિયાની એસી ચેમ્બરને ઠંડી રાખવા અને તેમના આપેલા 'કલેક્શન ટાર્ગેટ'ને પહોંચી વળવા માટે આ બંને વહીવટદારોએ સમગ્ર જિલ્લામાં ગુનેગારોને પાપના લાયસન્સ વહેંચી દીધા છે. જે બુટલેગર કે જુગારી સમયસર ખોખાં પહોંચાડે, તેને પોલીસ પ્રોટેક્શનની ગેરંટી આપવામાં આવે છે. આ ખેડા પોલીસ નથી, આ તો 'કેવલ એન્ડ કંપની'નું પ્રાઈવેટ લિમિટેડ વસૂલી સેન્ટર છે, જે ખેડાના યુવાધનને બરબાદીના ખપ્પરમાં હોમીને પોતાના ખિસ્સા ભરી રહ્યું છે.

### બુલેટ ટ્રેનની સ્પીડે ધમધમતા પાપના અડ્ડાઓ: ગ્રાઉન્ડ ઝીરો રિપોર્ટ

ટુંડેલ અને દાવડા (બુલેટ ટ્રેન પ્રોજેક્ટ): વસો પોલીસની હદમાં પ્રવીણ નામનો રીઢો ગુનેગાર – જે અગાઉ પોલીસ પર જ હુમલો કરી ચૂક્યો છે – તે પશ્ચિમના એક વગદાર નેતાના આશીર્વાદથી ખુલ્લેઆમ જુગારધામ ચલાવે છે. આ અડ્ડો તેણે રોમી નામના શખ્સને દૈનિક મસમોટા ભાડે આપી દીધો છે. વસો PI એસ.એફ. ચાવડા અને વહીવટદાર મિતેષ રબારીની સીધી ભાગીદારી વિના આ ખેલ અશક્ય છે. બાજુમાં જ દાવડા ટ્રેક પર વસીમ નામનો જુગારી વહીવટદારોના લોકેશન ગાઈડન્સ મુજબ રોજ જગ્યા બદલીને લાખોનો જુગાર રમાડે છે.

પીજ ચોકડીનો આતંક: લિસ્ટેડ બુટલેગર રણજીત અહીં જાહેરમાં દારૂની નદીઓ વહાવે છે. તાજેતરમાં જ કાઉન્સિલરના પુત્ર સાથે થયેલી માથાકૂટમાં રણજીતનો રૂઆબ સાબિત કરે છે કે તેને કાયદાનો કોઈ ખોફ નથી, કારણ કે તેને ખબર છે કે ખાખી તેની મુઠ્ઠીમાં છે.

વડોદરાનો તડીપાર નડિયાદમાં 'શેઠ': વડોદરા પોલીસે જેને લાત મારીને તડીપાર કર્યો, એ અરુણ ઉર્ફે મેલિયો આજે નડિયાદ ટાઉનની હદમાં કનિપુરા સિંધી ચાલી અને કબ્રસ્તાન ચોકડી પાસે ટાઉનના વહીવટદાર સુભાષના પીઠબળથી બેખૌફ બની જુગારધામ ચલાવે છે.

કેરિયાવી-આનંદપુરા કેનાલ: નડિયાદ રૂરલની હદમાં લોટીયો નામનો બુટલેગર ખુલ્લેઆમ મહેફિલો સજાવે છે, જ્યાં વહીવટદાર મુકેશ ચૌધરીની સત્તા ચાલતી હોવાની બૂમો ઉઠી છે.

સલુણ ચોપટી અને પશ્ચિમ પોલીસ મથકની લાચારી: અહીં જીતુ તળપદા રોજ લાખોનો વિદેશી દારૂ ઉતારે છે, પણ LCB PI કેવલ વેકરીયા અને વહીવટદારો મુકેશ બારોટ તેમજ જયેશ રબારી માત્ર ભરણ ગણવામાં વ્યસ્ત છે. પશ્ચિમ પોલીસ સ્ટેશનથી માત્ર ૨૦૦ મીટરના અંતરે કલા મંદિર પાસે ખુલ્લેઆમ દારૂ વેચાય છે, જે ખાખીના ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા છે.

### રાજકીય આકાઓ અને ખાખીનો અપવિત્ર સંગમ: 'ઉડતા ખેડા' તરફ પ્રયાણ

નડિયાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના બે 'દાદા' નેતાઓના વરદહસ્ત વગર આ પાપનું સામ્રાજ્ય ચાલી શકે જ નહીં. ધારાસભ્ય પંકજ દેસાઈ અને તેમના ભાઈ હેમલ ઉર્ફે ભયલુ સામે ગંભીર આક્ષેપો છે કે, તેઓએ તડીપાર ગુંડા મેલિયાને રાજકીય આશ્રય અને પદ આપીને 'કાયદેસરનો ગુંડો' બનાવી દીધો છે. આ ગુંડા ગેંગનો ઉપયોગ રાજકીય વિરોધીઓ અને કડવું સત્ય લખતા પત્રકારોના અવાજને દબાવવા તથા તેમના પર જીવલેણ હુમલા કરવા માટે થઈ રહ્યો છે. સત્તા અને ખાખીના આ ઘાતક સંગમે ખેડા જિલ્લાને પંજાબની જેમ 'ઉડતા ખેડા' બનવાના આરે લાવીને મૂકી દીધો છે.

### તરબૂચની આડમાં પકડાયેલો દારૂ: વાહ-વાહી મેળવવાનો સસ્તો દેખાડો?

તાજેતરમાં એક્સપ્રેસ હાઈવે પર તરબૂચની આડમાં વિદેશી દારૂ પકડીને LCB એ પોતાની પીઠ થાબડવાનો પ્રયાસ કર્યો છે. પણ જનતા પૂછી રહી છે કે, સાહેબ, હાઈવે પરથી પસાર થતી ગાડીઓ પકડવી એ તો સામાન્ય રૂટિન છે. જિલ્લાની અંદર જે અડ્ડાઓ પર તમારા મળતિયા વહીવટદારોનું માસિક ભરણ ચાલે છે, ત્યાં દરોડા પાડતા કેમ પરસેવો છૂટે છે? સામાન્ય માણસની સાયકલ ચોરાય તો લાકડી વીંઝતી પોલીસ આ રણજીત, મેલિયો અને પ્રવીણ જેવા સફેદપોશ ગુનેગારો સામે નપુંસક કેમ બની જાય છે? શું આ બધું મોટા માથાઓને બચાવવાનો ફિક્સિંગ ખેલ છે?





### પાક્કો ગુજરાતના સણસણતા સવાલો

1. PI કેવલ વેકરિયા: તમારો અસલી ધર્મ જનતાની સુરક્ષા છે કે પછી વહીવટદારો મુકેશ અને જયેશ દ્વારા થતી કરોડોની વસૂલાત?
2. મુકેશ બારોટ અને જયેશ રબારી: કયા કાયદાના જોરે તમે આખા જિલ્લાના બુટલેગરો પાસેથી પોલીસના નામે હપ્તા ઉઘરાવો છો? શું તમને કાયદાનો કોઈ ડર નથી?
3. SP વિજય પટેલ: આપની સાવ લાચાર અને નબળી નીતિને કારણે ચકલાસી, વડતાલ, માતર અને મહેમદાવાદમાં ખાખીધારી વહીવટદારો પોતે દારૂના ધંધામાં ભાગીદાર બન્યા છે, તેની સામે આપ ક્યારે આખ આખ આડા કાન કરવાનું બંધ કરશો?
4. ગૃહ રાજ્યમંત્રી: શું આપના પારદર્શક શાસનમાં 'કેવલ રાજ' અને તેના બે વહીવટદારોની આ ગુંડાશાહીને ખુલ્લી છૂટ છે?
5. જનતાનો આખરી પોકાર: ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) હવે એકમાત્ર આશા
6. જિલ્લાની જનતા હવે આ પોલીસ-બુટલેગર-નેતાની ત્રિપુટીના ત્રાસથી અને આતંકથી ત્રાહિમામ પોકારી ગઈ છે. આ સમગ્ર માફિયા સિંડિકેટ અને ભ્રષ્ટ નેટવર્ક સામે ગાંધીનગર SMC ને ટેલિફોનિક ફરિયાદોના થોકેથોકા મોકલવામાં આવ્યા છે.
7. હવે જોવાનું એ રહે છે કે, શું ગાંધીનગર SMC આ પાપના સામ્રાજ્ય પર સીધી સર્જિકલ સ્ટ્રાઈક કરીને આ નેક્સસને જડમૂળથી ઉખાડી ફેંકશે? કે પછી દર વખતની જેમ આ ફરિયાદ પણ એ જ ભ્રષ્ટ LCB ને મોકલી આપીને, 'નિલ પંચનામું' કરી સમગ્ર પાપ પર પડદો પાડી દેવાશે? ખેડાની જનતા હવે આ ગુંડાશાહીથી મુક્તિ ઝંખે છે. જ્યાં સુધી આ ભ્રષ્ટ ટોળકી જેલના સળિયા પાછળ નહીં ધકેલાય, ત્યાં સુધી પાક્કો ગુજરાત આ કાળા કારોબારનો પર્દાફાશ કરવાનું છોડશે નહીં!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## ડભોઇના સેગુવાડામાં બિલ્ડરો બેફામ: આખેઆખી નર્મદા કેનાલ જ ગાયબ કરી દીધી!

# ખેડૂતોના હક ઉપર બુલડોઝર ફેરવતી 'બૈતુન નૂર સીટી'ના બિલ્ડરોની કાળી મંથરાવટી; સરકારી મિલકતનો સોથ વાળી દીધો

ડભોઇ/વડોદરા

કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ ડભોઈ તાલુકાના કુંઢેલા પાસે આવેલા સેગુવાડા ગામે બિલ્ડરોએ તમામ હદો વટાવી દીધી છે. સેગુવાડા મુકામે આકાર લઈ રહેલી 'બૈતુન નૂર સીટી'ના બિલ્ડરોએ પોતાના આર્થિક ફાયદા માટે આખેઆખી નર્મદાની સરકારી કેનાલ જ ગાયબ કરી નાખી હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. અંદાજે 500 થી 600 પ્લોટોનું આયોજન ધરાવતી આ સોસાયટીના બરાબર મધ્યમાંથી સેગુવાડા માઈનોર કેનાલ પસાર થતી હતી. પરંતુ પ્લોટિંગની કિંમત વધારવા અને જગ્યાને સમથળ કરવા માટે આ બેફામ બિલ્ડરોએ વચ્ચેથી કેનાલ તોડી પાડી જમીનદોસ્ત કરી દીધી છે.





સ્થાનિક ખેડૂતોએ બિલ્ડરોની આ ક્રૂર માનસિકતાનો પર્દાફાશ કરતા જણાવ્યું હતું કે, બિલ્ડરો એવી જોહુકમી ચલાવી રહ્યા છે કે 'ખેડૂતોને પાણી ન મળે તો કંઈ નહીં, પણ અમને અમારી જગ્યા સમથળ જોઈએ જ!' આ ગંભીર કૌભાંડની જાણ થતાં જ વડોદરા જિલ્લા પંચાયતના સદસ્ય ભાવેશભાઈ પટેલ તાત્કાલિક એક્શનમાં આવ્યા છે અને તેમણે સત્તાધીશોનું ધ્યાન દોર્યું છે. ભાવેશભાઈ પટેલે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, બિલ્ડરો એટલા બેફામ અને લુખ્ખા સાબિત થયા છે કે તેમણે નર્મદા નિગમની કેનાલના મોટા વાલ્વ સહિતની મોંઘી સરકારી સામગ્રી પણ ઉખાડીને ફેંકી દીધી છે અને સરકારી સંપત્તિને મોટું નુકસાન પહોંચાડ્યું છે. ચોમાસાના ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ખેડૂતોના માથે સિંચાઈના પાણીનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. ચાર-ચાર નોટિસો આપવા છતાં બિલ્ડરે હજુ સુધી કેનાલનું પાકું કામ શરૂ કર્યું નથી, માત્ર માટી નાખીને ગતકડાં કરી રહ્યા છે. આ બાબતે નર્મદા નિગમના અધિકારીઓનો સંપર્ક કરતા તેમણે સ્વીકાર્યું હતું કે બિલ્ડરો દ્વારા પાઈપોના ભૂંગળા નાખી આખી કેનાલ તોડી નાખવામાં આવી છે. આ અંગે તંત્ર દ્વારા બિલ્ડરોને 4 જેટલી નોટિસો ફટકારવામાં આવી છે અને પોલીસ સ્ટેશનમાં સત્તાવાર અરજી પણ આપવામાં આવી છે. જોકે, કાયદાના રક્ષકો સામે આ બિલ્ડરો હજુ પણ નમવા તૈયાર નથી, જેને કારણે સ્થાનિક તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે.

વિદેશી કાળા નાણાં અને સરકારી બાબુઓની મિલીભગતનો આક્ષેપ: વિસ્તારમાં હડકંપ

કુંઢેલા અને આસપાસના વિસ્તારમાં હાલ મોટા પાયે ગેરકાયદે બાંધકામોની હાટડીઓ ખુલી ગઈ છે. થોડા સમય પહેલાં જ આ વિસ્તારના ધારાસભ્ય દ્વારા અહીં વિદેશી કાળા નાણાં (ફોરેન ફંડિંગ)ના જોરે સાઈટો ઊભી કરાતી હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ કરાયો હતો. સ્થાનિકોના મતે, બહારથી આવેલા આ માફિયા જેવા બિલ્ડરો રસ્તા રેસા લાઈન, ગૌચરની જમીનોમાં દબાણ અને GDCRના નિયમોના ધજાગરા ઉડાવી રહ્યા છે. આ કાળા કારોબારમાં સ્થાનિક તલાટી, વડોદરા નગર નિયોજન (ટાઉન પ્લાનિંગ) અને ડી.આઈ.એલ.આર. (DILR) કચેરીના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની મેળાપીપણું હોવાના આક્ષેપો ઉઠતા વડોદરાના સરકારી વર્તુળોમાં હડકંપ મચી ગયો છે.

## ભાવનગર મેડિકલ કોલેજમાં કાળજું કંપાવનારું તાલિબાની રેગિંગ: જુનિયર વિદ્યાર્થીઓ પાસે કરાતી લાખોની ખંડણી વસુલાત, હોસ્ટેલ બની ટોર્ચર રૂમ

ભાવનગર

ગુજરાતના શૈક્ષણિક જગતને શરમાવે તેવી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના ભાવનગર ગવર્નમેન્ટ મેડિકલ કોલેજમાંથી સામે આવી છે. ભવિષ્યના ડૉક્ટરો તૈયાર કરતી આ પ્રતિષ્ઠિત કોલેજમાં સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર્સ પર તાલિબાની સ્ટાઈલથી રેગિંગ ગુજારવામાં આવતું હોવાનો પર્દાફાશ થયો છે.

એટલું જ નહીં, રેગિંગની આ આડમાં જુનિયર વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયાની ખંડણી વસૂલવામાં આવતી હોવાનો સણસણતો મામલો સામે આવતાં સમગ્ર રાજ્યમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, મેડિકલ કોલેજની હોસ્ટેલમાં સિનિયર વિદ્યાર્થીઓ રાત્રિના સમયે જુનિયર્સને પોતાના રૂમમાં બોલાવતા હતા. ત્યાં કલાકો સુધી કપડાં વગર કે વિચિત્ર પોઝિશનમાં ઊભા રાખીને તેમનું માનસિક અને શારીરિક શોષણ કરવામાં આવતું હતું. જો કોઈ વિદ્યાર્થી આ અમાનવીય વર્તનનો વિરોધ કરે, તો તેને ઢોર માર મારવામાં આવતો અને કરિયર બરબાદ કરી દેવાની ધમકીઓ અપાતી હતી. હોસ્ટેલના રૂમ જાણે ટોર્ચર સેલ બની ગયા હતા.

આ મામલો માત્ર રેગિંગ પૂરતો સીમિત નથી, પરંતુ આર્થિક ઉઘરાણીનું એક મોટું નેટવર્ક બની ચૂક્યો હતો. સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર્સ પાસે મોટી રકમની માંગણી કરવામાં આવતી હતી. જે વિદ્યાર્થીઓ પૈસા આપવાની ના પાડે, તેમના પર અત્યાચારની સીમાઓ વટાવી દેવામાં આવતી હતી.

## રાજકોટમાં પૂર્વ મેયર નયના પેઢડિયાના પરિવારનું વિવાદાસ્પદ બાંધકામ: મનપાની નોટિસને ઘોળીને પી ગયા? તંત્રની આંખ સામે પડદા પાછળ ખેલાયો ખેલ!

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા (RMC) ના પૂર્વ મેયર નયનાબેન પેઢડિયા અને તેમના પરિવાર સાથે સંકળાયેલા એક બાંધકામને લઈને આખાય રાજકોટના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સત્તા પક્ષના નેતાઓ સામાન્ય જનતાને કાયદાના પાઠ ભણાવે છે, પરંતુ જ્યારે પોતાના પર વાત આવે ત્યારે નિયમોના લીરેલીરા કેવી રીતે ઉડે છે તેનો જીવતો-જાગતો પુરાવો આ કિસ્સો બની રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં, કાયદાને કે નેતાગીરીને ખિસ્સામાં લઈને ફરતા હોય તેમ બાંધકામ ધમધમાટ ચાલુ રાખવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

આ વિવાદની અંદર જે ઘટનાક્રમ સામે આવ્યો છે તે મનપાના અધિકારીઓની મિલીભગત અથવા તો નેતાઓના અહંકાર તરફ ઈશારો કરે છે:

કાગળ પર નોટિસ, જમીન પર કામ: જ્યારે મહાનગરપાલિકા દ્વારા આ સાઈટ પર તપાસ કરીને નોટિસ આપવામાં આવી, ત્યારે ત્યાં માત્ર એક જ માળનું ચણતર કામ થયેલું હતું. તંત્રએ કામ રોકવાની સૂચના આપી હતી.

આદેશની ઐસીતૈસી: નોટિસ મળ્યા બાદ તો કામ બંધ થવું જોઈએ, પરંતુ અહીં તો ઉલટું ગંગા વહી! નોટિસ આપ્યા બાદ બીજા માળનું કામ પણ આગળ વધારી દેવાયું અને શટર પણ લગાવી દેવામાં આવ્યા હોવાના ખુલાસા થયા છે.


પડદા પાછળનો ખેલ: આક્ષેપો તો ત્યાં સુધી થઈ રહ્યા છે કે સમગ્ર સાઈટને મોટા-મોટા પડદાઓથી ઢાંકી દેવામાં આવી છે, જેથી અંદર શું ગેરકાયદેસર ખેલ ચાલી રહ્યો છે તે બહારથી કોઈ જોઈ ન શકે.


## અંબાજીમાં જમીન કૌભાંડનો અજાયબ ખેલ

# કરોડોની જમીન હડપવા મૃતક મહિલાને જીવતી કરાઈ...! : કલેક્ટર ઓફિસે આવી અંગૂઠો માર્યો

અંબાજી/પાલનપુર

ગુજરાતમાં જમીન માફિયાઓ અને ભ્રષ્ટ સરકારી બાબુઓની જુગલબંધીના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે, પરંતુ આ વખતે 'પાક્કો ગુજરાત'ની ઈન્વેસ્ટિગેશન ટીમ એક એવો ચોંકાવનારો અને કાળજું કંપાવી દેનારો ખુલાસો કરવા જઈ રહી છે, જેને સાંભળીને કાયદાના રક્ષકો પણ માથું પકડી લેશે! અંબાજી વિસ્તારમાં કરોડો રૂપિયાની કિંમતી જમીન પચાવી પાડવા માટે જમીન માફિયાઓએ કાયદા, કાનૂન અને ખુદ ભગવાનનો પણ ડર રાખ્યા વગર એક ન ભૂતો ન ભવિષ્યતિ એવો khel ખેલ્યો છે. જે મહિલા વર્ષો પહેલાં મૃત્યુ પામી ચૂકી છે, તેને કાગળ પર 'જીવતી' કરીને કલેક્ટર ઓફિસે લાવી, દસ્તાવેજ કરાવી અબજોની જમીન બારોબાર સગેવગે કરી દેવાનું મહાકૌભાંડ આચરવામાં આવ્યું છે!





આ આખું કૌભાંડ કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટને પણ ટક્કર મારે તેવું છે. કિંમતી જમીન હડપવા માટે ભૂમાફિયાઓએ પદ્ધતિસરનું નેટવર્ક ગોઠવ્યું હતું, જેના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે:

ડમી મહિલા ઉભી કરાઈ: જે મૂળ માલિક મહિલા વર્ષો પહેલાં મરણ પામી હતી, તેના નામે એક ડમી (બોગસ) મહિલા ઉભી કરવામાં આવી.

સરકારી કચેરીમાં સેટિંગ: આ ડમી મહિલાને પૂરા આત્મવિશ્વાસ સાથે કલેક્ટર ઓફિસમાં રજૂ કરવામાં આવી. સરકારી બાબુઓની મીલીભગત કે ઘોર બેદરકારીના કારણે કોઈ જ ક્રોસ-વેરિફિકેશન વગર સરકારી દસ્તાવેજો પર તે ડમી મહિલાના અંગૂઠાના નિશાન પણ લઈ લેવાયા!

બેંક ખાતાનો ખેલ: કૌભાંડને કાયદેસરનો રંગ આપવા માટે મૃતક મહિલાના નામે બોગસ બેંક એકાઉન્ટ ખોલાવાયું. જમીનની કિંમત પેટે તેમાં ૧૫ લાખ જમા પણ કરવામાં આવ્યા.

રૂપિયા સગેવગે: જેવા રૂપિયા ખાતામાં આવ્યા, કે તરત જ પળવારમાં તે તમામ રકમ ઉપાડીને બારોબાર ગેંગના ખિસ્સામાં પધરાવી દેવામાં આવી અને ખાતું સાફ કરી દેવાયું!

## વડોદરા પોલીસની મોટી કાર્યવાહી

## 4 કરોડથી વધુના વિદેશી દારૂના જથ્થા પર ફરી વળ્યું બુલડોઝર...!

વડોદરા

વડોદરા શહેર પોલીસે પ્રોહિબિશનના ગુનાઓમાં જપ્ત કરેલા ગેરકાયદેસર દારૂના જથ્થા પર આજે કાયદાનું બુલડોઝર ફેરવી દીધું છે. વડોદરા શહેરના ડીસીપી ઝોન ૧, ૨ અને ૩ હેઠળ આવતા કુલ ૧૪ પોલીસ સ્ટેશનો દ્વારા અલગ-અલગ દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલો અંદાજે ૪ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો આજે જાહેર લોકેશન પર સંપૂર્ણપણે નષ્ટ કરવામાં આવ્યો હતો. આ વર્ષનો વડોદરા પોલીસનો આ સૌથી મોટો દારૂનો નાશ ગણવામાં આવી રહ્યો છે.

કોર્ટની મંજૂરી બાદ આ દારૂના જથ્થાનો નાશ કરવાની સત્તાવાર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ મોટી કાર્યવાહી દરમિયાન ઘટનાસ્થળે ડીસીપી ઝોન ૧ જગદીશ ચાવડા સહિત ત્રણેય ઝોનના એસીપી, ૧૪ પોલીસ સ્ટેશનના પીઆઈ (PI), પીએસઆઈ (PSI) તેમજ એસડીએમ (SDM) કચેરીના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ હજારો દારૂની બોટલો પર બુલડોઝર અને રોડ રોલર ફેરવીને તેનો કચ્ચરઘાણ વાળી દેવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા લેવાયેલા આ કડક પગલાથી વડોદરા શહેર અને આસપાસના પંથકના બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## સરખેજ બાદ મણિનગરમાં ભાજપનો વિવાદ સપાટી પર: મહિલા કોર્પોરેટરના પતિની હાજરી સામે યુવા મોરચાના સવાલ, સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના સરખેજ વોર્ડ બાદ હવે ભાજપના ગઢ ગણાતા મણિનગર વોર્ડમાં આંતરિક વિવાદ સપાટી પર આવ્યો છે. મણિનગર વોર્ડની ભાજપની સત્તાવાર બેઠકમાં એક મહિલા કોર્પોરેટરના પતિ હાજર રહેતાં પક્ષના જ કાર્યકરોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ છે. આ મામલે ભાજપ યુવા મોરચાના સભ્યોએ સોશિયલ મીડિયા પર સણસણતી પોસ્ટ મૂકીને સવાલો ઉઠાવ્યા છે. મળતી માહિતી મુજબ, મણિનગર વોર્ડના સંગઠન અને કોર્પોરેટરોની એક મહત્ત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પક્ષના સત્તાવાર હોદ્દેદારો સિવાય અન્ય કોઈને હાજર રહેવાની મનાઈ હોય છે, તેમ છતાં ભાજપના જ એક મહિલા કોર્પોરેટરના પતિ ત્યાં હોંશે-હોંશે હાજર રહ્યા હતા. મહિલા પ્રતિનિધિના બદલે તેમના પતિ પક્ષની આંતરિક બાબતો અને વહીવટમાં દખલ કરતા હોવાનો ગણગણાટ લાંબા સમયથી ચાલતો હતો, જે હવે જાહેરમાં આવ્યો છે. આ ઘટનાથી નારાજ ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ સોશિયલ મીડિયા પર બેઠકનો ફોટો વાયરલ કરીને આકરા પ્રહારો કર્યા છે. પોસ્ટમાં સીધો સવાલ પૂછવામાં આવ્યો છે કે, 'આ મહાશય કયા હોદ્દાના હિસાબે મિટિંગમાં હાજર છે?' પક્ષમાં શિસ્તના આગ્રહી ગણાતા ભાજપના નેતૃત્વ સામે આ દેખાડો મોટો પડકાર બની ગયો છે. એક તરફ પક્ષ મહિલા સશક્તિકરણની વાતો કરે છે, ત્યારે બીજી તરફ મહિલા કોર્પોરેટરના સ્થાને તેમના પતિ વહીવટ ચલાવતા હોવાની ચર્ચાએ મણિનગર જ નહીં, પરંતુ સમગ્ર અમદાવાદ ભાજપ રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

## ફેફસામાં ગંભીર ઈજા થતા અમદાવાદ યુવકને રીફર કરાયો

## કલોલના હાજીપુરમાં યુવક પર ફિલ્મી ઢબે છરા-લાકડી વડે માથાભારે ટોળકીનો ખૂની હુમલો

ગાંધીનગર

ગાંધીનગરના હાજીપુર ગામે માત્ર થાર ગાડી ખાટલા સાથે અડી જવા જેવી નજીવી બાબતમાં પાંચથી વધુ શખસોની ટોળકીએ ફિલ્મી ઢબે ઘાતકી હુમલો કરી એક યુવકને પીઠના ભાગે છરો મારી ફેફસાં સુધી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ સમગ્ર મામલે સાંતેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલ તાલુકાના હાજીપુર ગામના મોતીપુરા સોસાયટીમાં રહેતો 27 વર્ષીય અજયજી ઠાકોર અરવિંદ મીલમાં નોકરી કરે છે. 14 જૂન, 2026ના મોડી રાત્રે તેનો કાકાનો દીકરો કરણ બળદેવજી ઠાકોર પોતાની થાર ગાડી લઈને ઘરે આવી રહ્યો હતો. એ વખતે ગામના અશોકજી ઉર્ફે જિગો ઠાકોરના ઘર આગળ જાહેર રસ્તા પર તેના મમ્મી ખાટલામાં સુતા હતા. જે ખાટલાને કરણની થાર ગાડી અડી ગઈ હતી.

આ ઘટના બાદ બીજા દિવસે 15 જૂનના રોજ રાત્રે અશોકજીએ અજયને ફોન કર્યો હતો. ગાડી ખાટલાને અડી જવા બાબતે વાતચીત કરવા માટે શેરીસા કેનાલ પર બોલાયો હતો. જેથી અજય, કરણ, અનીલ અને હાર્દિક રાત્રે શેરીસા કેનાલ પર પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા જ આરોપીઓ અશોકજી ઉર્ફે જિગો, મયુર ઠાકોર, પંકજ ઠાકોર, રવિ (રહે. થોળ) અને ફુલો (રહે. રાજપુર, કડી) તેમજ અન્ય અજાણ્યા માણસો હથિયારો લઈને ઊભા હતા. આ જોઈને અજય અને તેના ભાઈઓ ભાગવા લાગ્યા હતા. જો કે અશોકજીએ છરો છૂટો મારતા ગાડીમાં બેઠેલા હાર્દિકને ગાલ પર અને કરણને કાનના ભાગે ઈજા થઈ હતી.

ત્યાંથી જીવ બચાવીને અજય અને અન્ય એક યુવક એક્ટિવા લઈને હાજીપુર ગામના હનુમાન મંદિર નેળિયા તરફ ભાગ્યા હતા. ત્યારે આખી ટોળકીએ તેમનો પીછો કરીને ત્યાં પણ હુમલો કર્યો હતો. અશોકજીએ અજયને પીઠના ભાગે લાકડી મારી હતી.

## વીજ વાયર જમીન સુધી લટકતા જીવલેણ સ્થિતિ સર્જાઇ : દહેગામના આંબાવાડીમાં રહીશોમાં ભારે ચિંતા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ નગરપાલિકાના વોર્ડ નંબર-૩ હેઠળના જોરાવરનગર નજીક આવેલા આંબાવાડી વિસ્તારમાં વીજ લાઈનના મુખ્ય વાયર તૂટી જતાં જમીન તરફ જોખમી રીતે લટકી રહ્યા છે. દહેગામ જીઈબી તંત્રની ઘોર બેદરકારીને કારણે સ્થાનિક રહીશોમાં ભારે ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ વીજ વાયર લાંબા સમયથી નીચે લટકી રહ્યા છે, જેના કારણે કોઈપણ સમયે ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને રોજિંદા અવરજવર કરતા લોકો માટે આ સ્થિતિ જીવલેણ સાબિત થઈ શકે છે. વરસાદી મોસમ નજીક આવતા વીજ કરંટ ફેલાવાનો ભય પણ વધી ગયો છે. રહીશોએ આ અંગે દહેગામ જીઈબી કચેરીમાં રજૂઆત કરી હતી.

## વડોદરા-હાલોલ રોડ પર

## લક્ઝરી બસનો કાળમુખો અકસ્માત : માતાની નજર સામે જ ૯ વર્ષના માસૂમ પુત્ર સહિત બે મિત્રોએ દમ તોડ્યો

વડોદરા/હાલોલ

વડોદરા-હાલોલ હાઈવે પર વધુ એક વખત રક્તરંજીત કાળમુખો અકસ્માત સર્જાયો છે. એક બેફામ સ્પીડે દોડતી લક્ઝરી બસે માસૂમ જિંદગીઓને કચડી નાખતા ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. આ હૃદયદ્રાવક અકસ્માતમાં માત્ર ૯ વર્ષના એક માસૂમ બાળકે પોતાની સગી માતાની નજર સામે જ તરફડીને દમ તોડી દીધો હતો, જ્યારે તેની સાથે રહેલા તેના પરમ મિત્રએ પણ દુનિયા છોડી દીધી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે હોસ્પિટલના પટાંગણમાં જ્યારે માતાએ પોતાના વહાલસોયા દીકરાના શબને જોયું, ત્યારે તેના મુખમાંથી નીકળેલા આક્રંદના શબ્દો સાંભળીને ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

મળતી વિગતો અનુસાર, આ બંને માસૂમ બાળકો રસ્તાની બાજુમાં હતા ત્યારે કાળ બનીને આવેલી લક્ઝરી બસે તેમને અડફેટે લીધા હતા. બસની સ્પીડ એટલી ઘાતક હતી કે બાળકોને સંભળવાનો મોકો પણ ન મળ્યો.

માસૂમ ભોગ બનનાર: ૯ વર્ષનો દીકરો અને તેનો જીગરજાન મિત્ર.

ઘટના: વડોદરા-હાલોલ રોડ પર લક્ઝરી બસના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવતા સર્જાયો ગમખ્વાર અકસ્માત.

ઘટનાસ્થળનું દ્રશ્ય: અકસ્માત થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓ થવાના કારણે બંને મિત્રોએ સાથે જ આ દુનિયાને અલવિદા કહી દીધી.

આ અકસ્માતનો સૌથી હૃદયદ્રાવક અંશ ત્યારે સામે આવ્યો જ્યારે મૃતક બાળકની માતા હોસ્પિટલ પહોંચી. પોતાના કાળજાના ટુકડાને લોહીલુહાણ હાલતમાં જોઈને માતા ભાન ભૂલી ગઈ હતી. તે ચોધાર આંસુએ રડતા રડતા કહી રહી હતી કે, "દીકરા તારા માટે પાકીટ ભરી રૂપિયા લાવી, તને જે જોઈએ તે લઈ આપું... તું પાછો આવી જા, એકવાર આંખો તો ખોલ!"

## NEETની તૈયારી કરતા 17 વર્ષીય વિદ્યાર્થીએ છઠ્ઠા માળેથી પડતું મૂકી આપઘાત કર્યો

અમદાવાદ

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં ગઈકાલે(17 જૂન) મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ 17 વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. કહાન પટેલે એરિસ્ટો આનંદમ ફ્લેટના B બ્લોકમાં છઠ્ઠા માળેથી બેડરૂમની બાલ્કનીની જાળી કાપી મોતની છલાંગ લગાવી હતી. વિદ્યાર્થી નીચે પડતા સિક્યુરિટી ગાર્ડને જાણ થઈ અને તેને અન્ય લોકોને જાણ કરી હતી. બનાવમાં વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત થયું છે. હાલ મૃતદેહને પીએમ માટે સિવિલ મોકલવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં મૃતક વિદ્યાર્થી NEETની પરીક્ષાની તૈયારી કરતો હોવાનું સામે આવ્યું છે. મૃતકે NEETના વિકલ્પ તરીકે ફાર્મસીનું ફોર્મ પણ ભર્યું હતું. કયા કારણથી આત્મહત્યા કરી તે હજુ સુધી સામે આવ્યું નથી. બનાવની જાણ થતા સાબરમતી પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

14 માળના ફ્લેટ છે જેના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. વિદ્યાર્થી નીચે પડ્યો ત્યારે તેનો શ્વાસ ચાલતો હતો, પરંતુ એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી મોત થઈ ચૂક્યું હતું. મૃતદેહ પાસેથી વિદ્યાર્થીના ચશ્મા મળી આવ્યા હતા જે હજુ પણ ત્યાં જ છે. ફ્લેટમાં માતા અને બે બાળકો જ રહેતા હતા. મૃતકના પિતા સુરતમાં રહે છે.

ACP ડી.વી.રાણાએ જણાવ્યું કે મૃતક બાળક તેની માતા અને 13 વર્ષના ભાઈ સાથે ફ્લેટમાં રહેતો હતો. બાળકના માતા-પિતા 3 વર્ષથી અલગ રહે છે. બાળકના પિતા સુરતમાં ક્રિમીનલ વકીલ છે. બાળક ભૂયંગદેવ નેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. વર્ષ 2025માં ધોરણ 12ની પરીક્ષામાં 85 ટકા આવ્યા હતા. આ વર્ષે NEETની પરીક્ષા આપી તેમાં સારું પરિણામ આવ્યું હતું. જોકે ફરીથી NEETની પરીક્ષા આપવા પણ મહેનત કરતો હતો.

## ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના અપમાનનો વિવાદ વકર્યો: કમલમનું તેડું આવતા ભરૂચ-નર્મદાના દિગ્ગજો કમલમમાં પહોંચ્યા

ગાંધીનગર

શિસ્તબદ્ધ પક્ષ ભાજપમાં આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો છે જેના કારણે નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટી છવાઈ રહી છે. જૂથવાદની આગ એટલી હદે ભભૂકી છે કે, ખુદ ભાજપના ધારાસભ્ય દર્શના દેશમુખે નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ સામે બાંયો ચડાવી છે. ધારાસભ્યનો મોભો ન જળવાતાં પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ સમક્ષ જિલ્લા પ્રમુખ નીલ રાવને હાંકી કાઢવા રજૂઆત કરાશે. આમ, ભાજપમાં શિસ્તના ચીથરા ઉડ્યાં છે પરિણામે પ્રદેશ નેતાગીરી પણ સ્તબ્ધ થઈ છે. ભરૂચ સાંસદ મનસુખ વસાવા,નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ અને નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવે ચલો કમલમના નારા સાથે સમર્થકોને લઈને ગાંધીનગરની વાટ પકડી છે. મહિલા ધારાસભ્ય દર્શનાબેન દેશમુખના અપમાનના આક્ષેપો બાદ સળગેલો વિવાદ હવે ઠરવાનું નામ નથી લઈ રહ્યો. જોકે, ઉપરથી બધું શાંત દેખાડવાનો પ્રયાસ થયો હતો, પણ અંદરખાને તો ઘીના ઠામમાં ઘી પડ્યું જ નથી! આજે પણ સ્થાનિક આદિવાસી નેતાઓ ધારાસભ્ય દેશમુખના નિવાસસ્થાને એકત્ર થયા હતાં અને એકસૂર ઉઠ્યો હતો કે, ધારાસભ્યના અપમાનનો બદલો લઈને જ રહીશું. સૂત્રોના જણાવ્યા અનુસાર, સોમવારે નર્મદા જિલ્લાના સિનિયર નેતાઓ ગાંધીનગર પહોંચશે.

## વડનગરમાં SMCના ઉપરાઉપરી છ દરોડા! : જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીની કડક કાર્યવાહીથી ભ્રષ્ટ પોલીસકર્મીઓમાં ફફડાટ

■ વડનગરમાં દરોડાની સિક્સર: સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ : કાયદાના લીરેલીરા ઉડાડીને ગેરકાયદે પ્રવૃત્તિઓ ધમધમી

મહેસાણા

મહેસાણા જિલ્લાના વડનગર પંથકમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે એકસાથે છ જુદા-જુદા સ્થળોએ દરોડા પાડીને મોટો સપાટો બોલાવ્યો છે. ગાંધીનગરથી આવેલી ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમે સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને કરેલી આ ગુપ્ત કાર્યવાહીથી સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.

ખાસ કરીને મહેસાણાના એક્શન મોડમાં આવેલા પોલીસ વડા હિમાંશુ સોલંકીની આકરી સૂચનાઓ અને કડક વલણના કારણે કાયદો-વ્યવસ્થાની ઐસીતૈસી કરનારા તત્વો અને ખાખી વર્દીમાં છુપાયેલા કાળી કમાણી



કરનારાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને બાતમી મળી હતી કે વડનગર વિસ્તારમાં કાયદાના લીરેલીરા ઉડાડીને ગેરકાયદે પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. સ્થાનિક પોલીસ સ્ટેશનના સેટિંગબાજોને કાતર મારીને SMC ની ટીમે ત્રાટકીને એકસાથે છ જગ્યાએ રેડ કરી દીધી.

ઓપરેશન ક્લીન: વડનગરના અલગ-અલગ વિસ્તારોમાં છ મોટા દરોડા.

સ્થાનિક પોલીસની આબરૂના ધજાગરા: જે પ્રવૃત્તિઓ સ્થાનિક પીઆઈ કે પીએસઆઈને ન દેખાઈ, તે ગાંધીનગરની ટીમે પકડી પાડી.

પોલીસ બેડામાં સન્નાટો: SMC ની રેડ બાદ હવે કોની-કોની વિકેટ પડશે તેના ગણિત માંડવાનું શરૂ થઈ ગયું છે.

મહેસાણાના પોલીસ વડા હિમાંશુ સોલંકીએ ચાર્જ સંભાળ્યા બાદ સ્પષ્ટ સંકેત આપી દીધા હતા કે જિલ્લામાં કોઈપણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવી લેવામાં નહીં આવે. એસપીની આ કડકાઈના કારણે સ્થાનિક હપ્તાખોરો અને બુટલેગરોના નેટવર્ક તૂટી રહ્યા છે.

'જ્યારે એસપી કડક હોય અને ગાંધીનગરની સ્ક્વોડ ત્રાટકે, ત્યારે સ્થાનિક પોલીસના વહીવટદારોના બ્લડ પ્રેશર વધી જતાં હોય છે. વડનગરમાં થયેલા આ છ દરોડા એ વાતની સાબિતી છે કે કાં તો સ્થાનિક પોલીસ કૌભાંડીઓ સાથે મળેલી હતી, અથવા તેમની નાક નીચે આ બધું ચાલતું હોવા છતાં તેઓ ઘોર નિંદ્રામાં હતા!'

વડનગરમાં એક જ દિવસમાં છ દરોડા પડ્યા, તો આ વિસ્તારના બીટ ઈન્ચાર્જ અને પોલીસ સ્ટેશનના વડા સામે ક્યારે સસ્પેન્શનના પગલાં લેવાશે?

# સુરતમાં કાપડના વેપારીઓ માટે બનશે સ્પેશિયલ પોલીસ સ્ટેશન

## સુરતના વેપારી સંગઠનો અને ટેક્સટાઈલ એસોસિએશને સરકારના આ નિર્ણયને આવકાર્યો : આ પગલાથી ઠગબાજોમાં પોલીસનો ફફડાટ બેસશે

સુરત

ગુજરાતનું આર્થિક પાટનગર અને દેશનું ટેક્સટાઈલ હબ ગણાતા સુરત શહેરમાંથી વેપારીઓ માટે એક ખુબ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. સુરતના કાપડ ઉદ્યોગમાં અવારનવાર થતી કરોડો રૂપિયાની છેતરપિંડી અને પેમેન્ટની ઉઘરાણીના વિવાદોને ડામવા માટે રાજ્ય સરકાર અને પોલીસ વિભાગ દ્વારા એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં કદાચ પ્રથમવાર, સુરતના કાપડ બજારના વેપારીઓ માટે એક સમર્પિત (Dedicated) સ્પેશિયલ પોલીસ સ્ટેશન શરૂ થવા જઈ રહ્યું છે.

સુરતનું ટેક્સટાઈલ માર્કેટ અબજો રૂપિયાનું ટર્નઓવર ધરાવે છે. અહીં દેશભરમાંથી વેપારીઓ માલ ખરીદવા આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કાપડ બજારમાં 'ચીટિંગ' કરનારી ગેંગ સક્રિય થઈ હતી. બહારના રાજ્યોના અનેક લેભાગુ તત્વો સુરતના વેપારીઓ પાસેથી કરોડો રૂપિયાનો માલ ઉધાર લઈ જતા અને પછી પેમેન્ટ આપવાના નામે હાથ ઊંચા કરી દેતા અથવા દુકાનો બંધ કરીને ભાગી જતા હતા. સામાન્ય પોલીસ સ્ટેશનમાં અન્ય ગુનાઓની વ્યસ્તતાને કારણે વેપારીઓની આર્થિક છેતરપિંડીની ફરિયાદોના ઉકેલમાં સમય લાગતો હતો. વેપારીઓની આ લાંબા સમયની પીડાનો અંત લાવવા માટે હવે આ ખાસ પોલીસ સ્ટેશન આશીર્વાદરૂપ સાબિત થશે. સ્પેશિયલ આર્થિક તપાસ વિંગ: આ પોલીસ સ્ટેશનમાં સામાન્ય ગુનાઓ નહીં, પરંતુ માત્ર ને માત્ર કાપડ બજારના વેપારીઓ સાથે થયેલી આર્થિક છેતરપિંડી, પેમેન્ટ ડિફોલ્ટ અને બોગસ બિલિંગ જેવા કેસોની જ તપાસ થશે. ઝડપી ન્યાય અને રિકવરી: અહીં તૈનાત સ્ટાફ આર્થિક ગુનાઓ ઉકેલવામાં એક્સપર્ટ હશે, જેથી વેપારીઓના અટવાયેલા કરોડો રૂપિયા ઝડપથી પાછા મળી શકે.

અદ્યતન ટેકનોલોજી અને ડેટાબેઝ: દેશભરના ચીટર વેપારીઓનો એક આખો ડેટાબેઝ અહીં તૈયાર કરવામાં આવશે, જેથી કોઈ પણ શંકાસ્પદ ખરીદદાર પર નજર રાખી શકાય.

માર્કેટની નજીક લોકેશન: આ પોલીસ સ્ટેશન સુરતના રિંગ રોડ ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારની આસપાસ જ બનાવવાનું આયોજન છે, જેથી વેપારીઓને દોડધામ ન કરવી પડે.

સુરતના વેપારી સંગઠનો અને ટેક્સટાઈલ એસોસિએશને સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. વેપારીઓનું કહેવું છે કે આ પગલાથી સુરતના કાપડ ઉદ્યોગને નવું સુરક્ષા કવચ મળશે અને ઠગબાજોમાં પોલીસનો ફફડાટ બેસશે.




વંદે ભારત એક્સપ્રેસમાં અનોખી સફર

# ગાંધીનગરથી વાપી જતા મુસાફરો માટે યાદગાર ક્ષણ, ટ્રેનમાં મળ્યો રાજ્યપાલ અને CMનો સાથ

ગાંધીનગર

ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનથી વાપી જતી સેમી હાઈસ્પીડ 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનમાં આજે મુસાફરો માટે એક અદ્ભુત અને ક્યારેય ન ભૂલાય તેવી યાદગાર ક્ષણ સર્જાઈ હતી. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા સામાન્ય નાગરિકો તે સમયે આશ્ચર્યચકિત થઈ ગયા જ્યારે ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત જી અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ સહયાત્રી તરીકે તેમની વચ્ચે આવી પહોંચ્યા હતા. રાજ્યના બંને સર્વોચ્ચ વડાઓએ ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનથી વાપી જવા માટે વંદે ભારત એક્સપ્રેસ દ્વારા પ્રસ્થાન કર્યું હતું. પ્રવાસ દરમિયાન રાજ્યપાલ શ્રી અને મુખ્યમંત્રી શ્રીએ ટ્રેનના ડબ્બામાં જઈને અન્ય સહયાત્રીઓ સાથે ખૂબ જ સહજતાથી મુલાકાત કરી હતી. તેમણે મુસાફરો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને વંદે ભારત



ટ્રેનની સુવિધાઓ, ઝડપ તથા રેલવેના આધુનિકીકરણ અંગે લોકોના વાસ્તવિક અનુભવો અને પ્રતિભાવો જાણ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યપાલને પોતાની બાજુની સીટ પર બેસેલા અને સામાન્ય જનતાની જેમ વાતચીત કરતા જોઈને મુસાફરોમાં ભારે ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. નાગરિકોએ આ ક્ષણને પોતાના કેમેરામાં કેદ કરી હતી. વીવીઆઈપી (VVIP) કલ્ચરથી દૂર રહીને જનતાની વચ્ચે જઈ સંવાદ કરવાની આ નવતર પહેલની લોકો મુક્તકંઠે પ્રશંસા કરી રહ્યા છે.

# તાપીમાં ACBનો સપાટો : ખેડૂતોને મફત મળતી બિયારણ કીટમાં પણ લાંચિયાઓએ ભ્રષ્ટાચાર કર્યો!

## સોનગઢમાં ગ્રામસેવક અને એગ્રો એજન્સીનો સંચાલક 650ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા : યોજના મફતની, પણ ભ્રષ્ટાચારીઓનો ટેક્સ ફિક્સ...!

તાપી-વ્યારા

સરકાર દ્વારા ખેડૂતોના કલ્યાણ માટે ચલાવવામાં આવતી યોજનાઓમાં પણ ભ્રષ્ટ સરકારી બાબુઓ કઈ રીતે મલાઈ ખાવાનું ચૂકતા નથી, તેનો વધુ એક શરમજનક કિસ્સો તાપી જિલ્લાના સોનગઢમાંથી સામે આવ્યો છે. ખેડૂતોને મફત મળતી બિયારણ સહાય કીટ આપવાના બદલામાં લાંચ માંગનારા ડોસવાડા સેજાના ગ્રામસેવક અને તેની સાથે લાંચની રકમ સ્વીકારનારા એક પ્રજાજન (એગ્રો એજન્સીના સંચાલક) ને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) ની ટીમે છટકું ગોઠવીને રંગેહાથ દબોચી લીધા છે. એસીબીની આ સફળ રેડથી સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર આચરતા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ કૌભાંડની વિગત એવી છે કે એક જાગૃત ખેડૂતે ખેતીવાડી વિભાગ તરફથી "નિદર્શન કીટ સહાય યોજના-૨૦૨૬" હેઠળ સરકાર તરફથી મફતમાં મળતી ડાંગર તથા જુવારના બિયારણ મેળવવા માટે "આઈ ખેડૂત પોર્ટલ" પર ઓનલાઈન અરજી કરી હતી. આ મફતનું બિયારણ મેળવવા માટે જ્યારે તેઓએ સંપર્ક કર્યો, ત્યારે ભ્રષ્ટાચારનો ખેલ શરૂ થયો હતો.



ગ્રામસેવક જીવણભાઈએ મફતનું બિયારણ આપવાના બદલામાં ડાંગરના રૂ.૩૦૦ અને જુવારના રૂ.૩૫૦ મળીને કુલ રૂ.૬૫૦ ની લાંચ માંગી હતી, અને આ રકમ સોનગઢ APMC માર્કેટમાં આવેલી બજરંગ એગ્રો એજન્સીમાં જમા કરાવી દેવા જણાવ્યું હતું.

ખેડૂત આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી, તેઓએ હિંમત દાખવીને તાત્કાલિક લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) નો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે સોનગઢ એ.પી.એમ.સી. માર્કેટમાં આવેલ બજરંગ એગ્રો એજન્સીના ગોડાઉનમાં લાંચના છટકાનું સચોટ આયોજન કર્યું હતું.

# પોલીસે લાકડાના બેટથી ભત્રીજાની હત્યા કરનાર કાકાની ધરપકડ કરી

બનાસકાંઠા

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના હડાદ તાલુકાના નવાવાસ કાંઠ ગામમાં 4-5-2026 ના રોજ ગોર માતાનો મેળો યોજાયો હતો. કાકા નોપાભાઈ તરાલ અને મૃતક ભત્રીજા કરણ તરાલે પણ મેળામાં હાજરી આપી હતી. જમીનના વિવાદને લઈને કાકા-ભત્રીજા વચ્ચે થયેલા ઝઘડામાં કાકાએ લાકડાના બેટથી માર માર્યો અને પછી ભાગી ગયા, જેનો લાઈવ વિડિયો પણ સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો હતો.ગંભીર હાલતમાં કરણ તરાલને અંબાજીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકના પરિવારે હડાદ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો હતો.હડાદ પોલીસ સ્ટેશન નજીક સુલતાનપુરા ગામમાં રહેતા કાકા-ભત્રીજા વચ્ચે જમીનનો વિવાદ એટલો વકર્યો કે ભત્રીજાએ પોતાનો જીવ ગુમાવ્યો. બનાસકાંઠા પોલીસે ફરાર આરોપીને પકડવા માટે ઘણી ટીમો બનાવી. હડાદ પોલીસ અને એલસીબી સાથે મળીને, તેઓ આરોપીને પકડવાનો પ્રયાસ કરવા માટે વિવિધ સ્થળોએ ગયા. લગભગ એક મહિના પછી, આરોપીના કાકા, નોપાભાઈ તરલની ધરપકડ કરવામાં આવી. તેના પર અગાઉના ડબલ મર્ડરનો પણ આરોપ હતો.

# કલોલમાં દાદી સાસુના ઠપકાથી બે પુત્ર સાથે કેનાલમાં કૂદેલી માતાનું પણ મોત; પિયર પક્ષે અંગદાન કરી 7 જિંદગીઓ બચાવી

## સારવાર હેઠળ રહેલી કાજલબેનની તબિયત વધુ લથડતાં તેઓ કોમામાં સરી પડ્યા હતા અને ડોક્ટરોએ તેમને બ્રેઇન ડેડ જાહેર કર્યા હતા

ગાંધીનગર

ગાંધીનગરના કલોલ તાલુકાની શેરીસા નર્મદા મુખ્ય કેનાલમાં બે માસૂમ દીકરાઓ સાથે આત્મહત્યાની છલાંગ લગાવનાર 24 વર્ષીય માતા કાજલબેનનું પણ સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. દાદી સાસુના સામાન્ય ઠપકાથી ઉશ્કેરાઈને પરિણીતાએ આ આત્યંતિક પગલું ભર્યું હતું, જેમાં 6 વર્ષના નિર્દોષ પુત્રનું કરૂણ મોત થયું હતું. જ્યારે માતા અને 18 માસના બાળકને બચાવી લેવાયા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન 17 જૂનને બુધવારે માતાને 'બ્રેઈન ડેડ' જાહેર કરાતાં, શોકતુર પિયર પક્ષે ભારે હૈયે દીકરીના અંગોનું દાન કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો, જેનાથી 7 જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળ્યું છે. બનાવની વિગત એવી છે કે, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઇ ગામના વેરાઇ માતાના વાસમાં રહેતા અને ઓસ્ટ્રેલીયન પ્રીમીયમ સોલર કંપનીમાં નોકરી કરતા કિસ્મતભાઈ રાઠોડના લગ્ન 2014માં રામપરા ગામના કાજલબેન સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને બે પુત્રો સાત્વીક (ઉ.વ. 6)



અને યક્ષિત (ઉ.વ. 18 માસ) હતા. 11 જૂનના રોજ સવારે ઘરની બહાર ઊભું પોતું મૂકવા જેવી નજીવી બાબતે કિસ્મતભાઈના દાદી ડાહીબેને પૌત્રવધૂ કાજલબેનને ઠપકો આપ્યો હતો. આ માઠું લાગી આવતાં કાજલબેને પતિને ફોન પર 'હું બંને દીકરાઓ સાથે મરી જવા નીકળી છું' તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. પતિ નોકરી પરથી પત્નીને શોધવા નીકળ્યો ત્યારે સાંજે 7 વાગ્યે કાજલબેનના ફોન પરથી કોઈ અજાણ્યા વ્યક્તિએ જણાવ્યું કે આ બેન શેરીસા કેનાલની પાળી પર મોબાઈલ મૂકીને બાળકો સાથે પાણીમાં કૂદી ગયા છે.

સ્થાનિકોએ તાત્કાલિક કાજલબેન અને 18 માસના માસૂમ યક્ષિતને જીવતા બહાર કાઢી 108 મારફતે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા, પરંતુ 6 વર્ષનો સાત્વીક લાપતા થયો હતો. બાદમાં રામનગર કેનાલમાંથી સાત્વીકની લાશ મળી આવી હતી. પુત્રના અંતિમ સંસ્કાર કર્યા બાદ પતિ કિસ્મતભાઈએ જ સાંતેજ પોલીસ સ્ટેશનમાં પોતાના બંને દીકરાઓને જાનથી મારી નાખવાના ઈરાદે કેનાલમાં ફેંકવા બદલ પત્ની કાજલબેન વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો.

રિયાલિટી ચેકમાં એક પણ ગાડી ટેક્સી જોવા ન મળી

# દાંતા, હડાદ તાલુકામાં આરોગ્ય કેન્દ્રો ઉપર એજન્સીનું લાખોનું કૌભાંડ

દાંતા

દાંતા હડાદ તાલુકામાં સરકારી આરોગ્ય કેન્દ્રો વિવાદમાં રહ્યા છે ત્યારે જ્યારે આ તાલુકાના આરોગ્ય કેન્દ્રો ની રિયાલિટી ચેક કરવામાં આવી તો કોઈ અલગ જ દેખાઈ આવ્યું જ્યાં ટેક્સી વાહનો નો ઉપયોગ કરવાનો હોય છે ત્યારે પ્રાઈવેટ વાહનો જ નજરે પડ્યા આરોગ્ય કેન્દ્રો ઉપર એજન્સી એ તો સરકાર ને પણ ચૂનો લગાવ્યો અને ટેક્સી વાહનો ની જગ્યાએ પ્રાઈવેટ ઈકો મુકીને દર મહિને ટેક્સી વાહનો ના બીલ પાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે અધિકારીઓ ની પણ મીલીભગત હોઈ શકે છે કારણ કે અધિકારીઓ ના સહી સિક્કા વગર બીલ પાસ નથી થતાં ત્યારે એજન્સી સાથે મળીને અધિકારીઓ નુ પણ મોટું સેટિંગ ચોક્કસ પણે હોઈ શકે ત્યારે બનાસકાંઠાના સી ડી એચ ઓ ની જો મીલીભગત ન હોય તો સરકારને ચુનો લગાવતા અધિકારીઓની ચોક્કસ પણે તપાસ કરીને હડાદ દાંતા તાલુકાના અધિકારીઓ ઉપર કાર્યવાહી થાય તે જરૂરી છે રહી બીજી વાત દાંતા હડાદ તાલુકા સિવાય આ એજન્સી ની બીજા કયા જીલ્લામાં અને તાલુકામાં વાહનો પુરા પડ્યા છે તેની પણ તપાસ થવી જોઈએ કે ત્યાં પણ આરોગ્ય કેન્દ્રો ઉપર ટેક્સી વાહનો ના નામે પ્રાઈવેટ વાહનોને રુપિયા ચુકવાય છે કે કેમ તેની તપાસ કરીને આ જે પણ એજન્સી સરકાર ને ટેક્ષી વાહનો ના નામે પ્રાઈવેટ વાહનો ને બીલ ચૂકવી સરકાર સાથે ઠગાઈ કરતી એજન્સી થી કેમ અધિકારીઓ અજાણ બને છે અધિકારીઓ ને કેમ નથી દેખાતા આ ટેક્સી ની જગ્યાએ પ્રાઈવેટ વાહનો તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે હવે એ જોવાનું રહ્યું કે તપાસ કે કાર્યવાહી થશે કે કેમ તે આવનારો સમય બતાવશે.

સુરતના અડાજણમાં ભીષણ આગનો તાંડવ

# BAPS હોસ્પિટલ પાસે ફાર્મસીમાં લાગેલી આગ TVS EV શો-રૂમ અને રેસ્ટોરન્ટ સુધી પ્રસરી...!

સુરત

સુરત શહેરના પોશ ગણાતા અડાજણ વિસ્તારમાંથી આજે ૧૮ જૂનની સવારે એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. અડાજણ ચાર રસ્તા પાસે આવેલી પ્રખ્યાત BAPS હોસ્પિટલની નજીક આવેલી એક ફાર્મસી (દવાની દુકાન)માં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આ આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું કે તે આજુબાજુની દુકાનો, ટીવીએસ ઈવી (TVS EV)ના શો-રૂમ અને જાણીતી ક્રિષ્ના રેસ્ટોરન્ટ સુધી પ્રસરી ગઈ હતી. આગના પગલે સમગ્ર અડાજણ વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો.

સવારના સમયે લાગેલી આ આગ એટલી ઝડપથી ફેલાઈ કે દુકાનોની બહાર પાર્ક કરેલા ૧૫થી વધુ વાહનો તેની ઝપેટમાં આવી ગયા હતા અને જોતજોતામાં બળીને ખાખ થઈ ગયા હતા. ઈલેક્ટ્રિક વ્હીકલના શો-રૂમ સુધી આગ પહોંચતા બ્લાસ્ટ થવાની દહેશતને પગલે



આસપાસના લોકોને તાત્કાલિક દૂર ખસેડવામાં આવ્યા હતા. આકાશમાં દૂર-દૂર સુધી કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા દેખાતા હતા, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. હોસ્પિટલની નજીક જ આગ હોવાથી તંત્ર પણ દોડતું થઈ ગયું હતું.

ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. આગની ગંભીરતાને જોતાં ફાયર બ્રિગેડ દ્વારા 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો હતો અને અલગ-અલગ સ્ટેશનો પરથી ૧૦થી વધુ ફાયર ફાઈટરની ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. રાથમિક માહિતી મુજબ, શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે. સદનસીબે આ દુર્ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ કરોડો રૂપિયાનું માલસામાન અને વાહનો બળીને રાખ થઈ ગયા છે. ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસ દ્વારા હાલ કુલ નુકસાની અને આગના ચોક્કસ કારણની તપાસ કરવામાં આવી રહી છે.

ગાંધીનગર LCBએ ચિલોડાથી આરોપીને દબોચ્યો

# તલોદની ફેક્ટરીમાંથી એલ્યુમિનિયમ ચોરીનો ભેદ ઉકેલવામાં આવ્યો...

ગાંધીનગર

રાજ્યભરમાં નાસતા ફરતા ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવા ચાલી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સાબરકાંઠાના તલોદ ઔદ્યોગિક વિસ્તારની એક ફેક્ટરીમાંથી આશરે 3.34 લાખની કિંમતનું 13 ક્વિન્ટલથી વધુ એલ્યુમિનિયમ ચોરી કરીને લાંબા સમયથી પોલીસને હંફાવતા એક શાતિર આરોપીને ચિલોડા નજીકથી દબોચી લઈ વધુ પૂછપરછ હાથ ધરી છે. આ સનસનાટીભરી ચોરીની ઘટનાની વિગતો મુજબ તલોદ વિસ્તારની એક ફેક્ટરીમાં રાત્રિના અંધકારનો લાભ લઈને તસ્કરો ત્રાટક્યા હતા અને ત્યાં તોડફોડ કરીને કિંમતી એલ્યુમિનિયમ ધાતુના મોટા જથ્થાની ઉઠાંતરી કરી ગયા હતા. પોલીસની સત્તાવાર તપાસમાં બહાર



આવ્યું છે કે, ઝડપાયેલા આરોપી રાજેશ દેવીપૂજક (રહે. હરસોલ ચોકડી, દહેગામ) ફેક્ટરીમાંથી એલ્યુમિનિયમના 37 નંગ મોટા બ્લોકની ચોરી કરી હતી. આ ચોરાયેલા માલનું કુલ વજન આશરે 1335 કિલોગ્રામ એટલે કે 13 ક્વિન્ટલથી વધુ થવા જાય છે. જેની બજાર બજાર કિંમત અંદાજે 3.34 લાખ જેટલી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સામાન્ય ઘરફોડ ચોરી કે રોકડ દાગીનાની ચોરી કરતા આ ગુનાની મોડસ ઓપરેન્ડી સાવ અલગ હતી.

સુરતનું સનસનાટીપૂર્ણ 'ભૂતિયા ડિમોલિશન' : 20 દિવસ પછી પણ તપાસના નામે મીંડું!

# ગરીબોને ધાક-ધમકી આપી૩ લાખની ઓફર અને બાંહેધરી પત્ર પર સહી કરાવવાનો કારસો બેનકાબ

સુરત

સુરત શહેરમાં કાયદાના લીરેલીરા ઉડાડીને આચરવામાં આવેલા કથિત 'ભૂતિયા ડિમોલિશન' (ગેરકાયદેસર રીતે મકાનો તોડી પાડવા) ના પ્રકરણમાં ૨૦ દિવસ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં તંત્ર દ્વારા તપાસના નામે માત્ર લીપાપોતી કરવામાં આવી રહી છે. એક તરફ ઘરવિહોણા બનેલા ગરીબ અસરગ્રસ્તો ન્યાય માટે ભટકી રહ્યા છે, ત્યારે બીજી તરફ પડદા પાછળ રહીને ખેલ ખેલનારા માથાભારે તત્વો અને બિલ્ડર લોબી દ્વારા આ આખા મામલાને દબાવી દેવા માટેનો માસ્ટર પ્લાન તૈયાર કરાયો હોવાનો આંચકાજનક આક્ષેપ ઉઠ્યો છે. અસરગ્રસ્તોને ધાક-ધમકી આપી, મોઢું બંધ રાખવા માટે રૂપિયા ૩ લાખની ઓફર કરવામાં આવી રહી હોવાની ચર્ચાથી સુરતના રાજકારણ અને વહીવટી તંત્રમાં ભારે ગરમાવો આવી ગયો છે. કોઈપણ પ્રકારની સત્તાવાર નોટિસ વગર, રાતોરાત જે રીતે ગરીબોના આશિયાના પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું, તેને લઈને સ્થાનિકોમાં ભારે આક્રોશ છે. ૨૦ દિવસ થઈ ગયા છતાં હજુ સુધી: ગુનેગારો કોણ છે? તેની સત્તાવાર જાહેરાત કેમ નથી થઈ? કયા મોટા માથાના ઈશારે આ 'ભૂતિયા ડિમોલિશન' નો ખેલ ખેલાયો, તેની ફાઈલ કેમ દબાવી દેવાઈ? કોર્પોરેશન (SMC) કે પોલીસ તંત્ર આ મામલે કેમ મૌન સેવીને બેઠું છે? મોઢું બંધ રાખવા રૂ.૩ લાખની ઓફર અને 'બાંહેધરી પત્ર' નો ખતરનાક ખેલ! અસરગ્રસ્તો દ્વારા લગાવવામાં આવેલા આક્ષેપો અત્યંત ગંભીર અને ચોંકાવનારા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મામલો કોર્ટ કે ઉચ્ચ કક્ષાએ ન પહોંચે તે માટે પીડિતો પર સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવવામાં આવી રહી છે. 'પીડિતોને ડરાવી-ધમકાવીને એક ખાસ તૈયાર કરાયેલા 'બાંહેધરી પત્ર' પર સહી કરાવવાનો કારસો રચાયો છે. આ પત્રમાં એવું લખાણ હોવાનું મનાય છે કે 'અમે અમારું મકાન સ્વેચ્છાએ ખાલી કર્યું છે અને અમને કોઈ ફરિયાદ નથી!' આ સહીના બદલામાં અસરગ્રસ્તોને માત્ર રૂપિયા ૩ લાખની ટુકડી ઓફર કરીને મામલો બારોબાર રફેદફે કરવાનો કારસો ચાલી રહ્યો છે.' 'પાક્કો ગુજરાત' ના તીખા સવાલો: ડાયમંડ સિટીના આકાઓ જવાબ આપે! સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક પોલીસની નાક નીચે ૨૦ દિવસથી આ ગંભીર મુદ્દાની તપાસ કેમ શૂન્ય છે? કોના દબાણ હેઠળ અધિકારીઓની પેન બંધ છે?

ગરીબોને ધાક-ધમકી આપીને રૂ.૩ લાખની ઓફર કરનારા અને બાંહેધરી પત્ર પર સહીઓ કરાવી પુરાવાનો નાશ કરનારા વચેટિયાઓ પાછળ કયો સફેદપોશ નેતા કે બિલ્ડર સંતાયેલો છે?

સુરતના એકાઉન્ટન્ટનું ફિલ્મી નાટક

# પરિવાર પાસેથી 50 લાખ પડાવવા પોતાનું જ અપહરણ કર્યું, ગોધરાની હોટલમાંથી ઝડપાયો

સુરત

સુરતમાંથી એક ચોંકાવનારો અને ફિલ્મી કહી શકાય તેવો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક એકાઉન્ટન્ટે દેવામાંથી મુક્તિ મેળવવા માટે પોતાનું જ અપહરણ કરવાનું તરકટ રચ્યું હતું. સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા અને વ્યવસાયે એકાઉન્ટન્ટ એવા યુવકે પોતાના જ પરિવાર પાસે ૫૦ લાખ રૂપિયાની ખંડણી પડાવવા માટે આ આખું નાટક ગોઠવ્યું હતું. યુવક અચાનક ગુમ થઈ જતાં પરિવારે શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન પરિવારના સભ્યોને હિન્દીમાં એક ધમકીભર્યો મેસેજ મળ્યો હતો, જેમાં લખ્યું હતું કે જો ૫૦ લાખ રૂપિયા નહીં મળે તો યુવકની લાશ મળશે. આ મેસેજ વાંચીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. ઘટનાની ગંભીરતા જોઈને સુરત પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે યુવકના મોબાઈલ લોકેશન અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસને જાણવા મળ્યું કે યુવકનું લોકેશન ગોધરામાં છે. સુરત પોલીસે તાત્કાલિક ગોધરા પોલીસનો સંપર્ક કર્યો અને ત્યાંની એક સ્થાનિક હોટલમાં દરોડો પાડ્યો હતો.

ખેડા જિલ્લાના મહેમદાવાદમાં દારૂ-જુગારની રેલમછેલ, પોલીસની મિલીભગતથી લઠ્ઠાકાંડનો ખતરો?

# મહેમદાવાદ PI રાઠોડ અને એલસીબીની રહેમનજર હેઠળ ધમધમતા અસામાજિક ધંધા

**વહીવટદાર જયેશ રબારીના નામે ઉઘરાણાના ગંભીર આક્ષેપો**

ખેડા

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેવો ઘાતક કિસ્સો ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાંથી સામે આવ્યો છે. મહેમદાવાદ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગોદલી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂ અને જુગારના અડ્ડાઓ બેખોફ થઈને ચાલી રહ્યા છે. સ્થાનિક પોલીસથી લઈને એલસીબી સુધીની કથિત મિલીભગતના કારણે સમગ્ર પંથકમાં દારૂની નદીઓ વહી રહી છે, જેના કારણે ભવિષ્યમાં કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય તો નવાઈ નહીં તેવી ગંભીર સ્થિતિ પેદા થઈ છે.

મહેમદાવાદના ગોદલી ગામમાં લાલો નામનો બુટલેગર જાહેરમાં દારૂનો કાળો કારોબાર ચલાવી રહ્યો છે. આ બુટલેગર એટલો બેફામ બન્યો છે કે તે લોકોને જાહેરમાં દારૂ પીવડાવી રહ્યો છે. આ ઉપરાંત અશોક, રાકેશ અને ખાત્રેજ જેવા ગામોમાં પણ ઈંગ્લિશ દારૂનું વેચાણ, દેશી દારૂની ભઠ્ઠીઓ અને જુગારધામો ધમધમી રહ્યા છે. સમગ્ર મહેમદાવાદ પંથકમાં અંદાજે ૨૫ થી ૩૫ જેટલા ગેરકાયદેસર અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે દેશી દારૂની ભઠ્ઠીઓમાં કેમિકલયુક્ત ઝેરી દારૂ બનાવવામાં આવી રહ્યો છે, જે સામાન્ય નાગરિકોના જીવ માટે મોટું જોખમ છે. આ સમગ્ર કાળા કારોબાર અંગે મહેમદાવાદ પોલીસ સ્ટેશનના પીઆઈ રાઠોડને વારંવાર જાણ કરવા છતાં તેમના દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પોલીસ માત્ર હપ્તાખોરી અને પૈસા લેવામાં જ રસ ધરાવતી હોય તેવા આક્ષેપો ઉઠ્યા છે. આટલું ઓછું હોય તેમ, ખેડા જિલ્લા પોલીસ વડા (એસપી) પણ આ ગંભીર બાબતે મૌન સેવી રહ્યા છે, જેના કારણે ગુનેગારોના હોંસલા બુલંદ બન્યા છે. જિલ્લાની ગુનાખોરી ડામવાની જેની મુખ્ય જવાબદારી છે તે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ના પીઆઈ પણ બુટલેગરો સામે આંખ આડા કાન કરી રહ્યા છે. ચર્ચા મુજબ, એલસીબી વતી જયેશ રબારી નામનો કથિત વહીવટદાર આખા જિલ્લામાં ગેરકાયદેસર ધંધાવાળાઓ પાસેથી વહીવટ ઉઘરાવે છે. આ વહીવટદાર અને એલસીબી પીઆઈ જાણે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના ઝીરો ટોલરન્સના દાવાઓને ખુલ્લી ચેલેન્જ આપી રહ્યા હોય તેમ રોજ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે.

## તંત્રી લેખ...

### જીવન દર્શન: અંતરનું સુખ અને સાચી શાંતિ જ માણસનું અસલી ચરિત્ર છે

આજના આધુનિક અને દેખાડાથી ભરેલા યુગમાં આપણી જિંદગી જાણે બીજાના અભિપ્રાયોની ગુલામ બની ગઈ છે. સોશિયલ મીડિયાના લાઈક્સ અને કોમેન્ટ્સના જમાનામાં આપણે બધા એક અંધારી દોડમાં દોડી રહ્યા છીએ, જ્યાં દરેક વ્યક્તિ બસ એ જ ચિંતામાં ઓગળી રહી છે કે 'લોકો મને સારો ગણે'. આપણું ચરિત્ર કેવું છે, સમાજ આપણા વિશે શું બોલે છે, તે વાતના ટેન્શનમાં આપણે આપણા મનની શાંતિ અને રાતોની ઊંઘ હરામ કરી નાખીએ છીએ. પરંતુ ક્યારેય પ્રશાંત ચિત્તે બેસીને આપણે વિચાર્યું છે ખરું કે વાસ્તવમાં 'ચરિત્ર' એટલે શું? દુનિયાને બતાવવા માટે કે લોકોના પ્રમાણપત્રો મેળવવા માટે ચોખ્ખું ચરિત્ર ઊભું કરવાની પાછળ જરાય શક્તિ વેડફવાની જરૂર નથી. અસલી મહેનત, અસલી



પુરુષાર્થ તો પોતાને આંતરિક રીતે પ્રફુલ્લિત, ખુશ અને શાંત રાખવા માટે કરવાનો છે.

પરિસ્થિતિ ગમે તે હોય, ભીતરનો આનંદ અકબંધ રહેવો જોઈએ

જિંદગીનો અસલી નિયમ એ છે કે સમય હંમેશાં એકસરખો નથી રહેતો. સુખ પછી દુ:ખ અને તડકા પછી છાંયડો કુદરતી છે. પરિસ્થિતિ ગમે તેટલી વિપરીત હોય, સંજોગો આપણી ઈચ્છા વિરુદ્ધના હોય, છતાં પણ અંદરથી વિચલિત થયા વગર શાંત અને સ્થિર રહેવાની કળા શીખવી એ જ જીવનની સાચી કમાણી છે. ચરિત્રનું તો એવું છે કે, દુનિયામાં જેટલા મોઢા એટલી વાતો. લોકો પોતાની દૃષ્ટિ, પોતાની માનસિકતા, પોતાના પૂર્વગ્રહો અને પોતાની સમજણ શક્તિ પ્રમાણે સામે વાળા માણસને માપતા હોય છે. આપણે હંમેશાં બીજાના ચશ્માથી આપણી જાતને જોઈએ છીએ અને આપણું ચરિત્ર સારું છે કે ખરાબ તે માની લઈએ છીએ. પરંતુ જરા વિચારો, જો તમે આંતરિક રીતે પરમ સંતોષ અને શાંતિનો અનુભવ કરી રહ્યા છો, તો પછી તમારું ચરિત્ર કેવું છે તેનો અહંકાર કે વિચાર સુધ્ધાં કરવાની કોઈ જરૂર રહેતી નથી.

સુખ અને શાંતિ: શ્રેષ્ઠ ચરિત્રનું કુદરતી પ્રમાણપત્ર

જે વ્યક્તિ પોતાના આત્મા સાથે સંવાદ સાધી શકે છે, જે અંદરથી સુકૂન અનુભવે છે અને શાંત છે, તેની આ જ સ્થિરતા તેના શ્રેષ્ઠ ચરિત્રનું અકાટ્ય પ્રમાણ છે. આ બ્રહ્માંડનો અને કુદરતનો એક અફર નિયમ છે કે જ્યારે પણ આપણે કોઈ ખોટું, અનૈતિક કે ખરાબ કામ કરતા હોઈએ છીએ, ત્યારે આપણું મન ક્યારેય શાંત રહી શકતું નથી. જે ચોર છે, કપટી છે, લાલચુ છે, ચીટર કે ચાલબાઝ છે, તે ગમે તેટલા ભૌતિક સુખો ભોગવતો હોય તો પણ ક્યારેય અંદરથી સાચો ખુશ કે શાંત હોઈ શકતો નથી. દગાખોરી કે સ્પર્ધાની આગમાં બળતો માણસ હંમેશાં એક અજ્ઞાત ભય અને અશાંતિની ભઠ્ઠીમાં શેકાતો રહે છે. પાપનો સીધો સંબંધ અશાંતિ સાથે છે અને પુણ્યનો સીધો સંબંધ પરમ શાંતિ સાથે છે.

ચરિત્રની વ્યાખ્યા બદલવાની જરૂર છે

આપણા સમાજમાં ચરિત્રની વ્યાખ્યાને બહુ સીમિત અને સંકુચિત કરી દેવામાં આવી છે. સામાન્ય રીતે લોકો ચરિત્રને માત્ર શારીરિક સંબંધો અથવા કોઈ એક વ્યક્તિ સાથેના ફિઝીકલ રિલેશન પૂરતું જ સીમિત કરીને જુએ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ચરિત્ર એ બહુ વ્યાપક શબ્દ છે. તેને માત્ર શારીરિક પવિત્રતાના ચોકઠામાં કેદ ન રાખી શકાય. ખરેખર તો જેનું મન અદ્વેષી છે, જેના ભાવો ચોખ્ખા કાચ જેવા પારદર્શક છે, જે ક્યારેય કોઈનું ખરાબ વિચારતો નથી કે કોઈનું અહિત કરતો નથી, અને જે પોતાના હોવામાં જ તૃપ્ત, મસ્ત અને સંતોષી છે, તે જ સાચો ચરિત્રવાન માણસ છે.

ચરિત્ર એ બજારમાંથી ખરીદીને ઓઢવાનું કોઈ વસ્ત્ર નથી, એ તો વ્યક્તિની આધ્યાત્મિક અને માનસિક પરિપક્વતામાંથી આપોઆપ પ્રગટ થતી સુવાસ છે. માણસ જ્યારે ગમે તેવી ભયાનક પરિસ્થિતિમાં પણ હખણો બેસી શકે, લોભ-લાલચની સામે ડગ્યા વગર સ્થિર રહી શકે, ત્યારે તેની અંદરની શાંતિ જ તેના ચરિત્રને દીપાવી ઉઠે છે. ટૂંકમાં કહીએ તો, ચરિત્ર અને આંતરિક શાંતિ બંને એક જ ત્રાજવે જોખી શકાય તેવી પરસ્પર જોડાયેલી બાબતો છે.

પહેલાં ખુદની ઈજ્જત કરતાં શીખો

લોકો શું કહેશે કે લોકો શું વિચારશે, એ દુનિયાનો સૌથી મોટો રોગ છે. આ રોગમાંથી મુક્ત થઈને પોતાના નિજ આનંદ અને પોતાના હોવાની ખુશી પર વધારે ધ્યાન આપવું જોઈએ. જો તમારી ભીતર ગંગા જેવી પવિત્ર શાંતિ વહેતી હશે, તો તમારું ચરિત્ર ઓટોમેટિક સાફ થઈ જશે, તેને સાફ કરવા માટે અલગથી કોઈ સાબુ કે પાવડરની જરૂર નહીં પડે. સમાજમાં ઈજ્જત અને સન્માન લોકોના અભિપ્રાયોથી નથી નક્કી થતા, કારણ કે આ એ જ દુનિયા છે જે ક્ષણભરમાં ભગવાનમાં પણ ખામીઓ શોધી કાઢે છે. માટે, લોકો પાસે આદર કે સન્માનની ભીખ માંગવા કરતાં, સૌથી પહેલાં ખુદ પોતાની નજરમાં પોતાની ઈજ્જત કરતાં શીખો. જ્યારે તમે રાત્રે સૂતી વખતે અરીસામાં પોતાની જ આંખોમાં આંખ પરોવીને ગર્વ અને સંતોષથી ઊભા રહી શકો, ત્યારે સમજી લેવું કે તમારી અંદર રહેલો માણસ જીવતો પણ છે, જાગતો પણ છે અને પરમ ચરિત્રવાન પણ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અધિક માસમાં શ્રદ્ધાળુઓનો ભક્તિભાવ વધ્યો: ગ્રામીણ આવકમાં વધારો

અધિક મહિનો વિદાય લઈ ચૂક્યો છે. મોટાભાગનાં મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભીડ લગભગ અડધી થઈ ગઈ છે. અધિક મહિનામાં મંદિરોની આવક ત્રણ ગણી થઈ હોવાનું મનાય છે. જે પવિત્ર મંદિરો ગામડામાં ઊભાં છે તે ગામના લોકોની આવકમાં પણ બમણો વધારો થયો છે.


ધામક સ્થળોને અધિક માસ ફળ્યો છે. બે દિવસ અગાઉ વિદાય લેનારા અધિક માસમાં ભલે શુભ કામોનો નિષેધ હતો, પરંતુ દર્શન-પૂજન તેમજ દાન-દક્ષિણા આપાવા જેવી ધાર્મિક ક્રિયાઓ લોકોએ મન ભરીને કરી. અધિક માસના છેલ્લા દિવસે આવેલી સોમવતી અમાસના દિવસે મંદિરોમાં દાનનો વરસાદ વરસ્યો હતો એમ કહી શકાય.

દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે. અધિક માસમાં કરવામાં આવતા પૂજન-દાન વગેરેનો મહિમા સતત વધી રહ્યો છે. અધિક સાસમાં કરેલું પૂજન અને દાન વિશેષ ફળ આપે છે તેવી શ્રદ્ધામાં જાણે કે ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ગુજરાતનાં મંદિરો, ખાસ કરીને ડાકોર, દ્વારકા, સોમનાથ, વડતાલ, અંબાજીનાં મંદિરોમાં લાખો દર્શનાર્થીઓ ઉમટયા હતા. અધિક માસમાં કાળઝાળ ગરમીનો અનુભવ થતો હોવા છતાં દર્શનાર્થીઓ પર તેની કોઈ અસર થઈ નહોતી.

મંદિરો ગામડાના અર્થતંત્રને વેગ આપતાં હોય છે અને અધિક માસના સમયમાં આ વેગ બમણો બનતો હોય છે. ગુજરાતનાં અનેક નાનાં-મોટાં શહેરોમાંથી ધામક પ્રવાસોનાં આયોજન થયાં હોય છે. ગામડાંના અર્થતંત્રને મંદિરો વેગવંતું રાખે છે. લોકો વધુ દાન કરવા માટે પ્રેરાય આશય ઉત્સવોના ગર્ભમાં છુપાયેલો હોય છે.

લોકો વિવિધ રીતે પોતાની શ્રદ્ધા અનુસાર ભગવાનને ચીજો અર્પણ કરતા હોય છે. અયોધ્યામાં એક કિસાન ભગવાનને સોનું કે ઝવેરાત ચઢાવવાના બદલે એક લાખ રૂપિયાની મિયાઝાકી પ્રકારની કેરી અર્પણ કરી હતી. મિયાઝાકી જાપાનની દુર્લભ કેરી છે. વિશ્વની આ સૌથી મોંઘી કેરી છે. વિશ્વમાં તે 'એગ ઓફ ધ સન' તરીકે ઓળખાય છે. અયોધ્યાના રામ મંદિરમાં પહેલીવાર મિયાઝાકી કેરી અર્પણ કરાઈ હોય તેવો આ પહેલો પ્રસંગ હતો.

અયોધ્યાના સ્થાનિક કિસાને જાપાનથી મિયાઝાકીની કલમો લાવીને તેનું ઉત્પાદન કર્યું હતું. મિયાઝાકીના પાક માટે ભારતનું હવામાન અનુકૂળ નથી હોતું, પરંતુ કિસાને સખત મહેનત કરીને તેનાં વૃક્ષો ઉછેર્યાં હતાં. પાંચ વર્ષ બાદ તેના પર ફળ આવ્યાં હતાં. વૈશ્વિક બજારમાં મિયાઝાકી કેરીના એક કિલોનો ૨.૫થી ૩ લાખનો ભાવ ઉપજે છે. એક મિયાઝાકી કેરીની કિંમત એક લાખ રૂપિયા હોઈ શકે છે અને તેથી જ તેને વિશ્વની સૌથી મોંઘી કેરી હોવાનું વિશેષણ મળ્યું છે. તુલસીના પાંદડાની



બેઠક બનાવીને તેના પર મિયાઝાકી કેરી મૂકીને તે ભગવાન રામને અર્પણ કરાઈ હતી. મિયાઝાકી રસપ્રચૂર હોવાની સાથે તેમાં પોષક તત્ત્વો પણ બહુ મોટી માત્રામાં હોય છે. આપણે ત્યાં પહેલો પાક ભગવાનને અર્પણ કરવાની આમેય પરંપરા છે.

અધિક મહિનો પૂરો થતાં કેટલાંક શુભ કામો પરના પ્રતિબંધો દૂર થયા છે. અધિક માસ દરમિયાન મંદિરો સાથે જોડાયેલા નાના-મોટા તમામ બિઝનેસને તેજીનો અનુભવ થયો છે. ટ્રાવેલ બિઝનેસ સાથે સંકળાયેલા લોકોને અધિક માસ નિમિત્તે વિવિધ ધામક પ્રવાસ કાર્યક્રમોના વધુ ઓર્ડર મળ્યા હતા.

કોઈ પણ ધામક સ્થળ લો. ઉદાહરણ તરીકે દ્વારકા કે ડાકોર. અહીંના સ્થાનિક લોકોને પાકગથી માંડીને ઠંડું પાણી પીવડાવવા સુધી કે ચાની રેંકડી સુધીના, કોઈ રોકાણ વિનાના બિઝનેસમાં સારી એવી કમાણી થઈ હતી. સામાન્ય રીતે તહેવારોના સમયમાં ધામક સ્થળોની આવક વધતી હોય છે, પરંતુ અધિક માસમાં સતત ત્રીસ દિવસ સુધી શ્રદ્ધાળુઓનો ઘસારો જોવા મળે છે, જેના પગલે આવક પણ વધતી રહે છે.

ખાનગી દુકાનદારો પોતાની આવક જાહેર નથી કરતા, પરંતુ ધામક સ્થળે આવતા લોકો વિવિધ ખરીદી કરતા હોય છે. પ્રસાદ ઘર લઈ જવાનો, પૂજન સામગ્રી, રસોઈમાં વપરાતાં વાસણો, કપડાં, ચા-નાસ્તો-ભોજન વગેરે જેવી બાબતોમાં ખર્ચ કરવામાં આવતો હોય છે. ધાર્મિક પ્રવાસે જઈએ એટલે ટિકિટભાડા અને ઉતારા ઉપરાંત બીજા ઘણા ખર્ચ થતા હોય છે, જેમાં હજારો રૂપિયા વપરાય છે.

કુટુંબ સાથે ગયેલા લોકો સામાન્યપણે હાથ છૂટો રાખે છે. કે જેથી યાત્રા સંતોષજનક સાબિત થાય.

ધારો કે કોઈ પરિવાર જે-તે ધાર્મિક સ્થળે કુલ પાંચ હજાર રૂપિયાનો ખર્ચ કરે તો તે નાણું તે સ્થળના અર્થતંત્રને મજબૂત કરવાનું જ કામ કરે છે. ધામક સ્થળના વેપારીઓ અધિક માસમાં થતી આવકને ક્યારેક દિવાળીના તહેવારોમાં થતી આવક સાથે સરખાવે છે.

# ભારત અને બ્રિટન વ્યાપાર સમજૂતી : 99 ટકા ભારતીય ઉત્પાદનોને બ્રિટનમાં ડયુટી ફ્રી એન્ટ્રી

**ભારત-બ્રિટન-વચ્ચે વ્યાપારી સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થવાનો છે : આગામી 15મી જુલાઈથી બંને દેશો વચ્ચે કોમ્પ્રીહેન્સીવ ઇકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીઈટીએ) અમલી બનશે તે સામાજિક સુરક્ષા સાથે પણ જોડાયેલા છે. તેથી ભારતનાં 99 ટકા ઉત્પાદનો બ્રિટનનાં બજારમાં કોઈ ડયુટી સિવાય સીધી એન્ટ્રી મેળવી શકશે. તેટલું જ નહીં પરંતુ ત્યાં કામ કરનારા ભારતીયોને માટે બેવડા ટેક્સની મુક્તિની સીમા જે અત્યારે 3 વર્ષની છે તે વધારી પાંચ વર્ષ કરવામાં આવી છે.**

નવી દિલ્હી : ભારત-બ્રિટન-વચ્ચે વ્યાપારી સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થવાનો છે : આગામી ૧૫મી જુલાઈથી બંને દેશો વચ્ચે કોમ્પ્રીહેન્સીવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીઈટીએ) અમલી બનશે તે સામાજિક સુરક્ષા સાથે પણ જોડાયેલા છે. તેથી ભારતનાં ૯૯ ટકા ઉત્પાદનો બ્રિટનનાં બજારમાં કોઈ ડયુટી સિવાય સીધી એન્ટ્રી મેળવી શકશે. તેટલું જ નહીં પરંતુ ત્યાં કામ કરનારા ભારતીયોને માટે બેવડા ટેક્સની મુક્તિની સીમા જે અત્યારે ૩ વર્ષની છે તે વધારી પાંચ વર્ષ કરવામાં આવી છે. આથી ભારતીય પ્રોસેસ્ડ ફૂડ ઉપર અત્યારે લાગતો ૭૦ ટકા ટેક્ષ દૂર થઈ જશે. સમુદ્રીય ઉત્પાદનો ઉપરનો ૨૧.૫ ટકા, એન્જિનિયરિંગ અને મોટો પાર્ટસ પર લાગતાં ૧૮ ટકા, ચામડાં તથા બૂટ પર લાગતો ૧૬ ટકા તથા કપડાં પર લાગતો ૧૨ ટકા જેટલો ભારે આયાત કર હવે શૂન્ય થઈ જશે. આથી ભારતનાં નાનાં મોટાં કારખાનાં ખેડૂતો તથા માછીમારો પોતાનો માલ બ્રિટનની બજારોમાં સરળતાથી વેચી શકશે. ભારતીય મેન્યુફેકચરિંગ કંપનીઓને નવી તાકાત મળશે. જો કે ડેરી ઉત્પાદનો, અનાજ અને સફરજન જેવાં ઉત્પાદનો તેમાંથી બાકાત રખાયાં છે. ભારતીયો બ્રિટનમાં પોતાનો દબદબો રાખી રહ્યા છે. બ્રિટને તેવાં ૧૩૭ સર્વિસ સેક્ટર્સમાં ભારતીયોને એન્ટ્રી આપી છે. તેમાં આઈટીપ્રોફેશન્સ, શિક્ષિત ટેલીકોમ તથા હેલ્થકેર સામેલ છે. નવી સામજિક સુરક્ષા સમજૂતી નીચે બ્રિટનમાં



કાર્યરત ભારતીય ધંધાર્થીઓને બેવડાં સામાજિક સુરક્ષા યોગદાન (ડબલ ટેક્ષ)માંથી ત્રણ વર્ષ સુધી મળતી યુક્તિની સીમા પાંચ વર્ષ કરવામાં આવી છે. આથી ૭૫,૦૦૦ જેટલા વ્યવસાયીઓ અને ૯૦૦ જેટલી કંપનીઓને લાભ થશે. તે ઉપરાંત ૧,૮૦૦ જેટલા શેફ (રસોઈયા) યોગ પ્રશિક્ષકો, શાસ્ત્રીય સંગીતકારોને પણ દર વર્ષે કામ કરવાની તક મળશે. ભારતે આ સમજૂતીમાં ૮૫ ટકા જેટલા સ્ટીલ નિકાસકારોને તેમાંથી બહાર રખાયા છે. બાકીના ૧૫ ટકા વિશેષ ક્વોટા સીસ્ટમ નીચે બ્રિટને આવરી લીધા છે. અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર લાદેલાં ટેક્ષ પછી બ્રિટન ભારત માટે મહત્ત્વનું ક્ષેત્ર બની રહેશે. ભારત અને બ્રિટન(UK) વચ્ચે આખરે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ(FTA) લાગુ થવાની તારીખ જાહેર થઈ ગઈ છે. આગામી મહિનાની 15 જુલાઈ, 2026થી આ કરાર સત્તાવાર રીતે અમલી બનશે. આ સમજૂતી લાગુ થવાની સાથે જ બંને દેશો વચ્ચે આયાત અને નિકાસ થતી અસંખ્ય વસ્તુઓ પરના ટૅરિફ(આયાત ડ્યુટી)માં મોટો ઘટાડો જોવા મળશે. આ ઐતિહાસિક વ્યાપાર કરારથી લાંબા ગાળે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારમાં દર વર્ષે 25.5 અબજ પાઉન્ડનો જંગી વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બંને દેશોએ આ જાહેરાતને પોતાના આર્થિક સંબંધો માટે એક ખૂબ જ મહત્ત્વનો માઈલસ્ટોન ગણાવ્યો છે. બ્રિટિશ ઈકોનોમીને મળશે બૂસ્ટ, 28 દિવસની તૈયારીનો સમય આ કરાર અંગેની જાહેરાત બાદ હવે ભારત અને બ્રિટનના ઉદ્યોગો-વ્યવસાયોને નવી શરતો મુજબ વ્યાપારની તૈયારી કરવા માટે 28 દિવસનો સમય આપવામાં આવ્યો છે. બ્રિટિશ સરકારના અંદાજ મુજબ, આ કરારથી બ્રિટનની અર્થવ્યવસ્થામાં 4.8 અબજ પાઉન્ડનો વધારો થશે અને ત્યાંના વાસ્તવિક વેતનમાં 2.2 અબજ પાઉન્ડની વૃદ્ધિ જોવા મળશે. લંડન આ કરારને ભારત દ્વારા અત્યાર સુધીનો સૌથી મોટો અને વ્યાપક વ્યાપાર સમજૂતી ગણાવી રહ્યું છે. બ્રિટનના વ્યાપાર અને વાણિજ્ય બાબતોના રાજ્ય સચિવ પીટર કાઈલે જણાવ્યું કે, તેઓ આ કરારને વહેલી તકે લાગુ કરી રહ્યા છે જેથી પહેલા જ વર્ષમાં અંદાજે 400 મિલિયન પાઉન્ડના ટૅરિફ કટનો સીધો લાભ સામાન્ય જનતા અને ઉદ્યોગોને મળી શકે. પીએમ મોદીએ કહ્યું- 'વિકસિત ભારત 2047'ના લક્ષ્યમાં મોટું યોગદાન ભારત-બ્રિટન વચ્ચેના આ વ્યાપાર કરાર પર ખુશી વ્યક્ત કરતાં પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું છે કે, ભારત-બ્રિટનના સંબંધો માટે આ એક ઐતિહાસિક સિદ્ધિ છે. 15 જુલાઈ, 2026થી લાગુ થઈ રહેલો આ વ્યાપાર કરાર બંને દેશો વચ્ચે વ્યાપાર અને રોકાણને અભૂતપૂર્વ વેગ આપશે. આ સમજૂતીથી દેશના ખેડૂતો, શ્રમિકો, MSMEs અને સ્ટાર્ટઅપ્સ માટે પ્રગતિની નવી તકો ખુલશે, જે વર્ષ 2047 સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને સાકાર કરવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. કાર સસ્તી થશે, ભારતીય કપડાં-જૂતાંને મળશે મોટો ફાયદો આ FTA લાગુ થવાથી ગ્રાહકોને મોટો ફાયદો થવા જઈ રહ્યો છે. આ કરાર હેઠળ ભારતમાં બ્રિટિશ વ્હિસ્કી પર લાગતો 150% જેટલો જંગી ટૅરિફ ઘટીને હવે માત્ર 40% થઈ જશે, જેનાથી બ્રિટનના સ્કૉચ વ્હિસ્કી બિઝનેસને મોટો ફાયદો થશે. આ ઉપરાંત, કોટા વ્યવસ્થા હેઠળ બ્રિટિશ ઓટોમોબાઈલ (કાર) પરનો ટૅરિફ પણ 100%થી ઘટાડીને માત્ર 10% કરી દેવાશે.

## પશુઆહારમાં કેમિકલ યુરિયાની ભેળસેળ

દૂધમાં પાણી, ડિટર્જન્ટ અને સિન્થેટિક કેમિકલ્સની ભેળસેળના સમાચાર અવારનવાર આવતા રહે છે. હવે ભેળસેળનો ખેલ પશુઓના ચારા સુધી પહોંચી ગયો છે. ચિંતાની વાત એ છે કે તેની અસર પશુઓની સાથે આપણા સ્વાસ્થ્ય પર પણ પડી રહી છે. તાજેતરમાં રાજસ્થાનમાંથી પશુઆહારમાં નિર્ધારિત મર્યાદા (1%) કરતાં વધુ (લગભગ 1.5% થી 4% સુધી) યુરિયા ભેળવવાનો મામલો સામે આવ્યો છે. વધુ ચિંતાની વાત એ છે કે, તેમાં ફીડ ગ્રેડને બદલે ખરાબ ગુણવત્તાનું યુરિયા ભેળવવામાં આવી રહ્યું છે. મર્યાદિત માત્રામાં 'ફીડ ગ્રેડ યુરિયા'નો ઉપયોગ પશુઓના પોષણ માટે કરવામાં આવે છે. પરંતુ જરૂરિયાત કરતાં વધુ કે ખરાબ ગુણવત્તાનું યુરિયા પશુઓના સ્વાસ્થ્યને બગાડી શકે છે. તેની અસર દૂધની ગુણવત્તા પર પણ પડે છે. યુરિયા પશુઓ માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત નથી. નિર્ધારિત માત્રામાં ફીડ ગ્રેડ યુરિયા (પશુઓના ખાવા માટેનો યુરિયા) નોન-પ્રોટીન નાઈટ્રોજન (NPN) સ્ત્રોત તરીકે ઉપયોગ થાય છે. ગાય-ભેંસ જેવા વાગોળતા પશુઓ તેને પોતાના પેટમાં રહેલા સૂક્ષ્મજીવોની મદદથી પ્રોટીનમાં બદલી શકે છે. આનાથી ચારાની ન્યુટ્રિશન ગુણવત્તા વધારવામાં અને ખર્ચ ઘટાડવામાં મદદ મળે છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ આર્ટિફિશિયલ પ્રોટીનની માત્રા વધુ દર્શાવવા માટે થાય છે. સમસ્યા ત્યારે થાય છે, જ્યારે પશુઆહારમાં નિર્ધારિત મર્યાદાથી વધુ અથવા ઈન્ડસ્ટ્રિયલ યુરિયા ભેળવવામાં આવે છે. ફીડ ગ્રેડ યુરિયા: આ ખાસ કરીને પશુઓ માટે બનાવવામાં આવે છે. તેમાં હાનિકારક તત્વોની માત્રા નિર્ધારિત ધોરણોની અંદર રાખવામાં આવે છે, તેથી તે મર્યાદિત માત્રામાં પશુઓ માટે સુરક્ષિત માનવામાં આવે છે.

## અમેરિકન સાંસદે ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું, કહ્યું- ભારતમાં મુસ્લિમોનો નરસંહાર થઇ રહ્યો છે...

વોશિંગ્ટન

અમેરિકામાં મુસ્લિમ સમુદાયના મુદ્દા પર આયોજિત એક કાર્યક્રમમાં અમેરિકન સાંસદ ઈલ્હાન ઉમરે ફરી એકવાર ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે. કોઈ પણ સત્તાવાર આંકડા કે પુખ્ત તથ્યો વિના તેમણે ભારત પર લઘુમતીઓના નરસંહારનો ગંભીર આરોપ લગાવ્યો છે. ઈલ્હાન ઉમરે દાવો કર્યો છે કે ભારત નરસંહારના 'આઠમા તબક્કા'માં પહોંચી ગયું છે અને ત્યાં આ બધું હવે સામાન્ય બની રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ઈલ્હાન ઉમર અગાઉ પણ આવા વિવાદાસ્પદ નિવેદનો આપવા માટે જાણીતા છે. ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલના કાર્યક્રમમાં ઝેર ઓક્યું મીડિયા અહેવાલો અનુસાર, ગત 7 જૂનના રોજ 'ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ' (IAMC) દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના વીડિયો હવે સામે આવ્યા છે. આ કાર્યક્રમમાં અમેરિકન ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ ઈલ્હાન ઉમરે પીએમ મોદીનું નામ લેતા જણાવ્યું કે, ભારતમાંથી આવી રહેલા અહેવાલો મુજબ તે નરસંહારના આઠમા તબક્કામાં છે. આપણા માટે આ અંગે એલર્ટ રહેવું જરૂરી છે કારણ કે આ માત્ર મોદી પ્રશાસન પૂરતું સીમિત નથી, પરંતુ હવે તે વ્યવસ્થિત રીતે સમાજનો એક ભાગ બની રહ્યું છે. પોતાના ભાષણમાં ઈલ્હાન ઉમરે 'જીનોસાઈડ વોચ' નામની સંસ્થાના સ્થાપક ગ્રેગરી એચ. સ્ટેન્ટનની એક થિયરીનો ઉલ્લેખ કર્યો હતો. આ થિયરી મુજબ નરસંહારના કુલ 10 તબક્કા હોય છે, જેમાં આઠમો તબક્કો 'ઉત્પીડન' (પરેશાન કરવા)નો માનવામાં આવે છે. આ તબક્કામાં કોઈ લઘુમતી જૂથને મોટા પાયે નિશાન બનાવી તેમના અધિકારો છીનવી લેવામાં આવે છે અને તેમને પાયાની સુવિધાઓથી વંચિત રાખવાના પ્રયાસો થાય છે. પાકિસ્તાન પ્રેમ અને સોમાલિયા કનેક્શન મૂળ સોમાલિયાના રહેવાસી અને બાદમાં અમેરિકામાં સ્થાયી થયેલા ઈલ્હાન ઉમર અવારનવાર પાકિસ્તાન તરફી વલણ અપનાવવા માટે ચર્ચામાં રહે છે. તેઓ કાશ્મીર મુદ્દે પણ ભારત વિરોધી નિવેદનો આપતા આવ્યા છે. જોકે, રસપ્રદ વાત એ છે કે એકતરફ તેઓ ભારતમાં લઘુમતીઓની ચિંતા કરે છે, તો બીજી તરફ અમેરિકામાં ખુદ સોમાલી મૂળના લોકો ભેદભાવનો સામનો કરી રહ્યા છે.




### ચોમાસાની શરૂઆત સાથે જ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી

# પાવી જેતપુર પાસે સિહોદ ડાયવર્ઝન ધોવાયું: વાહનચાલકોને 40 KMનો ફેરો

## નેશનલ હાઇવે-56 પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ : સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે





**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર પંથકમાં ચોમાસાના પ્રથમ વરસાદે જ પ્રશાસન અને કોન્ટ્રાક્ટરોની નબળી કામગીરીની પોલ ખોલી નાખી છે. ગુજરાત અને મધ્યપ્રદેશને જોડતા અતિ મહત્વપૂર્ણ એવા નેશનલ હાઈવે નંબર-૫૬ પર પાવી જેતપુર પાસે આવેલું સિહોદ ડાયવર્ઝન પ્રથમ વરસાદમાં જ ભારે નુકસાન થવાના કારણે સુરક્ષાના પગલાં રૂપે તંત્ર દ્વારા ભારે વાહનોની અવરજવર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ માર્ગ બંધ થતાં વાહનચાલકોને અંદાજે ૪૦ કિલોમીટરથી વધુનો લાંબો ફેરો ફરવાની નોબત આવી છે. મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર જિલ્લાના સિહોદ નજીક નેશનલ હાઈવે-૫૬ પર નવા બ્રિજના કામકાજને લીધે વાહનોની અવરજવર માટે કામચલાઉ ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું. જોકે, ગત રોજ પંથકમાં પડેલા પ્રથમ વરસાદ માં જ આ ડાયવર્ઝન ને નુકશાન થયું હતું. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સામાન્ય વરસાદમાં જ ડાયવર્ઝન તૂટી પડતાં તંત્રની નબળી પ્રિ-મોન્સૂન કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. આ હાઈવે ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે વેપાર અને મુસાફરી માટેની મુખ્ય કડી સમાન છે. ડાયવર્ઝન ધોવાઈ જતાં આ માર્ગ પરનો વાહનવ્યવહાર ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત થયો છે. તંત્ર દ્વારા અકસ્માત નિવારવા માટે ભારે વાહનોના પ્રવેશ પર રોક લગાવી દેવામાં આવી છે. ટ્રક અને અન્ય ભારે માલવાહક વાહનોને વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરવામાં આવતા ચાલકોને આર્થિક નુકસાન અને સમયનો બગાડ વેઠવો પડી રહ્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ડાયવર્ઝનની કામગીરીમાં ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે અને હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરવામાં આવ્યું હોવાને કારણે જ તે પ્રથમ વરસાદ પણ ઝીલી શક્યું નથી. સ્થાનિકોએ આ સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે. તેમજ સરકારી નાણાંનો વ્યય કરનારા અને લોકોના જીવ જોખમમાં મૂકનારા જવાબદાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.હાલમાં હાઈવે ઓથોરિટી દ્વારા માર્ગના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે, પરંતુ રસ્તો ક્યારે સંપૂર્ણ કાર્યરત થશે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# કઠલાલમાં રાજકીય ભૂકંપ : ભાજપ અગ્રણીનો આત્મહત્યાનો પ્રયાસ..!

## ધારાસભ્ય રાજેશ ઝાલા અને તેમના PA સામે ગંભીર આક્ષેપો

**કઠલાલ**

ખેડા જિલ્લાના કઠલાલ પંથકમાં ભાજપનો આંતરિક જૂથવાદ અને વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. કઠલાલ તાલુકા પંચાયતના ભાજપના મહિલા સભ્ય આરતીબેન ડાભીના પતિ અને ભાજપના સ્થાનિક અગ્રણી કાર્યકર જીગ્નેશ ડાભીએ ઝેરી પદાર્થ ગટગટાવીને આત્મહત્યાનો પ્રયાસ કરતાં સમગ્ર પંથકમાં અને રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. હાલ આ નેતાને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ આખી ઘટના પાછળ કઠલાલ-કપડવંજના ભાજપના ધારાસભ્ય રાજેશ ઝાલા અને તેમના પર્સનલ આસિસ્ટન્ટ (PA) યશરાજ સામે ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. આત્મહત્યાના પ્રયાસ પહેલા સોશિયલ મીડિયા પર એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ હોવાની ચર્ચા છે. આરોપ છે કે ધારાસભ્ય અને તેમના પીએ દ્વારા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને રાજકીય ખેંચતાણના કારણે કંટાળીને ભાજપના જ અગ્રણીએ આ આત્યંતિક પગલું ભરવાની ફરજ પડી હતી.

ગુજરાતમાં ભાજપ શિસ્તબદ્ધ પાર્ટી ગણાય છે, પરંતુ ખેડા જિલ્લામાં આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે અંદરખાને મોટો અસંતોષ અને જૂથવાદ ભભૂકી રહ્યો છે. ભાજપના જ એક ચૂંટાયેલા પ્રતિનિધિના પતિ અને સક્રિય કાર્યકર જ્યારે પોતાની જ પાર્ટીના ધારાસભ્યથી કંટાળીને ઝેર પીવા મજબૂર બને, ત્યારે સંગઠન અને સરકાર સામે પણ અનેક સવાલો ઊભા થાય છે.

આ હાઈપ્રોફાઈલ મામલાની ગંભીરતાને જોતાં સ્થાનિક પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વાયરલ ઓડિયો અને જીગ્નેશ ડાભીના નિવેદનના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# નડીયાદમાં બનશે ભવ્ય આઇકોનિક બસ ટર્મિનલ: દિવાળી સુધીમાં નવું બસ સ્ટેશન કાર્યરત કરવા ધારાસભ્ય પંકજભાઇ દેસાઇનું મોટું આયોજન

**નડીયાદ**

નડીયાદવાસીઓ માટે મુસાફરી વધુ સુવિધાજનક અને આધુનિક બને તે દિશામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. નડીયાદ આઈકોનિક બસ ટર્મિનલ પ્રોજેક્ટને સત્વરે પૂર્ણ કરવા અને જનતા માટે ખુલ્લો મૂકવા માટે નડીયાદ સર્કિટ હાઉસ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી, તેને વહેલી તકે કાર્યરત કરવા માટેનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ બેઠક ગુજરાત સરકારની પબ્લિક એકાઉન્ટ્સ કમિટી (PAC) ના ચેરમેન અને નડીયાદના લોકપ્રિય ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, રાજ્યના ટ્રાન્સપોર્ટ કમિશનર તથા GSRTC નો એડિશનલ ચાર્જ સંભાળતા વરિષ્ઠ અધિકારી ડૉ. રાજેન્દ્ર કુમાર તેમજ ખેડા જિલ્લા કલેક્ટર શ્રી એન.વી. ઉપાધ્યાયની ખાસ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં ટર્મિનલના બાંધકામની ગતિ વધારવા અને કાયદાકીય પ્રક્રિયાઓ ઝડપથી પૂર્ણ કરવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ બેઠક અંગે પત્રકારો સાથે વાતચીત કરતા ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, નડીયાદની જનતાને આધુનિક સુવિધાઓ આપવા માટે તંત્ર કટિબદ્ધ છે.

આગામી દિવાળીના તહેવારો સુધીમાં નવા આઈકોનિક બસ ટર્મિનલમાં નવું બસ સ્ટેશન સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જાય અને મુસાફરો માટે એસ.ટી. બસો ત્યાં ઉભી રહેવાનું શરૂ થઈ જાય તેવું સચોટ આયોજન કરવામાં આવ્યું છે.

બસ સ્ટેશન શરૂ થયા બાદ, ટર્મિનલના બાકી રહેલા શોપિંગ એરિયા અને કોમર્શિયલ ઝોનનું કામ પણ ઝડપથી પૂર્ણ કરી લેવામાં આવશે.

### ₹2.23 લાખના મુદ્દામાલ સાથે એક ઇસમ ઝડપાયો

# સાવલીના આદલવાડામાં ખેતરમાં ગાંજાના વાવેતર પર પોલીસનો દરોડો

**સાવલી**

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં નશીલા પદાર્થોનું ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે ચાલી રહેલા 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત સાવલી પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આદલવાડા ગામની સીમમાં આવેલા એક ખેતરમાં રેડ પાડીને ગેરકાયદેસર વાવેતર કરેલા લીલા ગાંજાના છોડ અને સૂકા ગાંજાના જથ્થા સહિત કુલ રૂપિયા ૨,૨૩,૪૦૦ ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે.

વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ અને વડોદરા ગ્રામ્યના પોલીસ અધીક્ષક સુરેશકુમાર



અગ્રવાલ દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દારૂ, જુગાર અને નશીલા પદાર્થોની પ્રવૃત્તિ કરતા ઈસમો પર વોચ રાખવા સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત નાયબ પોલીસ અધીક્ષક કે.કે. ઠાકુરના માર્ગદર્શન હેઠળ સાવલી પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જે. ચૌહાણ અને તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.

આ દરમિયાન પી.આઈ. કે.જે. ચૌહાણને ચોક્કસ બાતમી મળી હતી કે ખાખરીયા આઉટ પોસ્ટ વિસ્તારમાં આવેલા આદલવાડા ગામની સીમમાં એક ખેતરમાં માદક પદાર્થનું વાવેતર કરવામાં આવ્યું છે. બાતમીના આધારે સાવલી પોલીસે શેરસિંગ રજાનભાઈ ભીલાલા (ઉં.વ. ૪૮, રહે. લોટના વસાહત, તા. સાવલી) ના માલિકીના ખેતરમાં દરોડો પાડ્યો હતો.

પોલીસે ખેતરમાં તપાસ કરતા ગેરકાયદેસર વાવેતર કરેલા વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા ગાંજાના ૫ નંગ છોડ મળી આવ્યા હતા. જેનું ચોખ્ખું વજન ૩.૮૨૫ કિલોગ્રામ હતું, જેની કિંમત ૧,૯૧,૨૫૦ થાય છે. આ ઉપરાંત ખેતરમાંથી ૦.૫૪૩ કિલોગ્રામ સૂકા ગાંજાનો જથ્થો પણ મળી આવ્યો હતો, જેની કિંમત ૨૭,૧૫૦ છે. પોલીસે આરોપી પાસેથી ૫,૦૦૦ ની કિંમતનો ૧ મોબાઈલ ફોન અને ગાંજો ભરવા માટે ઉપયોગમાં લેવાયેલું તગારું તથા ગોદડી મળીને કુલ ૨,૨૩,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સાવલી પોલીસે આરોપી શેરસિંગ ભીલાલા વિરુદ્ધ સાવલી પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ (૧૯૮૫) ની કલમ ૮(સી), ૨૦(બી), ૨(બી) હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બોડેલી માકણી વિદ્યામંદિરના આચાર્યએ શિક્ષિકાને યોગ્ય સમયે RTIની માહિતી ન આપતા ગાંધીનગર આયોગ એ દસ હજારનો દંડ ફટકાર્યો

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી તાલુકાની માકણી વિદ્યાલય શાળાની વૈશાલીબેન પિયુષભાઈ પંડ્યા એ શાળા ના આચાર્ય સંજયભાઈ એ પટેલ પાસે શિક્ષિકાએ RTI હેઠળ 1જૂન માસ 2023 થી 9 જૂન 2025 સુધીના વિદ્યામંદિર માકણી દ્વારા દર મહિને માધ્યમિક અને ઉ. માધ્યમિક મોકલવામાં આવેલા પેરોલ. પ્રમણિત નકલ તથા તેની સાથે પગાર વધઘટનું પ્રમાણિક નકલો તથા સરા સરી નકલો પ્રમાણપત્ર ની પ્રમાનીત નકલો ની (માહિતી અધિકાર અધિનિયમ) હેઠળ માહિતી માગી હતી, પરંતુ શાળાના આચાર્ય જાહેર માહિતી અધિકારીએ કાયદા મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં માહિતી આપી નહોતી. ત્યારબાદ મામલો છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારી જસવંત સિંહ પાસે પહોંચ્યા બાદ પત્ર લખી માહિત આપવા જણાવ્યું હતું છતા માહિત ન આપતા આ મામલો સમગ્ર ઘટના ગાંધીનગર આયોગે પહોંચ્યાબાદ આયોગે ગંભીરતા દાખવી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર સુધી પહોંચતા આયોગે જવાબદાર શાળા ના આચાર્ય સામે 10,000 નો દંડ ફટકાર્યો હોવાનું સામે આવતા સ્થાનિક સ્તરે ચર્ચા એ જોર પકડ્યું છે.RTI કાયદા હેઠળ સામાન્ય રીતે અરજી મળ્યા બાદ 30 દિવસમાં માહિતી આપવાની ફરજ હોય છે. જો માહિતી ન આપવામાં આવે, વિલંબ થાય અથવા યોગ્ય કારણ વિના ઈનકાર કરવામાં આવે તો માહિતી આયોગ જાહેર માહિતી અધિકારી (PIO) પર દંડ લાદી શકે છે.

### એલ.સી.બી. વાવ-થરાદની સફળ કાર્યવાહી

# થરાદના NDPS ગુનામાં ત્રણ મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

**વાવ-થરાદ, પ્રધાનજી ઠાકોર**

વાવ-થરાદ જિલ્લા પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓ સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ હેઠળ એલ.સી.બી. વાવ-થરાદને વધુ એક મહત્વની સફળતા મળી છે. થરાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એન.ડી.પી.એસ. એક્ટના ગુનામાં છેલ્લા ત્રણેક મહિનાથી ફરાર આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.

પોલીસ મહાનિરીક્ષક શ્રી પરીક્ષિતા રાઠોડ (બનાસકાંઠા રેન્જ, પાલનપુર) તથા વાવ-થરાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ફરાર આરોપીઓને પકડી પાડવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત એલ.સી.બી. વાવ-થરાદના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.પી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા સતત પેટ્રોલિંગ અને બાતમીદારો મારફતે માહિતી એકત્ર કરવામાં આવી રહી હતી.

દરમિયાન હ્યુમન સોર્સ તથા ટેક્નિકલ સર્વેલન્સની મદદથી મળેલી ચોક્કસ બાતમીના આધારે થરાદ પોલીસ સ્ટેશનના ગુનો રજીસ્ટર નં. 11996006260323/2026 હેઠળ એન.ડી.પી.એસ. એક્ટની કલમ 8(સી), 22(સી) અને 29 મુજબ નોંધાયેલા મેફેડ્રોન ડ્રગ્સ સંબંધિત ગુનામાં ફરાર આરોપીને રાજસ્થાનના સાંચોર ખાતેથી રાઉન્ડઅપ કરવામાં આવ્યો હતો.

ઝડપાયેલ આરોપીની ઓળખ હિતેશકુમાર પુનમારામ બિશ્નોઈ (ગોદારા), રહેવાસી ભુરા કી ઢાણી, કારોલા, તાલુકો સાંચોર, જિલ્લો જાલોર (રાજસ્થાન) તરીકે થઈ છે.

આરોપી છેલ્લા ત્રણેક મહિનાથી બી.એન.એસ.એસ. કલમ-72 મુજબ નાસતો ફરતો હતો. તેની ધરપકડ બાદ આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને થરાદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

### વીજ પુરવઠો ખોરવાયો

# ડભોઇ તાલુકાના વણાદરા ગામમાં આકાશી આફત વર્ષી જૂનું વિશાળ વૃક્ષ ધરાશાયી થતાં બે વીજ પોલ કડડભૂસ

**ડભોઇ**

ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રકૃતિના રૌદ્ર સ્વરૂપની અસરો જોવા મળી રહી છે. ડભોઈ તાલુકાના વણાદરા ગામમાં ભારે વરસાદી માહોલ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જ્યાં ગામની મધ્યમાં આવેલું એક વર્ષો જૂનું અને કાયાવાર વૃક્ષ અચાનક મૂળમાંથી ઉખડીને ધરાશાયી થઈ ગયું હતું. આ અકસ્માતને કારણે સ્થાનિક સ્તરે ભારે અફરાતફરી મચી ગઈ હતી અને ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો મોટી જાનહાનિ ટળી, પરંતુ અબોલ જીવ ઘાયલ વૃક્ષ જે સમયે ધરાશાયી થયું તે સમયે આસપાસના વિસ્તારમાં લોકોની અવરજવર ચાલુ હતી. જોકે, સદ્ભાગ્યે વૃક્ષ પડતી વખતે લોકો સમયસૂચકતા વાપરીને



દૂર ખસી જતાં એક મોટી જાનહાનિ ટળી હતી. પરંતુ આ અકસ્માતની ઝપેટમાં ત્યાં નજીક બાંધેલી એક અબોલ ભેંસ આવી ગઈ હતી. વૃક્ષના વિશાળ વજન નીચે દબાવાને કારણે ભેંસ ગંભીર રીતે ઘાયલ થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે, જેને તાત્કાલિક સારવાર આપવાની તજવીજ હાથ ધરાઈ હતી.MGVCL ના બે વીજ પોલ તૂટ્યા આખું ગામ અંધારપટમાં આ અકસ્માત એટલો ભયાનક હતો કે ધરાશાયી થયેલું વિશાળ વૃક્ષ સીધું નજીકમાંથી પસાર થતી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ની હાઈટેન્શન લાઈન અને વીજ પોલ પર જઈ પડ્યું હતું. ભારે વજનના કારણે MGVCL ના બે વીજ પોલ પત્તાના મહેલની જેમ તૂટી પડ્યા હતા અને જીવંત વીજ વાયરો જમીનદોસ્ત થઈ ગયા હતા. શોર્ટ સર્કિટના ડર અને વીજ લાઈન તૂટવાને કારણે સમગ્ર વણાદરા ગામનો વીજ પુરવઠો ક્ષણભરમાં જ ખોરવાઈ ગયો હતો અને આખું ગામ અંધારપટમાં ડૂબી ગયું હતું.

ઘટનાની જાણ થતાં જ MGVCL ના સ્થાનિક અધિકારીઓ અને લાઈનમેનોની ટીમ કાફલા સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

# ડભોઇ પંથકમાં લાંબા બફારા બાદ વરસાદની ધમાકેદાર એન્ટ્રી : ખેડૂતોમાં આનંદનો માહોલ

**ડભોઇ**

હવામાન વિભાગની આગાહીના પગલે ડભોઇ શહેર અને સમગ્ર તાલુકામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. લાંબા સમયથી અસહ્ય ગરમી અને અકળાવનારા બફારાથી પરેશાન સ્થાનિક લોકોને આ વરસાદથી બહુ મોટી રાહત મળી છે. ધીમી ધારે શરૂ થયેલા સતત વરસાદને કારણે સમગ્ર પંથકમાં કલાકોમાં જ ઠંડક પ્રસરી ગઈ છે.



લાંબા વિરામ બાદ મેઘરાજાનું આગમન થતાં જ વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. વરસાદ શરૂ થતાં જ નાના બાળકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા અને રસ્તા પર નહાવાની તેમજ વરસાદી માહોલની મોજ માણી હતી. બીજી તરફ, ધીમીધારે પરંતુ સતત વરસેલા વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા, જેને પગલે સર્વત્ર જળબંબાકાર જેવી સ્થિતિ જોવા મળી હતી. આ વરસાદ ડભોઇ પંથકના ખેડૂતો માટે અમૃત સમાન સાબિત થયો છે. વાવણી લાયક વરસાદ વરસતાની સાથે જ જગતનો તાત ખુશખુશાલ થઈ ગયો છે. લાંબા સમયથી ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને તેઓએ ઉત્સાહભેર ખેતીના કામોમાં જોડાવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ટૂંકમાં કહીએ તો, આ મેઘમહેર ડભોઈવાસીઓ માટે ગરમીથી રાહત અને ખેડૂતો માટે નવી આશા લઈને આવી છે.

# બોડેલી સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે 'કારકિર્દી માર્ગદર્શન' કાર્યક્રમ યોજવામાં આવ્યો

## ગુજરાતના જાણીતા પ્રેરક વક્તા સંજય રાવલ અને જાણીતા લેખક તથા વિચારક જય વસાવડા એ વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપ્યું

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

જિલ્લા વહીવટીતંત્ર છોટાઉદેપુર દ્વારા છેવાડાના આદિવાસી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સર્વાંગી વિકાસ માટે વિશેષ પહેલના ભાગરૂપે બોડેલી સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે 'કારકિર્દી માર્ગદર્શન શિબિર તથા આત્મવિશ્વાસ વૃદ્ધિ સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓ સાથે સહજ સંવાદ સાધીને તેમને કારકિર્દીના વિવિધ આધુનિક વિકલ્પોથી માહિતગાર કરવાનો અને વૈશ્વિક સ્પર્ધાત્મક યુગ માટે તૈયાર કરવાનો હતો. આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત




ગુજરાતના જાણીતા પ્રેરક વક્તા સંજય રાવલે યુવાનોને સંબોધિત કરતા પોતાના પ્રેરણાઝરણા સમાન વિચારો અને જીવનના જીવંત અનુભવો ખૂબ જ મનનીય અને પ્રભાવશાળી શૈલીમાં રજૂ કર્યા હતા. તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો નવો સંચાર કરતા જણાવ્યું હતું કે, જીવનમાં સફળ બનવા માટે સારા પુસ્તકોનું વાંચન સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ અને સારા શિક્ષકો સાથે મિત્રતા ખૂબ જરૂરી છે. ભૌગોલિક પરિસ્થિતિ ગમે તેટલી પડકારજનક હોય, પરંતુ જો મક્કમ મનોબળ અને યોગ્ય દિશામાં સખત મહેનત કરવામાં આવે તો સફળતા ચોક્કસ પ્રાપ્ત થાય છે. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાંથી તમામ નકારાત્મકતા છોડીને મનમાં હંમેશા વિજય અને સફળતાની ભાવના જગાવવા આહ્વાન કર્યું હતું.

કારકિર્દી શિબિરમાં ઉપસ્થિત અન્ય મુખ્ય વક્તા, જાણીતા લેખક તથા વિચારક જય વસાવડાએ પોતાના બહોળા વૈશ્વિક અનુભવોના માધ્યમથી યુવાનોમાં સંસ્કાર, સંવેદના અને સપનાઓનું સુંદર સિંચન કર્યું હતું. તેમણે સર્જનાત્મક લેખન અને શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા વિદ્યાર્થીઓને નવીનતમ આધુનિક જ્ઞાનથી સજ્જ થઈ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી.

# થરાદ-સાંચોર હાઇવે પર સ્વિફ્ટ કારનો ગમખ્વાર અકસ્માત : લોખંડની જાળી તોડી બે વખત પલટી

**વાવ-થરાદ, પ્રધાનજી ઠાકોર**

થરાદ-સાંચોર હાઈવે પર મોડી સાંજે એક સ્વિફ્ટ કારનો ગમખ્વાર અકસ્માત સર્જાતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ સ્વિફ્ટ કાર આશરે 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પસાર થઈ રહી હતી ત્યારે ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર રોડની બાજુમાં લગાવવામાં આવેલી લોખંડની સુરક્ષા જાળી સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે કાર લોખંડની જાળી તોડી આગળ ધસી ગઈ હતી અને બે વખત પલટી મારી ગોળ ફરતી જોવા મળી હતી. ઘટનાસ્થળે હાજર લોકોએ અકસ્માતનું દૃશ્ય જોઈ દોડી આવી બચાવ કામગીરી હાથ ધરી હતી. સદનસીબે કારમાં સવાર તમામ લોકોને કોઈ ગંભીર ઈજા પહોંચી નહોતી અને મોટી જાનહાનિ ટળી હતી. જોકે અકસ્માતમાં કારનો આગળનો અને બાજુનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર થરાદ-સાંચોર હાઈવે પર અતિઝડપના કારણે વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. માર્ગ સલામતી માટે અસરકારક પગલાં ભરવા તેમજ વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો અને નિયંત્રિત ઝડપ અંગે વધુ જાગૃતિ લાવવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ડભોઇમાં જન કલ્યાણ શિબિર યોજાઇ: અનેક સરકારી યોજનાઓનો લાભ નાગરિકોના ઘર આંગણે પહોંચ્યો

## આ ઉપરાંત આરોગ્ય વિભાગની આયુષ્યમાન ભારત, આયુષ્યમાન વયવંદના અને નમોશ્રી યોજના, ઉર્જા વિભાગની PM સૂર્યઘર યોજના તેમજ શિક્ષણ વિભાગની મુખ્યમંત્રી લક્ષ્મી યોજના અને સરસ્વતી યોજનાના લાભો આપવામાં આવ્યા

**ડભોઇ**

સરકારની સૂચના અનુસાર ડભોઇ નગરપાલિકા દ્વારા સત્તર ગામ લેઉવા પટેલ સમાજ વાડી ખાતે 'જન કલ્યાણ શિબિર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા પ્રમુખ પુષ્પાબેન સતીશભાઈ રાવલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ સીધી જ જનતા સુધી પહોંચાડવાનો હતો.

ચીફ ઓફિસર જયકિશન તડવીના માર્ગદર્શન હેઠળ નગરપાલિકાએ સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન સાધીને આ શિબિરનું સુઆયોજિત સંચાલન કર્યું હતું. શિબિરમાં શહેરી વિકાસ વિભાગની પી.એમ. સ્વનિધિ યોજના હેઠળ ૫૦,૦૦૦, ૨૫,૦૦૦



અને ૧૫,૦૦૦ની લોનના ડિસબર્સમેન્ટ પત્રો તેમજ ક્રેડિટ કાર્ડનું વિતરણ કરાયું હતું.

આ ઉપરાંત આરોગ્ય વિભાગની આયુષ્યમાન ભારત, આયુષ્યમાન વયવંદના અને નમો યોજના, ઉર્જા વિભાગની પી.એમ. સૂર્યઘર યોજના તેમજ શિક્ષણ વિભાગની મુખ્યમંત્રી લક્ષ્મી યોજના અને સરસ્વતી યોજનાના લાભો આપવામાં આવ્યા હતા. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ફ્રી શિપ કાર્ડ, વૃદ્ધ પેન્શન, દિવ્યાંગ સહાય અને મહિલા વિકાસ વિભાગની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ લાભાર્થીઓને લાભાન્વિત કરાયા હતા. દરેક વિભાગના કર્મચારીઓએ હાજર રહી નાગરિકોને સ્થળ પર જ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ દરમિયાન માનનીય ધારાસભ્ય, પ્રમુખ અને મામલતદારના હસ્તે સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મામલતદાર મતિ રીટાબેન રામી, નગરપાલિકાના કોર્પોરેટરો અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



મને પહેલેથી ખબર હતી કે તેઓ કંઈક મોટું કરવાના છે: સામંથા

# સામંથા રૂથપ્રભુ તમિલનાડુના મુખ્યમંત્રી અને એક્ટર વિજયને ચેન્નઈમાં મળ્યા

મુંબઈ

સામંથા રૂથપ્રભુએ તાજેતરમાં તમિલનાડુના મુખ્યમંત્રી અને એક્ટર થલપતિ વિજયને ચેન્નઈમાં મળ્યા છે. આ ખાસ મુલાકાતની તસવીરો પોસ્ટ કરીને સામંથાએ વિજયના ખૂબ વખાણ કર્યા છે.

સામંથાએ ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી તસવીરો પોસ્ટ કરીને લખ્યું છે, 'જ્યારે હું આજે ચેન્નઈ પહોંચી, ત્યારે મને ખૂબ આનંદ થયો, કારણ કે હું અમારા મુખ્યમંત્રીને મળવા જઈ રહી હતી. મને હંમેશા લાગતું હતું કે વિજય સર માત્ર પડદા પર હીરો બનવા માટે નથી બન્યા. તેમની ઉર્જા, તેમની હાજરી અને લોકોનો તેમના પ્રત્યેનો પ્રેમ હંમેશા એવો અહેસાસ કરાવતો હતો કે તેમનો હેતુ આનાથી પણ મોટો છે.'

આગળ તેણે લખ્યું, 'મને સૌથી વધુ જે વાતથી પ્રેરણા મળે છે, તે છે એક બિલકુલ નવા ક્ષેત્રમાં પગ મૂકવાનું સાહસ. એવી જગ્યાએ જવું, જ્યાં દાવ ક્યાંય વધુ મોટા હોય, જ્યારે તમે પહેલાથી જ તમારા જૂના ક્ષેત્રમાં સફળતા મેળવી ચૂક્યા હો. આ નિર્ણય એટલા માટે લેવામાં આવતો નથી કારણ કે તે સરળ છે, પરંતુ એટલા માટે કારણ કે તમને વિશ્વાસ હોય છે કે તમે બદલાવ લાવી શકો છો.'

'મારું માનવું છે કે જીવનમાં ક્યારેક ને ક્યારેક આપણા બધાની સામે એવી તક આવે છે, જ્યારે આપણે પોતાથી આગળ વધીને વિચારવું પડે છે અને આ સવાલ પૂછવો પડે છે કે આપણે સમાજ માટે શું યોગદાન આપી શકીએ છીએ. પરંતુ બહુ ઓછા લોકો તે પુકારનો જવાબ આપે છે.'

સામંથાએ લખ્યું, 'મને લાગે છે કે વિજય સર તે લોકોને પણ આશ્ચર્યચકિત કરી દેશે, જેઓ પહેલાથી જ તેમના પર ભરોસો કરે છે. તેનું કારણ તેમનું પદ નથી, પરંતુ તે નિયત છે જેની સાથે તે પોતાની જવાબદારી નિભાવે છે. હું તેમના માટે શક્તિ, સમજદારી અને પોતાના રસ્તા પર અડગ રહેવાની હિંમતની કામના કરું છું. અને દરેક યુવા માટે આ એક યાદ અપાવનારી વાત છે કે જીવન તે સપનાથી ક્યાંય મોટું હોઈ શકે છે, જેનાથી તમે શરૂઆત કરી હતી.'

આ 3 બ્લોકબસ્ટર ફિલ્મોમાં જોવા મળી વિજય-સામંથાની જોડી-

કથી (2014): એઆર મુરુગાદોસ દ્વારા નિર્દેશિત આ એક્શન-ડ્રામા ફિલ્મમાં વિજયે ડબલ રોલ ભજવ્યો હતો અને સામંથા તેની લીડ એક્ટ્રેસ હતી.

થેરી (2016): એટલી દ્વારા નિર્દેશિત આ એક મોટી એક્શન-થ્રિલર ફિલ્મ હતી, જે બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ.

મેર્સલ (2017): આ એક સુપરહિટ ડ્રામા ફિલ્મ હતી જેમાં આ બંનેની જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી.

**સામંથાએ ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી તસવીરો પોસ્ટ કરી**

# વેબસિરીઝ 'પ્રીતમ એન્ડ પેડ્રો'નું ટ્રેલર લૉંચ

## રાજકુમાર હિરાણીની ફિલ્મોએ હસાવ્યા બાદ એક ગંભીર વિષયને લઈને તેઓ એક વેબસિરીઝ લઈને આવી રહ્યા છે

મુંબઈ

રાજકુમાર હિરાણીની ફિલ્મોએ પેટ પકડીને હસાવ્યા બાદ એક ગંભીર વિષયને લઈને તેઓ એક વેબસિરીઝ લઈને આવી રહ્યા છે. 'પ્રીતમ એન્ડ પેડ્રો' વેબ સિરીઝની રિલીઝ પહેલા,રાજકુમાર હિરાનીએ તાજેતરમાં ટ્રેલર લોન્ચ સમયે ખુલાસો કર્યો હતો. લોકડાઉન દરમિયાન સાયબર સેલના વિષય પર એક શ્રેણી બનાવવાનો વિચાર આવ્યા જે આજે વેબસિરીઝ રૂપે આપણા સુધી પહોંચી ગયો છે. 'કોવિડ દરમિયાન, મને મુંબઈ સાયબર સેલના વડાનો ફોન આવ્યો. તેઓ સાયબર ક્રાઈમ વિશે ફિલ્મ બનાવવા માંગતા હતા, પરંતુ આ વિષય પર કોઈ કામ કરી રહ્યું ન હતું. મેં તેમને આ વિચાર મારી સાથે શેર કરવા કહ્યું, અને કહ્યું કે હું ઘરેથી તેના પર કામ કરી શકું છું.' એવું નિર્માતાએ કહ્યું.

City & Local Guides

કોણ કોણ છે લીડ રોલમાં?

સર્કિટનું પાત્ર ભજવી ચૂકેલા અરશદ વારસી આ સિરીઝમાં લીડ રોલમાં છે. ઉપરાંત, આ ફિલ્મમાં બોમન ઈરાની, મોના સિંહ અને વિક્રાંત મેસી પણ મુખ્ય ભૂમિકામાં છે. 'સેક્ટર 36' પછી, વિક્રાંત મેસી ફરી એકવાર નેગેટિવ રોલમાં છે. આ સિરીઝ તા. 3 જુલાઈના રોજ જિયો હોટસ્ટાર પર રિલીઝ થશે, હાલમાં આ વેબ સિરીઝનું ટ્રેલર ધૂમ મચાવી રહ્યું છે. આ સિરીઝમાં રાજકુમાર હિરાણીના પુત્ર વીર હિરાણીએ એક્ટિંગ કરી છે. એ એમનો ડેબ્યૂ પ્રોજેક્ટ છે. પારિવારિક અને કોમેડી ફિલ્મ માટે જાણીતા ફિલ્મનિર્માતાએ હવે ઓટીટી પર એન્ટ્રી કરી દીધી છે. પ્રતીમ એન્ડ પેડ્રો આખી સિરીઝ એક સાયબર ક્રાઈમ પર આધારિત છે. ટ્રેલર પરથી કહી શકાય કે, આ કોઈ એક કિસ્સાની વાત નથી. ફિલ્મનિર્માતાએ કહ્યું કે, મારી મુલાકાત અમિત દુબે સાથે થઈ હતી. એમણે મને એક સ્ટોરીબુક આપી હતી.જેમાં એવા આઈડિયા હતા જેના પર સરળતાથી ફિલ્મ બનાવી શકાય. આ સિરીઝનું મોટાભાગનું શુટિંગ ગોવામાં થયું છે. પણ જે રીતે ટ્રેલર બનાવવામાં આવ્યું છે એમાં એક સિકવન્સ દેખાઈ રહી છે.



# 'વેલકમ ટુ ધ જંગલ'નું 'દીવાના હૈં' રિલીઝ, જૂના બોલીવૂડની યાદો તાજી કરી

## ફિલ્મની વિશાળ સ્ટારકાસ્ટ પર ફિલ્માવવામાં આવેલા આ ગીતમાં બધા કલાકારો એકસાથે મસ્તી અને ઉજવણી કરતા જોવા મળે છે

મુંબઈ

છેલ્લા કેટલાક વર્ષોમાં બોલીવૂડનું સંગીત મુખ્યત્વે ડાન્સ રિમિક્સ, ક્લબ ટ્રેક્સ અને હાઈ-એનર્જી પ્રમોશનલ ગીતો સુધી સીમિત થઈ ગયું છે. આવી સ્થિતિમાં લગ્ન, તહેવારો અને ખુશીના પ્રસંગોમાં ગવાતા સરળ અને દિલને સ્પર્શતા ઉજવણીના ગીતો ધીમે-ધીમે ફિલ્મોમાંથી ગાયબ થતા ગયા. હવે 'વેલકમ ટુ ધ જંગલ'નું નવું ગીત 'દીવાના હૈં' એ જ જૂના બોલીવૂડના ઉજવણીના માહોલને ફરી જીવંત બનાવવાનો પ્રયાસ કરે છે. ફિલ્મની વિશાળ સ્ટારકાસ્ટ પર ફિલ્માવવામાં આવેલા આ ગીતમાં બધા કલાકારો એકસાથે મસ્તી અને ઉજવણી કરતા જોવા મળે છે. રંગીન દ્રશ્યો, આનંદ અને સાથે મળીને ખુશીઓ ઉજવવાનો માહોલ જૂના બોલીવૂડના એવા ગીતોની યાદ અપાવે છે, જેમાં માત્ર ડાન્સ નહીં, પરંતુ એકતા અને ખુશીનો ઉત્સવ જોવા મળતો હતો. ગીતના સંગીતકાર, ગીતકાર અને ગાયક આનંદ રાજ આનંદ કહે છે કે તેમનો હેતુ કોઈ ટ્રેન્ડને અનુસરવાનો નહોતો, પરંતુ એવું ગીત બનાવવાનું હતું જે લોકો પહેલી જ વાર સાંભળે અને દિલથી જોડાઈ જાય. તેઓ કહે છે, 'જ્યારે મેં 'દીવાના હૈં' પર કામ શરૂ કર્યું ત્યારે મારા મનમાં કોઈ ટ્રેન્ડ નહોતો. હું એવું ગીત બનાવવા માગતો હતો જે સાંભળતા જ પોતાનું લાગે. લગ્ન હોય, તહેવાર હોય કે કોઈ પણ ખુશીની ક્ષણ - લોકો સાથે મળીને આ ગીત ગાઈ શકે. અમે પણ એવા ગીતો સાથે મોટા થયા છીએ જે લોકોને એકસાથે લાવે છે, અને હું એ જ લાગણી ફરી પાછી લાવવા માગતો હતો.' આ ગીતને આનંદ રાજ આનંદ અને અમૃતા ફડણવીસએ અવાજ આપ્યો છે. સંગીત પ્રોડક્શન વિક્રમ નાગીનું છે અને અરેન્જમેન્ટ પ્રકાશ પીટર્સએ કર્યું છે. ગીતમાં લાઈવ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, જોરદાર પર્કશન અને કાશ્મીરી લોકસંગીતની ઝલક તેને ખાસ બનાવે છે. બાંસુરી નવીન કુમારએ વગાડી છે, જ્યારે લાઈવ રિધમ અને પર્કશન દીપેશ વર્મા, રત્નદીપ જામસાંડે, શિખર નાદ કુરૈશી અને વિજય જાધવએ સંભાળ્યું છે. ગીતની શરૂઆતમાં ફિયોની શાહનો મીઠો અવાજ સાંભળવા મળે છે. બેકિંગ વોકલ્સમાં કાવ્યા-કૃતિ, જુહી એમ, સાકેત બૈરોલિયા, સની શર્મા, આશુતોષ શર્મા, અભિષેક મુખર્જી, પલ્લવી રોય અને તાન્યા માથુરનો પણ સમાવેશ થાય છે. અમૃતા ફડણવીસ કહે છે, ''દીવાના હૈં'ની સૌથી મોટી ખાસિયત તેની સરળતા અને ખુશીઓથી ભરેલી ઊર્જા છે.






# ટાઇગરની હીટમેનમાં સંજના સાંઘી અને મહિમા મકવાણાની એન્ટ્રી પડી

## સુનીલ શેટ્ટી અને અમિત સઢની મહત્વની ભૂમિકા

મુંબઈ

ટાઇગર શ્રોફની આગામી ફિલ્મ 'હીટમેન'માં સંજના સાંઘી અને મહિમા મકવાણા પણ હોવાનું જાણવા મળ્યું છે. ફિલ્મના શૂટ વિશેનો એક વિડિયો બહાર આવ્યો છે તેમાં સુનીલ શેટ્ટી અને અમિત સઢ પણ દેખાય છે. ફિલ્મનું શૂટિંગ હવે પુરૂ થઇ ગયું છે. ટાઇગરની સાથે સંજના, મહિમા, સુનીલ અને અમિત એમ યુવાન અને પીઢ કળાકારોની હાજરીથી આ એક્શન ફિલ્મ સંતુલિત બનશે તેવી આશા જાગી છે. આ એક્શન થ્રીલર મૂળે તો કન્નડ ફિલ્મ 'અવાને શ્રીમન્નારાયણ'ની રીમેક છે. મુરાદ ખેતાનીના સ્ટુડિયો સિને૧ સ્ટુડિયો દ્વારા નિર્મિત આ હિન્દી ફિલ્મનું નિર્દેશન સચીન રવિએ કર્યું છે. દિગ્દર્શક તરીકે સચીન રવિની આ પહેલી હિન્દી ફિલ્મ છે.

ટાઇગરની એક્શન ફિલ્મને આ વર્ષે જ રજૂ કરવામાં આવશે તેમ લાગે છે. હવે કાસ્ટમાં વધારે એક્ટરની હાજરી જણાઇ હોવાથી આ ફિલ્મ એક સોલો એક્શન રહી નથી. સંજના સાંઘી ૨૦૨૪માં 'વોહ ભી દિન થે'માં જોવા મળી હતી મુંબઇ : ટાઇગર શ્રોફની આગામી ફિલ્મ 'હીટમેન'માં સંજના સાંઘી અને મહિમા મકવાણા પણ હોવાનું જાણવા મળ્યું છે. ફિલ્મના શૂટ વિશેનો એક વિડિયો બહાર આવ્યો છે તેમાં સુનીલ શેટ્ટી અને અમિત સઢ પણ દેખાય છે. ફિલ્મનું શૂટિંગ હવે પુરૂ થઇ ગયું છે. ટાઇગરની સાથે સંજના, મહિમા, સુનીલ અને અમિત એમ યુવાન અને પીઢ કળાકારોની હાજરીથી આ એક્શન ફિલ્મ સંતુલિત બનશે તેવી આશા જાગી છે. આ એક્શન થ્રીલર મૂળે તો કન્નડ ફિલ્મ 'અવાને શ્રીમન્નારાયણ'ની રીમેક છે. મુરાદ ખેતાનીના સ્ટુડિયો સિને૧ સ્ટુડિયો દ્વારા નિર્મિત આ હિન્દી ફિલ્મનું નિર્દેશન સચીન રવિએ કર્યું છે. દિગ્દર્શક તરીકે સચીન રવિની આ પહેલી હિન્દી ફિલ્મ છે.

ટાઇગરની એક્શન ફિલ્મને આ વર્ષે જ રજૂ કરવામાં આવશે તેમ લાગે છે. હવે કાસ્ટમાં વધારે એક્ટરની હાજરી જણાઇ હોવાથી આ ફિલ્મ એક સોલો એક્શન રહી નથી. સંજના સાંઘી ૨૦૨૪માં 'વોહ ભી દિન થે'માં જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે ઘણા સમયથી ટાઇગર શ્રોફની ફિલ્મ ફ્લોપ સાબિત થઈ રહી છે ત્યારે હવે ટાઈગરને આ ફિલ્મથી આશા છે કે તેની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થશે. ટાઇગરના ફેન્સ પણ તેની આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# રોલ જોઈતો હોય તો ફેવર કરવી પડશે... પ્રોડ્યુસરની ઓફર સાંભળી જ્યારે ધ્રૂજી ઉઠી હતી જાણીતી ટીવી એક્ટ્રેસ

મુંબઈ

લોકપ્રિય વેબ સિરીઝ ફોર મોર શોટ્સ પ્લીઝથી ઘર-ઘરમાં લોકપ્રિય બનેલી અભિનેત્રી માનવી ગાગરૂએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક એવા કાળી સચ્ચાઈનો પર્દાફાશ કર્યો છે, જેને સાંભળીને સૌ કોઈ હેરાન રહી ગયા છે. ઈન્ડસ્ટ્રીમાં કોઈ પણ જાતના ગોડફાધર વગર પોતાની ઓળખ બનાવનારી માનવીએ તેના કરિયરના શરૂઆતના દિવસોમાં વેઠવી પડેલી 'કાસ્ટિંગ કાઉચ'ની દર્દનાક અને ચોંકાવનારા અનુભવો શેર કર્યા છે. એક્ટ્રેસ માનવી ગાગરૂએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ કિસ્સો થોડા વર્ષો પહેલાંનો છે અને જ્યારે તે ઈન્ડસ્ટ્રીમાં કામ મેળવવા માટે સ્ટ્રગલ કરી રહી હતી. એક દિવસ તેને એક અજાણ્યા પ્રોડ્યુસર કે ઓડિશન કોર્ડિનેટરનો ફોન આવ્યો. ફોન કરનાર વ્યક્તિએ તેને એક વેબ સિરીઝની ઓફર કરી અને બજેટ વિશે વાત કરવાનું શરૂ કર્યું.

માનવીએ વધુમાં એવું પણ જણાવ્યું હતું કે સામે વાળી વ્યક્તિએ તેને કહ્યું કે અમે આ રોલ માટે તને એક લાખ રૂપિયા આપીશું. માનવીએ જ્યારે બજેટ ઓછું હોવાનું કહ્યું, ત્યારે તે વ્યક્તિએ એક એવી શરત મૂકી જે સાંભળીને માનવીના હોશ ઊડી ગયા. ફોન કરનારે કહ્યું, જો તું આ બજેટમાં તૈયાર હોય તો તારે 'કોમ્પ્રોમાઈઝ' કરવું પડશે. 'કોમ્પ્રોમાઈઝ' શબ્દ સાંભળતા જ માનવી ભારે ગુસ્સે થઈ ગઈ હતી.

તેણે આ ઓફરને સ્વીકારવાને બદલે સામે વાળી વ્યક્તિને બરાબરનો પાઠ ભણાવ્યો. માનવીએ ફોન પર જ તેને જોરદાર ખખડાવી નાખી અને કહ્યું કે તમારી હિંમત કેમ થઈ મને આવી ઓફર આપવાની? તમે જે વેબ સિરીઝ બનાવી રહ્યો છે તે તમારી પાસે જ રાખ, મારે આવું કોઈ કામ નથી જોઈતું. આટલું કહીને માનવીએ ગુસ્સામાં ફોન કાપી નાખ્યો હતો. આ કિસ્સો શેર કરતા માનવીએ જણાવ્યું હતું કે, એ સમયે હું ખૂબ જ ડરી ગઈ હતી અને ધ્રૂજી રહી હતી, પરંતુ તેણે પોતાના સ્વાભિમાન સાથે કોઈ બાંધછોડ ન કરી. બોલીવૂડમાં મી-ટુ મૂવમેન્ટ બાદ ઘણા કલાકારો પોતાની સાથે થયેલાં આવા દુર્વ્યવહાર વિશે ખુલીને વાત કરી રહ્યા છે, જેમાં માનવીનો આ ખુલાસો ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યો છે.



### નબળી શરૂઆત બાદ ગિલ-ઈશાનનો મહાધમાકો

# ટીમ ઈન્ડિયાએ 8મી વખત 400 રન કર્યા, પરંતુ સર્જાયો શરમજનક રેકોર્ડ

લખનઉ

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી વનડે શ્રેણીની બીજી મેચમાં ભારતીય બેટિંગનો દબદબો જોવા મળ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે કેપ્ટન શુભમન ગિલ અને વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશનની શાનદાર સદીઓની મદદથી 402 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. આ સાથે જ ભારતે વનડે ક્રિકેટમાં રેકોર્ડ 8મી વખત 400થી વધુ રન બનાવવાની સિદ્ધિ મેળવી છે અને સાઉથ આફ્રિકાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. જોકે, આ ઐતિહાસિક સ્કોરની સાથે ભારતના નામે એક ન ઈચ્છવા જેવો શરમજનક રેકોર્ડ પણ જોડાઈ ગયો છે. ઈતિહાસમાં પહેલીવાર: 400 રન બનાવીને ટીમ ઓલઆઉટ થઈ! ક્રિકેટના 52 વર્ષના ઈતિહાસમાં એવું પહેલીવાર બન્યું છે જ્યારે કોઈ ટીમે 400થી વધુ રનનો પહાડ જેવડો સ્કોર બનાવ્યો હોય અને તે ટીમ ઓલઆઉટ થઈ ગઈ હોય. ભારતની આખી ટીમ 49.5 ઓવરમાં 402 રન કરીને પેવેલિયન ભેગી થઈ ગઈ હતી. નોંધનીય છે કે સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવી ટીમોએ ઘણી વખત 400થી વધુ રન બનાવ્યા છે, પરંતુ તેઓ ક્યારેય ઓલઆઉટ થઈ નથી. ભારતીય ઈનિંગ્સની શરૂઆત સારી રહી નહોતી, કારણ કે યશસ્વી જયસ્વાલ માત્ર 4 રન બનાવીને બીજી જ ઓવરમાં આઉટ થઈ ગયો હતો. ત્યારબાદ રોહિત શર્મા (48 રન) અને શુભમન ગિલે બીજી વિકેટ માટે 87 રનની ભાગીદારી કરી હતી. રોહિત આઉટ થયા બાદ ચોથા નંબરે આવેલા ઈશાન કિશને કેપ્ટન ગિલ સાથે મળીને અફઘાન બોલરોની બરાબરની ધુલાઈ કરી હતી. બંને વચ્ચે ત્રીજી વિકેટ માટે 224 રનની ઐતિહાસિક ભાગીદારી થઈ હતી, જે અફઘાનિસ્તાન સામે ભારતની કોઈપણ વિકેટ માટેની સૌથી મોટી પાર્ટનરશિપ છે. ઈશાન કિશન: 125 રન (79 બોલ, 14 ચોગ્ગા, 7 છગ્ગા) - આ તેના વનડે કરિયરની બીજી સદી છે. શુભમન ગિલ: 154 રન (110 બોલ, 22 ચોગ્ગા, 2 છગ્ગા) - આ તેના વનડે કરિયરની 9મી સદી છે. અંતમાં પત્તાની જેમ વિખેરાઈ ગયેલું લોઅર ઓર્ડર.



એક સમયે આ બંનેની બેટિંગ જોઈને ભારતનો સ્કોર 450 સુધી પહોંચશે તેવું લાગતું હતું, પરંતુ ગિલ અને કિશન આઉટ થતાં જ ભારતીય બેટિંગ લાઈન-અપ પત્તાની જેમ વિખેરાઈ ગઈ હતી. લોઅર ઓર્ડર સંપૂર્ણપણે ફ્લોપ સાબિત થયો હતો. શ્રેયસ અય્યરે 26 રન અને વોશિંગ્ટન સુંદરે 19 રન બનાવ્યા હતા, જ્યારે કે.એલ. રાહુલ ખાતું પણ ખોલાવી શક્યો નહોતો. વનડે ક્રિકેટમાં અફઘાનિસ્તાન વિરુદ્ધ કોઈપણ ટીમ દ્વારા બનાવવામાં આવેલો આ બીજો સૌથી મોટો સ્કોર છે. આ મામલે ઓસ્ટ્રેલિયા 417 રનના સ્કોર સાથે પ્રથમ ક્રમે છે. આ ઉપરાંત, વિશ્વમાં સૌથી વધુ વખત 400+ રન બનાવવાની યાદીમાં હવે ભારત અને સાઉથ આફ્રિકા 8-8 વખત સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને છે. જ્યારે ઈંગ્લેન્ડ 7 વાર અને ઓસ્ટ્રેલિયા 3 વાર આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

## મંધાના T-20માં 600 ચોગ્ગા ફટકારનાર પ્રથમ બેટર

મુંબઈ

ભારતે વિમેન્સ ટી-20 વર્લ્ડ કપમાં નેધરલેન્ડને 95 રનથી હરાવ્યું. લીડ્સમાં સ્મૃતિ મંધાનાએ 74 રનની ઈનિંગ્સમાં ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા. તે મેન્સ અને વિમેન્સ ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 600 ચોગ્ગા પૂરા કરનાર પ્રથમ બેટ્સમેન બની. બુધવારે મંધાનાએ મિતાલી રાજ અને હરમનપ્રીત કૌરને પાછળ છોડી દીધી. તેણે ટુર્નામેન્ટમાં ભારત માટે સૌથી વધુ ફિફ્ટી ફટકારવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. બીજી તરફ દીપ્તિ શર્માએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઝૂલન ગોસ્વામીના સૌથી વધુ વિકેટના રેકોર્ડની બરાબરી કરી લીધી. મંધાનાએ નેધરલેન્ડ સામે 11 ચોગ્ગા ફટકાર્યા. તેના નામે ટી-20 ઈન્ટરનેશનલમાં 603 ચોગ્ગા થઈ ગયા છે. તે પુરુષ કે મહિલા ટી-20 ઈન્ટરનેશનલમાં 600 ચોગ્ગા પૂરા કરનાર વિશ્વની પ્રથમ ખેલાડી બની ગઈ છે. ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સ 521 ચોગ્ગા સાથે બીજા નંબર પર છે. સ્મૃતિએ ટી-20 વર્લ્ડ કપમાં છઠ્ઠો 50+ સ્કોર બનાવ્યો. તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ વખત 50+ સ્કોર બનાવનાર ભારતીય બની ગઈ છે. તેણે હરમનપ્રીત કૌર અને મિતાલી રાજના 5 ફિફ્ટીના રેકોર્ડને પાછળ છોડ્યો. દીપ્તિના 355 વિકેટ પૂરા, ગોસ્વામીની બરાબરી કરી વિમેન્સ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારતીય ઓલરાઉન્ડર દીપ્તિ શર્માના 355 વિકેટ થઈ ગયા છે. તેમણે સૌથી વધુ વિકેટ લેનારી બોલરોની યાદીમાં પૂર્વ ભારતીય બોલર ઝુલન ગોસ્વામીની બરાબરી કરી લીધી છે. ઝુલનના નામે પણ 355 ઈન્ટરનેશનલ ક્રિકેટ વિકેટ છે. ભારતીય વિમેન્સ ટીમે નેધરલેન્ડ સામે 20 ઓવરમાં 5 વિકેટે 209 રન બનાવ્યા. આ ટી-20 વર્લ્ડ કપમાં ભારતનો સૌથી મોટો સ્કોર છે. આ આ ટૂર્નામેન્ટમાં ભારતનો પહેલો 200+ સ્કોર પણ છે. આ પહેલા ભારતે 2018 વર્લ્ડ કપમાં ન્યુઝીલેન્ડ સામે 194/5 નો સ્કોર બનાવ્યો હતો. શેફાલી અને સ્મૃતિએ પ્રથમ વિકેટ માટે 115 રન જોડ્યા.

### શ્રી ચરણીએ 4 વિકેટ લીધી

## ભારતની વુમન્સ T-20 વર્લ્ડ કપમાં સતત બીજી જીત

મુંબઈ

ભારતે વુમન્સ T-20 વર્લ્ડ કપમાં સતત બીજી જીત નોંધાવતા નેધરલેન્ડ્સને 95 રનથી હરાવી દીધું. પહેલા બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં 5 વિકેટ પર 209 રન બનાવ્યા હતા. આ ટૂર્નામેન્ટમાં ભારતનો સૌથી મોટો સ્કોર પણ રહ્યો. જવાબમાં હેડિંગ્લેના લીડ્સ સ્ટેડિયમમાં નેધરલેન્ડ્સની ટીમે 17.3 ઓવરમાં 114 રન પર સમેટાઈ ગઈ. ભારતની જીતમાં સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ મહત્વની ભૂમિકા ભજવી હતી. બંનેએ પ્રથમ વિકેટ માટે 115 રનની પાર્ટનરશીપ કરી હતી. મંધાનાએ 74 અને શેફાલીએ 55 રન બનાવ્યા હતા.



મંધાનાને 'પ્લેયર ઓફ ધ મેચ' રહી. બોલિંગમાં શ્રી ચરણીએ 4 વિકેટ ઝડપી હતી, જ્યારે શેફાલી વર્માએ પણ 3 વિકેટ લીધી હતી. શેફાલીએ બે બોલમાં બે વિકેટ લઈને જીત અપાવી ભારતે વુમન્સ T-20 વર્લ્ડ કપમાં નેધરલેન્ડ્સને 95 રનથી હરાવીને સતત બીજી જીત નોંધાવી છે. 210 રનના લક્ષ્યનો પીછો કરતા નેધરલેન્ડ્સની ટીમ 17.3 ઓવરમાં 114 રન પર ઓલઆઉટ થઈ ગઈ. ભારતની જીત પર આખરી મહોર શેફાલી વર્માએ લગાવી. 18મી ઓવરના પહેલા બોલ પર તેણે સિલ્વર સીઝર્સને સ્ટમ્પ આઉટ કરાવી. આ પછી ઓવરના ત્રીજા બોલ પર ઈસાબેલ વોનિંગ મોટો શોટ મારવાના પ્રયાસમાં લોંગ-ઓન પર જેમિમા રોડ્રિગ્સને કેચ આપી બેઠી. આ વિકેટ પડવાની સાથે જ નેધરલેન્ડ્સની ઈનિંગ્સ સમાપ્ત થઈ ગઈ. શ્રી ચરણીએ એક ઓવરમાં 3 વિકેટ ઝડપી. શ્રી ચરણીએ 17મી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપીને નેધરલેન્ડ્સને બેકફૂટ પર ધકેલી દીધું.

## 43મા રેન્કના કોંગોએ પોર્ટુગલને ડ્રો પર રોક્યું

### વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલો ગોલ પણ કર્યો; ક્રિસ્ટિયાનો રોનાલ્ડો એક પણ ગોલ કરી શક્યો નહીં

વોશિંગ્ટન

ફૂટબોલ વર્લ્ડ કપમાં નાની ટીમોનો કમાલ યથાવત છે. બુધવારે 43મા રેન્કિંગવાળા કોંગોએ સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના પોર્ટુગલને 1-1ના ડ્રો પર રોકી લીધું. 52 વર્ષ પછી વર્લ્ડ કપમાં વાપસી કરી રહેલા કોંગો ગણરાજ્યએ ટૂર્નામેન્ટમાં પોતાનો પહેલો ગોલ પણ કર્યો. જોકે, રોનાલ્ડો એક પણ ગોલ કરી શક્યો નહીં.

હ્યુસ્ટનના એનઆરજી સ્ટેડિયમમાં ગ્રુપ-Kની મેચમાં પોર્ટુગલે છઠ્ઠી મિનિટે જોઆઓ નેવેસના ગોલથી શાનદાર શરૂઆત કરી. પરંતુ આ જ તેનો છેલ્લો ગોલ રહ્યો. હાફ ટાઈમથી બરાબર પહેલા 45+5મી મિનિટે યોઆન વીસાએ કોંગોને બરાબરી અપાવી.

આ ડ્રો પછી પોર્ટુગલને ગ્રુપ સ્ટેજમાંથી આગામી મેચો જીતવી પડશે. તેને 23 જૂને ઉઝબેકિસ્તાન અને 28 જૂને કોલંબિયા સામે મેચ રમવાની છે. હાલમાં, ટીમ ગ્રુપ-Kના પોઈન્ટ્સ ટેબલમાં બીજા સ્થાને છે. છઠ્ઠા મિનિટમાં પોર્ટુગલના મિડફિલ્ડર જોઆઓ નેવેસે પેડ્રો નેટોના ક્રોસ પર હેડર મારીને ટીમને 1-0થી આગળ કરી દીધી.



પ્રથમ હાફના વધારાના સમયમાં કોંગોના આર્થર માસુઆકુના ક્રોસ પર યોઆને વિસાએ હેડર મારીને ગોલ કર્યો. સ્કોર 1-1 કરી દીધો.

મેચમાં ખાસ 41 વર્ષ અને 132 દિવસની ઉંમરે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વર્લ્ડ કપ મેચની શરૂઆત કરનાર સૌથી વૃદ્ધ આઉટફિલ્ડ ખેલાડી બન્યો. રોનાલ્ડો ટુર્નામેન્ટમાં રમનારા બીજા સૌથી વૃદ્ધ ખેલાડી બન્યો છે.

તેમની આગળ કેમરૂનના રોજર હતા, જે 1994માં 42 વર્ષ અને 39 દિવસની ઉંમરે રશિયા સામે ઉતર્યા હતા. કોંગોએ ફટકાર્યો પ્રથમ વર્લ્ડ કપ ગોલ આ કોંગોના ઈતિહાસનો પ્રથમ વર્લ્ડ કપ ગોલ હતો. આ પહેલા ટીમે 1974માં ઝાયર નામથી વર્લ્ડ કપ રમ્યો હતો, પરંતુ ત્યારે કોઈ ગોલ કરી શકી ન હતી. ગોલ પછી વિસાએ કહ્યું, '52 વર્ષ પછી અમે ફરી વર્લ્ડ કપમાં પાછા ફર્યા છીએ. આ ગોલ મારા, મારા પરિવાર અને સમગ્ર કોંગો માટે ખૂબ જ ખાસ છે.' પોર્ટુગલના કેપ્ટન ક્રિસ્ટિયાનો રોનાલ્ડો આખી મેચમાં ગોલની શોધમાં રહ્યો, પરંતુ સફળતા મળી નહીં. તેણે 68મી અને 73મી મિનિટમાં બે સારી તકો ગુમાવી દીધી.

બંને વખત તેમનો શોટ ગોલપોસ્ટની જમણી બાજુથી નીકળી ગયો. 90મી મિનિટમાં બ્રુનો ફર્નાન્ડિસ પાસે પણ વિજયી ગોલ કરવાની તક હતી, પરંતુ તેનો પ્રયાસ પણ લક્ષ્યથી ચૂકી ગયો.

પોર્ટુગલે બીજા હાફમાં એકવાર ફરી બોલને જાળમાં પહોંચાડ્યો હતો. 55મી મિનિટે જોઆઓ કેન્સેલોએ શાનદાર બાયસિકલ કિકથી ગોલ કર્યો, પરંતુ VAR તપાસમાં તેમને ઓફસાઈડ જાહેર કરવામાં આવ્યા. બીજી તરફ કોંગો પણ જીતની નજીક પહોંચ્યો હતો, પરંતુ સેડ્રિક બાકામ્બુનો શૉટ પોસ્ટ સાથે અથડાઈને બહાર જતો રહ્યો.



### સોનું પણ 1829 રૂપિયા તૂટ્યું, રોકાણકારો નિરાશ

# ચાંદીની કિંમતમાં એકઝાટકે 6300થી વધુનો કડાકો

મુંબઈ

આજે કોમોડિટી માર્કેટમાં રોકાણકારો માટે એક ચિંતાજનક દિવસ રહ્યો છે, જેમાં કિંમતી ધાતુઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બજાર ખુલતાની સાથે જ સોના અને ચાંદી બંનેમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેને કારણે રોકાણકારોને મોટો ફટકો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર પર સત્તાવાર રીતે હસ્તાક્ષર પણ થઈ ગયા છે તેમ છતાં આજે સોના-ચાંદીની કિંમતો ઘટી છે. ગઈકાલે અમેરિકન શેરમાર્કેટમાં મોટો કડાકો નોંધાયો હતો અને આવનારી ફેડ રેટની માહિતીને કારણે પણ રોકાણકારો સાવચેત થઈ ગયા છે. સોનાના ભાવમાં મોટો ઘટાડો




સોનાના ભાવમાં આજે 1829 રૂપિયાનો મોટો કડાકો બોલાયો છે. સોનાનો ગત દિવસનો બંધ ભાવ (Prev. Close) 1,53,879 રૂપિયા હતો, જેની સામે આજે બજાર 1,52,306 રૂપિયાના ઓપન ભાવે ખુલ્યું હતું. ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. ચાંદીમાં કુલ 6307 રૂપિયાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. ચાંદીનો ગત દિવસનો બંધ ભાવ 2,51,807 રૂપિયા હતો, જેની સામે આજે બજાર 2,48,000 રૂપિયાના ઓપન ભાવે ખુલ્યું હતું. આ અચાનક આવેલા ઘટાડાને કારણે બજારમાં રોકાણકારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. નિષ્ણાતોના મતે માર્કેટમાં હાલના વોલેટિલિટીના કારણે આ ઘટાડો જોવા મળ્યો છે. હવે આગામી દિવસોમાં ભાવ સ્થિર થશે કે વધુ ઘટશે તે જોવું રહ્યું. આજે કોમોડિટી માર્કેટમાં રોકાણકારો માટે એક ચિંતાજનક દિવસ રહ્યો છે, જેમાં કિંમતી ધાતુઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બજાર ખુલતાની સાથે જ સોના અને ચાંદી બંનેમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેને કારણે રોકાણકારોને મોટો ફટકો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર પર સત્તાવાર રીતે હસ્તાક્ષર પણ થઈ ગયા છે તેમ છતાં આજે સોના-ચાંદીની કિંમતો ઘટી છે.

### કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ 3.31 ટકા વધીને 98.07 કરોડ ડોલર (રૂ.9378.53 કરોડ) થઈ

# જેમ્સ-જ્વેલરીની નિકાસ માં 2.49 ટકા ઘટીને 205 કરોડ ડોલર

### જીજેઈપીસીના ડેટા અનુસાર, ગત વર્ષે આ જ સમયગાળામાં નિકાસ 210 કરોડ ડોલરની (રૂ.17,896.16 કરોડ)ની થઈ હતી. મે મહિનામાં સોનાની કુલ નિકાસ 14.75 ટકા ઘટીને 75.84 કરોડ ડોલર (રૂ.7247.76 કરોડ) થઈ છે

મુંબઈ

ભારતની જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસો મ મહિનામાં ૨.૪૯ ટકા ઘટીને ૨૦૪.૭૮ કરોડ ડોલર (૧૯,૫૭૩.૯૬ કરોડ)ની થઈ હોવાનું જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી) દ્વારા રજૂ કરાયેલા આંકડામાં જણાવાયું છે. જીજેઈપીસીના ડેટા અનુસાર, ગત વર્ષે આ જ સમયગાળામાં નિકાસ ૨૧૦ કરોડ ડોલરની (રૂ.૧૭,૮૯૬.૧૬ કરોડ) ની થઈ હતી. મે મહિનામાં સોનાની કુલ નિકાસ ૧૪.૭૫ ટકા ઘટીને ૭૫.૮૪ કરોડ ડોલર (રૂ.૭૨૪૭.૭૬ કરોડ) થઈ છે, જે ગયા વર્ષે આ જ સમયગાળામાં ૮૮.૯૬ કરોડ ડોલર (રૂ.૭૫૮૨.૦૭ કરોડ) થઈ હતી. આ ઘટાડો મુખ્યત્વે પ્લેન ગોલ્ડ જ્વેલરની નિકાસમાં તીવ્ર ઘટાડાને કારણે થયો હતો. જે મે મહિનામાં ૧૪.૭૫ ટકા ઘટીને ૭૫.૮૪ કરોડ ડોલરની થઈ હતી, એમ જીજેઈપીસીના એક નિવેદનમાં જણાવાયું હતું. જીજેઈપીસીના ચેરમેન કિરીટ ભણશાલીએ જણાવ્યું હતું કે, જો કે સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસો ૧.૭૯ ટકા વધીને ૪૬.૩૫ કરોડ ડોલર (રૂ.૪૪૨૯.૫૬ કરોડ) થઈ છે. જે પાછલા વર્ષના સમયગાળાના




૪૭.૨૦ કરોડ ડોલર (રૂ.૪૦૨૪.૨૩ કરોડ) થઈ હતી. આ વૃદ્ધિ ભારતના મુક્ત વેપાર કરારો (એફટીએ)ની સકારાત્મક અસરને પ્રતિબિંબિત કરે છે. જે બજારની પહોંચમાં વધારો કરી રહ્યા ચે અને મુખ્ય બજારોમાં ભારતીય જ્વેલરી નિકાસની સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવી રહ્યા છે. જીજેઈપીસીએ આ મુદ્દો સરકાર સમક્ષ ઉઠાવ્યો છે અને સકારાત્મક ઉકેલની આશા છે.નિકાસ ઉત્પાદન માટે સોનાના વપરાશમાં આ અસર સ્પષ્ટ છે, જે એપ્રિલ-મે ૨૦૨૬ દરમિયાન ઘટીને અંદાજીત ૧૧ ટન થઈ ગયો હતો, જે ગત વર્ષના સમાનગાળામાં અંદજીત ૧૪ ટન હતો, જે લગભગ ૨૧.૪ ટકાનો ઘટાડો દર્શાવે છે. કેટલાક નિયમનકારી અવરોધોને કારણે બેંકોમાંતી સોનાની ઉપલબ્ધતા પર અસર પડી છે, જેના કારણે નિકાસકારો માટે વધારાના પડકારો ઊભા થયા છે. સોનાના ભાવમાં તીવ્ર વધારાને કારણે આ મુદ્દાઓ વધુ જટિલ બન્યા છે. એપ્રિલ-મે ૨૦૨૬ દરમિયાન સોનાનો સરેરાશ ભાવ એપ્રિલ-મે ૨૦૨૫ના ૩૨૪૨.૪૮ પ્રતિ ટ્રોય ઔંસથી વધીને ૪૭૨૩.૮૮ પ્રતિ ટ્રોય ઔંસ થયો, જે વાર્ષિક ધોરણે ૪૫.૬૯ ટકાનો વધારો દર્શાવે છે, એમ તેમણે કહ્યું હતું. દરમિયાન મે મહિનામાં કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ ૩.૩૧ ટકા વધીને ૯૮.૦૭ કરોડ ડોલર (રૂ.૯૩૭૮.૫૩ કરોડ) થઈ છે, જે ગયા વર્ષના સમાનગાળામાં ૯૪.૯૩ કરોડ ડોલર (રૂ.૮૦૮૬.૪૮ કરોડ) થઈ હતી. મે મહિનામાં પોલિશ્ડ લેબગ્રોન ડાયમંડની નિકાસ ૨૫.૯૯ ટકા વધીને ૧૦.૧૫ કરોડ ડોલર (રૂ.૯૭૦.૨૭ કરોડ) થઈ, જે ૨૦૨૫ના સમાન મહિનામાં ૮.૦૫ કરોડ ડોલર (રૂ.૬૮૬.૮૪ કરોડ) થઈ હતી. મે મહિનામાં ચાંદીના ઝવેરાતની નિકાસ ૧૪.૭૩ ટકા વધીને ૯.૭૩ કરોડ ડોલર (રૂ.૯૨૮.૦૨ કરોડ) થઈ હતી.

### Amazonથી નીચે સરકી મસ્કની કંપની SpaceX

# ટ્રિલિયોનેર બન્યા બાદ ઈલોન મસ્કને પ્રથમ ઝટકો, 24 કલાકમાં 53,298 કરોડ સ્વાહા થયા

મુંબઈ

ટ્રિલિયોનેર બન્યા બાદ ઈલોન મસ્કને પ્રથમ ઝટકો લાગ્યો છે. ઈલોન મસ્કની કંપની SpaceXના શેરોમાં રેકોર્ડ IPO બાદ પહેલી વાર ઘટાડો નોંધાયો છે. બુધવારે શેર લગભગ 5% તૂટી ગયા, જેનાથી સતત ત્રણ દિવસોથી ચાલી રહેલી લગભગ 50%ની તેજી પર વિરામ લાગ્યો છે. તેનાથી ઈલોન મસ્કને એક જ દિવસમાં 56.4 અબજ ડૉલર એટલે કે, 53,298 કરોડનો ઝટકો લાગ્યો છે. મસ્કના નેટવર્થમાં આવેલો આ ઘટાડો ભારતના અનેક અબજોપતિઓના જીવનભરની કમાણી બરાબર છે. જોકે, ઈલોન મસ્ક પાસે હજુ પણ 1.26 ટ્રિલિયન ડૉલરની સંપત્તિ છે. આ વર્ષે મસ્કના નેટવર્થમાં 640 અબજ ડૉલરનો ઉછાળો નોંધાયો છે. એક અહેવાલ પ્રમાણે Nasdaq પર ટ્રેડિંગ દરમિયાન SpaceXના શેર શરૂઆતમાં 6% વધ્યા હતા, પરંતુ બાદમાં વેચવાલી હાવી થઈ ગઈ



અને શેર લાલ નિશાનમાં બંધ થયા. આ ઘટાડા છતાં સ્પેસએક્સનું માર્કેટ કેપ લગભગ 2.5 ટ્રિલિયન ડૉલર છે. જોકે, કંપની વેલ્યુએશનના મામલે ફરીથી એમેઝોનથી નીચે સરકી ગઈ છે અને વિશ્વની છઠ્ઠી સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ. આમ છતાં શેર હજુ પણ પોતાના 135 ડૉલરના IPO કિંમત કરતાં 42%થી વધુ ટ્રેડ કરી રહ્યા છે. આખરે કેમ આવ્યો ઘટાડો? વિશ્લેષકોનું માનવું છે કે આ ઘટાડો મુખ્યત્વે પ્રોફિટ-બુકિંગ અને દબાણને કારણે આવ્યો છે. અમેરિકન કેન્દ્રીય બૅન્ક ફેડરલ રિઝર્વે વ્યાજ દર તો સ્થિર રાખ્યા છે, પરંતુ આ વર્ષના અંત સુધીમાં સંભવિત રેટ હાઈકના સંકેત આપ્યા છે. ત્યારબાદ અમેરિકન શેર બજારમાં વેચવાલી વધી ગઈ. S&P 500માં 1.2%નો ઘટાડો Nasdaq 100 માં 1% ઘટાડા ઉપરાંત બોન્ડ યીલ્ડ અને ડૉલર બંને મજબૂત થયા. આની અસર SpaceX જેવા હાઈ-વેલ્યુએશન ટેક શેરો પર પણ પડી. SpaceXના કુલ શેરમાંથી માત્ર 4.2% જ બજારમાં ટ્રેડિંગ માટે ઉપલબ્ધ છે. ઓછા ફ્રી ફ્લોટના કારણે શેરમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે આગામી મહિનાઓમાં જ્યારે લોક-ઈન પિરિયડ પૂરો થશે અને અંદર રોકાણકારો શેર વેચી શકશે.

# સેન્સેક્સ 254 પોઈન્ટ વધીને 77,410 પર બંધ

- સ્થાનિક શેરબજારમાં મજબૂતી જોવા મળી હતી, જેનું મુખ્ય કારણ રિયલ્ટી, બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રના શેરોમાં વધારો હતો

મુંબઈ

ગુરુવારે સ્થાનિક શેરબજારમાં મજબૂતી જોવા મળી હતી, જેનું મુખ્ય કારણ રિયલ્ટી, બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રના શેરોમાં વધારો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. બપોરે 1:00 વાગ્યાની આસપાસ, નિફ્ટી50 37.65 પોઈન્ટ અથવા 0.16 ટકા વધીને 24,123.35 પર બંધ રહ્યો હતો, જ્યારે સેન્સેક્સ 162.18 પોઈન્ટ અથવા 0.21 ટકા વધીને 77,317.80 પર પહોંચ્યો હતો. સેન્સેક્સ તેજી સાથે બંધ પોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ અને નિફ્ટી બંને તેજી સાથે બંધ થયા. સેન્સેક્સ 254.36 પોઈન્ટના વધારા સાથે 77,409 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી +82.30 પોઈન્ટના વધારા સાથે 24,168 અંકે બંધ થયો. શેરબજારમાં તેજી ઈન્ફોસિસ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ અને અલ્ટ્રાટેક સિમેન્ટ નિફ્ટી50 ઈન્ડેક્સમાં ટોચના ઘટાડામાં સામેલ હતા. વ્યાપક બજારમાં, નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.21 ટકા વધ્યો, અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 0.55 ટકા વધ્યો.ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી આઈટીમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો. તેનાથી વિપરીત, નિફ્ટી પીએસયુ બેંક, નિફ્ટી મેટલ અને નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સે સારું પ્રદર્શન કર્યું અને બજારને ટેકો આપ્યો. શેરબજારમાં નોંધપાત્ર મૂંઝવણ અમેરિકામાંથી આવતા સારા અને ખરાબ બંને સમાચારોને આભારી છે. યુએસ ફેડરલ રિઝર્વ (યુએસ ફેડ) એ તેના બેન્ચમાર્ક વ્યાજ દરોને યથાવત રાખ્યા છે, તેમને 3.50% થી 3.75% ની રેન્જમાં જાળવી રાખ્યા છે. આ નિર્ણય નવા ફેડ અધ્યક્ષ કેવિન વોર્શની અધ્યક્ષતામાં મળેલી પહેલી બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો, જેમણે કોઈ નીતિગત છૂટછાટની ઓફર કરી ન હતી.

# બુદ્ધિનું પ્રદર્શન કે ભ્રષ્ટાચારની ચરમસીમા? અમદાવાદમાં ગેરકાયદે બાંધકામમાં વીજપોલ (થાંભલો) પણ ચણી લીધો!



- **AMC ના એસ્ટેટ વિભાગની મીંચામણાં: કાં તો બુદ્ધિનું દેવાળું, કાં તો 'મોટી માયા'!**
- **એન્જિનિયરિંગની ઐતિહાસિક મજાક: જોખમની કોઈ સીમા જ નથી!**

અમદાવાદ

અમદાવાદ સ્માર્ટ સિટીમાં ક્યારે શું જોવા મળી જાય તે નક્કી નથી, પણ આ વખતે જે સામે આવ્યું છે તે જોઈને તમે માથું પકડી લેશો! શહેરમાં ગેરકાયદે બાંધકામ કરનારા તત્વોને હવે કાયદાનો કે તંત્રનો કોઈ ડર રહ્યો નથી, તે સાબિત કરતો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બિલ્ડરે નવું બાંધકામ કરતી વખતે રસ્તા પરના સરકારી વીજપોલ (ઈલેક્ટ્રિક થાંભલા) ને ખસેડવાની કે પરવાનગી લેવાની તકલીફ પણ ન લીધી, અને બિલ્ડિંગના ધાબા (સ્લેબ) ની અંદર જ આખો વીજપોલ ચણી નાખ્યો! સોશિયલ મીડિયા પર આ અજાયબ બાંધકામનો વીડિયો વાયરલ થતાં જ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની પોલ ઉઘાડી પડી ગઈ છે. આ ઘટના એ વાતની સાબિતી છે કે અમદાવાદમાં ગેરકાયદે બાંધકામ કરનારાઓ કેટલા બેફામ બન્યા છે. હજુ સુધી આ બાંધકામ કોનું છે તે સત્તાવાર રીતે જાહેર નથી કરાયું, પણ જે રીતે સ્લેબની વચ્ચેથી વીજળીનો હાઈ-વોલ્ટેજ થાંભલો પસાર થઈ રહ્યો છે, તે ગમે ત્યારે મોટી હોનારતને આમંત્રણ આપી શકે છે. અજાયબી: રસ્તા પરનો સરકારી થાંભલો હવે બિલ્ડિંગની અંદર 'ફિટ' થઈ ગયો છે. જોખમ: ચોમાસામાં કે શોર્ટ સર્કિટના સમયે આખી ઈમારતમાં કરંટ ઉતરવાનો મોટો ખતરો.

તંત્રની બેદરકારી: બાંધકામ પૂરું થઈ ગયું, સ્લેબ ભરાઈ ગયો, પણ AMC ના અધિકારીઓ એસી ચેમ્બરમાંથી બહાર જ ન નીકળ્યા!

સૌથી મોટો સવાલ એ છે કે જ્યારે આ બાંધકામ થઈ રહ્યું હતું ત્યારે AMC ના જે-તે વોર્ડના ઈન્સ્પેક્ટરો શું ઊંઘતા હતા? કે પછી લાઈટના થાંભલાની જેમ અધિકારીઓની આંખો પર પણ 'ગાંધીછાપ' પટ્ટીઓ બાંધી દેવામાં આવી હતી?

'આને બુદ્ધિનું દેવાળું કહેવું કે ગેરકાયદે બાંધકામની દાદાગીરી? સરકારી પ્રોપર્ટી પર આ રીતે ગેરકાયદે કબજો કરીને આખું ધાબું ભરી દેવાય ત્યાં સુધી તંત્રને ખબર ન પડે, તે વાત ગળે ઉતરે તેવી નથી!'

'પાક્કો ગુજરાત' ના તીખા સવાલો: કમિશનર સાહેબ, આ અજાયબી પર હથોડો ક્યારે ચાલશે?

આ અદ્ભુત 'એન્જિનિયરિંગ' કરનાર બિલ્ડર કોણ છે અને તેની સામે હજી સુધી લેન્ડ ગ્રેબિંગ કે ફોજદારી ગુનો કેમ દાખલ નથી થયો?

આ વિસ્તારના કયા કયા અધિકારીઓએ હપ્તાખોરીના ચક્કરમાં આંખો આડા કાન કર્યા છે, તેની તપાસ થશે ખરી?

શું આ ગેરકાયદે સ્લેબને તાત્કાલિક તોડી પાડીને વીજપોલ મુક્ત કરવામાં આવશે, કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવાશે?

### શારદાબેન હોસ્પિટલમાં ડિલિવરી માટે આવેલી મહિલાનું મોત

# 'ડોક્ટર ફોન પર સ્ટાફને નિર્દેશ આપતા રહ્યા' - તબીબી બેદરકારીના ગંભીર આક્ષેપ સાથે પરિવારે કરી PMની માંગ

ભગવાન ગણાતા ડોક્ટરોની આવી લાપરવાહી? પરિવારે લગાવ્યા સનસનાટીપૂર્ણ આક્ષેપ : સરકારી હોસ્પિટલો ગરીબો માટે કતલખાના સમાન કેમ બની રહી છે.....?

અમદાવાદ

શહેરના સરસપુર વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શારદાબેન હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. હોસ્પિટલમાં ડિલિવરી (પ્રસૂતિ) માટે આવેલી એક ગર્ભવતી મહિલાનું શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતાં ભારે હોબાળો મચી ગયો છે. મૃતક મહિલાના પરિવારજનોએ હોસ્પિટલના ડોક્ટરો અને સ્ટાફ પર તબીબી બેદરકારી (મેડિકલ નેગ્લિજન્સ) ના અત્યંત ગંભીર આક્ષેપો લગાવ્યા છે. પીડિત પરિવારનો દાવો છે કે જ્યારે દર્દીની હાલત અત્યંત ગંભીર હતી, ત્યારે મુખ્ય ડોક્ટર હાજર રહેવાને બદલે ફોન પર બેસીને સ્ટાફને સૂચનાઓ આપી રહ્યા હતા. આ મામલે પરિવારે ન્યાય માટે હોસ્પિટલના પટાંગણમાં આક્રોશ વ્યક્ત કરી મૃતદેહનું પેનલ પીએમ (પોસ્ટમોર્ટમ) કરાવવાની માંગ કરી છે.

મળતી વિગતો અનુસાર, સરસપુરની શારદાબેન હોસ્પિટલમાં મહિલાને સુવાવડ માટે એડમિટ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન અચાનક જ મહિલાનું મોત થઈ જતાં ખુશીનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો હતો. ફોન પર ટ્રીટમેન્ટનો આક્ષેપ: પરિવારજનોએ મીડિયા સમક્ષ ચોંકાવનારો આક્ષેપ કર્યો છે કે, 'જ્યારે અમારી દર્દી જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતી હતી, ત્યારે જવાબદાર ડોક્ટર વોર્ડમાં હાજર નહોતા. તેઓ ફોન પર જ સ્ટાફને આ દવા આપો ને પેલું ઈન્જેક્શન આપો તેવા નિર્દેશો આપી રહ્યા હતા!' ન્યાયની ગુહાર: પરિવારે આક્ષેપ કર્યો છે કે હોસ્પિટલ તંત્ર પોતાની ભૂલ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવા માટે પેનલ ડોક્ટરો પાસે જ પીએમ થવું જોઈએ.




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) કરોડો રૂપિયાનું બજેટ આરોગ્ય પાછળ વાપરે છે, પરંતુ શારદાબેન હોસ્પિટલમાંથી અવારનવાર આવી લાપરવાહીની ફરિયાદો સામે આવતી રહે છે.


'કોઈપણ ગરીબ કે મધ્યમવર્ગનો પરિવાર સરકારી હોસ્પિટલમાં અપેક્ષા સાથે આવે છે કે ત્યાં તેમના સ્વજનને નવું જીવન મળશે. પરંતુ જો ડોક્ટરો જ હાજર ન રહે અને ફોન પર સારવારના ઓર્ડર છૂટતા હોય, તો સામાન્ય જનતાનો કાયદા અને તબીબો પરથી વિશ્વાસ ઉઠી જશે!'

# યુ.કે વર્ક પરમિટના નામે લાખોની ઠગાઇ : ગઠિયાએ 34.39 લાખ પડાવ્યા

લાંબા સમય બાદ ધવલે સ્પોન્સરશિપ લેટરમાં ભૂલ હોવાનું કહીને બહાનું આપ્યું હતું

અમદાવાદ

ગાંધીનગરમાં રહેતા મહિલા પ્રોફેસર અને તેમના મિત્રને યુ.કે વર્ક પરમિટ વિઝા પર જવાનું હતું. જે માટે યુ.કે બેઠેલા એક વ્યક્તિનો સંપર્ક કર્યો હતો. જેણે વર્ક પરમિટ અપાવવાનું કહીને 50 લાખના ખર્ચનું કહ્યું હતું. પ્રોસેસના નામે ગઠિયાએ યુ.કે.થી 35 લાખથી વધુ પડાવ્યા હતા. જેમાંથી માત્ર 62 હજાર પરત આપીને 34.39 લાખની ઠગાઈ કરતા સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગાંધીનગરમાં રહેતા નીભા ઠાકોર સરકારી કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. નિભાબેન અને તેમના મિત્ર રોઝ સચિનને વર્ક પરમિટ પર વિદેશ જવું હતું. જેથી તેમને તેમના પરિચિત દ્વારા ધવલ ગડાની જે યુ.કે. માં વારાહી ગ્રુપ ચલાવે છે તેનો સંપર્ક કરાવ્યો હતો. ધવલે બે વ્યક્તિના વર્ક પરમિટ વિઝા માટે 50 લાખનો ખર્ચ થશે તેવું જણાવ્યું હતું. જે બાદ




પ્રોફાઈલ રિવ્યૂ માટે 2.50 લાખ રૂપિયા માંગ્યા હતા જે બંનેએ આપ્યા હતા.

ત્યારબાદ અલગ અલગ ખર્ચના નામે 35 લાખ લીધા હતા. પૈસા લીધા બાદ વિઝા માટે કોઈ જવાબ મળતો ન હતો. લાંબા સમય બાદ ધવલે સ્પોન્સરશિપ લેટરમાં ભૂલ હોવાનું કહીને બહાનું આપ્યું હતું. વિઝા ન થતા ધવલે 29 લાખ પરત આપવાનું કહ્યું હતું પરંતુ પૈસા પરત આપ્યા નહોતા. ધવલે ટુકડે ટુકડે 62 હજાર પરત આપ્યા જ્યારે બાકીના 34.39 લાખ પરત ન આપીને ઠગાઈ કરતા નિભાબેને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# કોટેશ્વર ટ્રસ્ટનો મોટો ખેલ : 8,000 કરોડની સરકારી જમીન માત્ર રૂપિયા 3.75 કરોડમાં ખાનગી ખિસ્સામાં?

સૌથી મોટો સવાલ એ ઉભો થાય છે કે, નદીની કિંમતી જમીન જે સામાન્ય સંજોગોમાં કોઇને આપી શકાતી નથી, તે આટલી સસ્તી કિંમતે ખાનગી ટ્રસ્ટના નામે કેવી રીતે થઇ ગઇ?

અમદાવાદ

અમદાવાદની શાન ગણાતા સાબરમતી રિવરફ્રન્ટના કિનારે અબજો રૂપિયાની સરકારી જમીન સગેવગે કરવાનું એક સનસનાટીપૂર્ણ કૌભાંડ સપાટી પર આવ્યું છે. સોનાના ટુકડા જેવી કિંમતી જમીન કઈ રીતે કાયદાના લીરેલીરા ઉડાવીને ખાનગી આકાઓના હવાલે કરી દેવામાં આવી, તેનો આંચકાજનક ખુલાસો થયો છે. અંદાજે ૮,૦૦૦ કરોડની બજાર કિંમત ધરાવતી નદીની સરકારી જમીન માત્ર ૩.૭૫ કરોડ જેવી નજીવી કિંમતે ખાનગી ખિસ્સામાં પધરાવી દેવાનો આ ખતરનાક ખેલ કોટેશ્વર ટ્રસ્ટ દ્વારા ખેલાયો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

આ આખું પ્રકરણ ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું જમીન કૌભાંડ



હોવાની આશંકા સેવાઈ રહી છે. સરકારી ચોપડે અને બજારમાં જે જમીનની કિંમત આસમાને છે, તેને કૌભાંડીઓએ કઈ રીતે ગળી જવાનો પ્લાન બનાવ્યો તે સમજો: જમીનની અસલી બજાર કિંમત: અંદાજે ૮,૦૦૦ કરોડ, ચૂકવવામાં આવેલી રકમ: માત્ર ૩.૭૫ કરોડ, મુખ્ય લાભાર્થી: કોટેશ્વર ટ્રસ્ટ અને પડદા પાછળના આકાઓ, નુકસાન: સરકારી તિજોરીને અબજો રૂપિયાનો ફટકો

સૌથી મોટો સવાલ એ ઉભો થાય છે કે, નદીની કિંમતી જમીન જે સામાન્ય સંજોગોમાં કોઈને આપી શકાતી નથી, તે આટલી સસ્તી કિંમતે ખાનગી ટ્રસ્ટના નામે કેવી રીતે થઈ ગઈ?

'શું આ ખેલ માત્ર એક ટ્રસ્ટનો છે, કે પછી ગાંધીનગરના એસી ચેમ્બરોમાં બેસતા મોટા માથાઓ અને ભ્રષ્ટ અધિકારીઓએ ભેગા મળીને આ આખી સ્ક્રિપ્ટ લખી છે? કોના ઈશારે અબજોની જમીન કોડીના ભાવે પધરાવી દેવાઈ?'

જમીનની ફાળવણી અને તેના દસ્તાવેજોમાં જે રીતે છીંડા છોડવામાં આવ્યા છે તે જોતાં સ્પષ્ટ થાય છે કે, આમાં બહુ મોટું પદ્ધતિસરનું નેટવર્ક કામ કરી રહ્યું હતું. સરકારી તંત્ર કાં તો ઘોર નિંદ્રામાં હતું અથવા 'મોટી માયા'ના પ્રભાવ હેઠળ આંખો મીંચીને બેઠું હતું.

'પાક્કો ગુજરાત' ના તીખા સવાલો: જવાબ આપવો જ પડશે!

૮,૦૦૦ કરોડની જમીન માત્ર ૩.૭૫ કરોડમાં આપવાની મંજૂરી કયા અધિકારીએ આપી?

શું આ જમીન કૌભાંડીઓ પાસેથી પાછી મેળવીને તેની પર કડક કાયદાકીય કાર્યવાહી કરાશે?

શું સત્તાધીશો આ મહાકૌભાંડની તપાસ કોઈ સ્વતંત્ર એજન્સી કે હાઈકોર્ટના સીટીંગ જજ પાસે કરાવવાની હિંમત બતાવશે?

### ફાયર સેફ્ટી મામલે AMCની લાલ આંખ

# અમદાવાદમાં નિયમોનું ઉલ્લંઘન કરતી 6 નામાંકિત હોટલો કરાઇ સીલ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગે કડક કાર્યવાહીના શ્રીગણેશ કર્યા છે. શહેરમાં નાગરિકોની સુરક્ષા સાથે ચેડાં કરતી અને ફાયર સેફ્ટીની ગંભીર ખામીઓ ધરાવતી ૬ જેટલી હોટલો સામે તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરીને તેમને સત્તાવાર રીતે સીલ કરી દેવામાં આવી છે.

ફાયર વિભાગ દ્વારા આ હોટલોને પૂર્વે જ નોટિસ ફટકારીને ફાયર સેફ્ટીના સાધનો અને નિયમોમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે પૂરતી સૂચનાઓ આપવામાં આવી હતી. આમ છતાં, હોટલ સંચાલકો દ્વારા તંત્રની સૂચનાઓને ઘોળીને પી જવામાં આવી હતી અને કોઈ પણ પ્રકારના સુધારા કરવામાં આવ્યા ન હતા. પરિણામે નાગરિકોના જીવને જોખમમાં મૂકતી આ ૬ હોટલો વિરુદ્ધ ફાયર વિભાગે સીલિંગની કડક કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહી અંગે વાત કરતા AMCના અધિકારીઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે, નાગરિકોની જાનમાલની સુરક્ષા એ તંત્ર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તેમાં કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં.

ફાયર વિભાગ દ્વારા શહેરની તમામ હોટલો, મોલ, વ્યાવસાયિક સંકુલો (કોમર્શિયલ કોમ્પ્લેક્સ) અને જાહેર ઉપયોગની તમામ ઈમારતોના માલિકોને ફાયર સેફ્ટીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને ફાયર એન.ઓ.સી. (NOC) અપડેટ રાખવા માટે કડક અનુરોધ કરવામાં આવ્યો છે.

જો આગામી દિવસોમાં અન્ય સંકુલોમાં પણ બેદરકારી જણાશે, તો તેમની સામે પણ આવી જ આકરી કાર્યવાહી કરવામાં આવશે.


### અમદાવાદમાં ખાણી-પીણીની નામી કંપનીની મોટી બેદરકારી

# ચાણક્યપુરીમાં 'બાલાજી વેફર્સ'ના પેકેટમાંથી નીકળી માટી અને કચરો : ગ્રાહકના સ્વાસ્થ્ય સાથે થયા ચેડાં..

આવી નામી કંપનીની પ્રોડક્ટમાંથી જો આવો કચરો નીકળે, તો સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્યનું શું?

અમદાવાદ

ગુજરાતભરમાં સ્વાદપ્રિય લોકોની પહેલી પસંદ ગણાતી અને ઘરે-ઘરે ખવાતી પ્રસિદ્ધ 'બાલાજી વેફર્સ' કંપનીની પ્રોડક્ટમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદના પોશ ગણાતા ચાણક્યપુરી વિસ્તારમાં એક જાગૃત ગ્રાહકે ખરીદેલા વેફર્સના પેકેટમાંથી બટાકાની વેફર્સને બદલે માટી અને કચરો નીકળ્યો હોવાનો ગંભીર આક્ષેપ લગાવવામાં આવ્યો છે. કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી અને બ્રાન્ડ વેલ્યુનો દાવો કરતી આવી નામી કંપનીની પ્રોડક્ટમાંથી જો આવો કચરો નીકળે, તો સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્યનું શું? તેવા સણસણતા સવાલો હવે ઊભા થયા છે. મળતી માહિતી મુજબ, ચાણક્યપુરી વિસ્તારમાં રહેતા એક સ્થાનિક રહીશે નજીકની દુકાનેથી નિયમિત પ્રમાણે બાલાજી વેફર્સનું પેકેટ ખરીદ્યું



હતું. ઘરે આવીને જ્યારે તેમણે બાળકો માટે આ પેકેટ ખોલ્યું ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને તેમના હોશ ઊડી ગયા હતા. પેકેટની અંદર વેફર્સની સાથે કાળા કલરના માટીના ગઠ્ઠા અને અખાદ્ય કચરો સ્પષ્ટપણે જોવા મળી રહ્યો હતો. જો ગ્રાહકે ધ્યાન ન આપ્યું હોત અને બાળકોએ આ ખાઈ લીધું હોત, તો મોટી ફૂડ પોઈઝનિંગની ઘટના બની શકી હોત. ગ્રાહકે તાત્કાલિક આ દ્રશ્યો કેમેરામાં કેદ કર્યા હતા.

બાલાજી વેફર્સ માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાં એક મોટું નામ છે. કંપની દરરોજ લાખો પેકેટનું વેચાણ કરે છે અને ઓટોમેટિક પ્લાન્ટમાં હાઈજીન (સ્વચ્છતા) જાળવવાનો દાવો કરે છે.

પરંતુ અમદાવાદની આ ઘટનાએ કંપનીના ક્વોલિટી કંટ્રોલ અને પેકિંગ સિસ્ટમની પોલ ખોલી નાખી છે. પેકિંગ દરમિયાન વેફર્સમાં માટી અને કચરો ક્યાંથી આવ્યો? શું બટાકા બરાબર સાફ કરવામાં આવ્યા નહોતા? કે પછી મેન્યુફેક્ચરિંગ પ્રોસેસમાં જ કોઈ મોટી ખામી છે? આવા અનેક સવાલો ગ્રાહકોના મનમાં ઘૂમરાઈ રહ્યા છે. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર ગ્રાહકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# નિકોલમાં RTO ચલણની ફાઇલ ડાઉનલોડ કરતા યુવક અને તેની પત્નીના ખાતામાંથી 10 લાખ ઉપડી ગયા

અમદાવાદ

અમદાવાદ શહેરના નિકોલમાં રહેતા યુવકના વોટ્સએપમાં એક RTO ચલણની APK ફાઈલ અજાણ્યા શખ્સે મોકલી હતી. જે ડાઉનલોડ કરતા યુવકના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્જેક્શનથી 10 લાખ ઉપડી ગયા હતા. યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં જાણ કરીને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

35 વર્ષીય યુવક લોખંડનો ધંધો કરે છે. યુવકના ફોનમાં ડિસેમ્બરમાં અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં RTO ચલણની ફાઈલ આવી હતી. જે ફાઈલ ડાઉનલોડ કરતા યુવકના ફોનમાં થોડીવારમાં બેન્કમાંથી પૈસા ટ્રાન્સફર થયાના મેસેજ આવ્યા હતા. યુવક મોબાઈલ સ્વીચ ઓફ કરીને બેંકમાં જતો રહ્યો હતો. યુવકને જાણ થઈ કે અજાણ્યા શખસે APK ફાઈલ ડાઉનલોડ કરાવી મોબાઈલનું એક્સેસ મેળવી લીધું હતું.

અજાણ્યા શખસે જ યુવકના આઈડી, પાસવર્ડ જાણીને તેના અને તેની પત્નીના બેંક એકાઉન્ટમાંથી 9.99 લાખ ઉપાડી લીધા છે.

યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં ઓનલાઈન ફરિયાદ કરી હતી જે બાદ યુવકે આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

# બગોદરા-બાવળા હાઈવે પર અકસ્માત : બંધ ટ્રક પાછળ પૂરપાટ ઝડપે ડમ્પર ઘૂસી જતાં એકનું મોત, બે લોકો ઇજાગ્રસ્ત

માહિતી અનુસાર, બગોદરા-બાવળા હાઇવે પરથી પસાર થઇ રહેલી એક ટ્રકમાં અચાનક પંચર પડતાં ચાલકે ટ્રકને રોડની સાઇડમાં ઊભી રાખી દીધી હતી, ટ્રકચાલક અને તેનો સાથીદાર બંધ ટ્રકનું ટાયર બદલી રહ્યા હતા

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના બગોદરા-બાવળા હાઈવે પર ગત મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર પંચર પડવાના કારણે બંધ પડેલી એક ટ્રક પાછળ પાછળથી આવી રહેલું ડમ્પર ધડાકાભેર ઘૂસી ગયું હતું. આ અકસ્માતમાં ઘટનાસ્થળે જ એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, બગોદરા-બાવળા હાઈવે પરથી પસાર થઈ રહેલી એક ટ્રકમાં અચાનક પંચર પડતાં ચાલકે ટ્રકને રોડની સાઈડમાં ઊભી રાખી દીધી હતી. ટ્રકચાલક અને તેનો સાથીદાર બંધ ટ્રકનું ટાયર બદલી રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ડમ્પરના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલું ડમ્પર સીધું જ બંધ પડેલી ટ્રકના



પાછળના ભાગે ધડાકાભેર અથડાયું હતું.

આ અકસ્માત એટલો ગંભીર હતો કે બંધ ટ્રક પાસે ઊભેલી એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થવાના કારણે મોત નીપજ્યું હતું. જ્યારે બીજી તરફ, ટક્કર એટલી જોરદાર હતી કે ડમ્પરનો આગળનો ભાગ અને તેની કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો, જેમાં ડમ્પરચાલક અંદર જ બરાબરનો ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો અને માર્ગ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ફસાયેલા ડમ્પરચાલકને ભારે જહેમત અને મહામહેનતે કેબિન તોડીને બહાર કાઢવામાં આવ્યો હતો.

આ અકસ્માતમાં અન્ય એક ટ્રકચાલક અને અકસ્માત સર્જનાર ડમ્પરચાલક બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ 108ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને બંને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે તાત્કાલિક અમદાવાદની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI